CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : 33 ● અંક : ૨૮૯
તા.૨૮-૧૧-૨૦૧૭, મંગળવાર
સંવત ૨૦૭૪ માગસર સુદ - ૦૯
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૦૩ સૂર્યાસ્ત : ૦૫:૫૨

તાપમાન: ડીસા ૧૪.૪, અમદાવાદ ૧૨.૬, ગાંધીનગર ૧૧.૮ | વડોદરા ૧૫.૦, સુરત ૧૭.૮, નલિયા ૧૩.૮

ચાંદી : ૪૦,૭૦૦ સોનું : ૩૦,૪૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# ગુજરાતની પ્રજા કોંગ્રેસને નહિં સ્વીકારે : મોદી

### ગુજરાત અને ગુજરાતીઓ પ્રત્યે કોંગ્રેસનું વલણ હંમેશા ઉદાસીન : ભાજપનું બટન દબાવી કોંગ્રેસને વિદાય આપવા અપીલ

સુરત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ધારણા પ્રમાણે જ આજે ઝંઝાવતી ચૂંટણી પ્રચારની શરૂઆત કરી હતી. મોદીએ પ્રચંડ ચૂંટણી પ્રચાર કરીને આજે કોંગ્રેસ પાર્ટી ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. એક પછી એક રેલીઓ યોજી હતી. મોદીએ સૌથી પહેલા ભુજ, રાજકોટ, અમરેલી, કડોદરા (સુરત ગ્રામ્ય)માં ઝંઝાવતી પ્રચાર કરીને લોકોના મન જીતી લીધા હતા. મોદી આજે ચૂંટણી પ્રચારના ભાગરુપે છેલ્લે સુરતમાં કડોદરા છેલ્લે પહોંચ્યા હતા. મોદી ત્રણ વાગે પહોંચવાના હતા પરંતુ દોઢ કલાક મોડા પડ્યા હતા. અહીં મોદીએ ૧૬ બેઠકો માટે ભાજપ માટે મત માંગ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે, ભાજપ પ્રચંડ બહુમતિ સાથે જીત મેળવશે. મતદાનના દિવસે કમળના પ્રતિક ઉપર બટન

## ધાનેરામાં માવજીભાઈ દેસાઈએ હજારોની જનમેદનીના સમર્થન સાથે ફોર્મ ભર્યુ

**ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈને જીતાડવા તમામ સમાજ એકત્ર થયા : હું સ્થાનિક અને તમામ ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ છું : માવજીભાઈ દેસાઈ**


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા વિધાનસભા બેઠક માટે ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈએ હજારો કાર્યકરો અને સમર્થકોની જંગી જનમેદનીને સંબોધન બાદ ધાનેરા પ્રાંત કચેરી ખાતે વિજય મુહૂર્તમાં પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. તેમની સાથે વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ, ગુજરાત અને રાજસ્થાનના ભાજપના સાંસદો, ધારાસભ્યો તેમજ સ્થાનિક નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. માવજીભાઈએ પોતે સ્થાનિક ઉમેદવાર અને ધાનેરાની તમામ ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ હોવાનું જણાવતા

અનુસંધાન પાના નં.૬

### ધાનેરામાં ભાજપના કાર્યાલયનું ઉદ્ઘાટન કરાયું

ધાનેરા મતવિસ્તારના ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું બનાસ શીત કેન્દ્રની સામે, એપલ હોટલની બાજુમાં,ડીસા રોડ, ધાનેરા ખાતે બ્રહ્મ સમાજના અગ્રણી અને ધાનેરાના પૂર્વ ધારાસભ્ય મફતલાલ પુરોહિતના હસ્તે રિબીન કાપી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ધાનેરા અને દાંતીવાડા તાલુકાના કાર્યકરો તેમજ સર્વ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસનું આડકતરી રીતે સમર્થન...

## વડગામની બેઠક ઉપર દલિત નેતા જીજ્ઞેશ મેવાણીએ અપક્ષ ફોર્મ ભરતા રાજકારણ ગરમાયું

**ઉનાકાંડથી ચર્ચિત બનેલા મેવાણીનું કોંગ્રેસ કનેકશન સામે આવ્યું**


સુરેશ અગ્રવાલ



પ્રતિનિધિ છાપી

ગુજરાત વિધાનસભા ૨૦૧૭ ની ચૂંટણીના ફોર્મ ભરવાના છેલ્લા દિવસે વડગામ બેઠક ઉપર છેલ્લા એક વર્ષમાં દલિત નેતા તરીકે ઉભરી આવેલા જીજ્ઞેશ મેવાણીએ અપક્ષ ઉમેદવારી નોંધાવતા સમગ્ર ગુજરાત સહિત વડગામ તાલુકાના રાજકારણમાં ભારે ગરમી આવી ગઈ છે. જીજ્ઞેશ મેવાણીએ અપક્ષ ઉમેદવારી નોંધાવતા એ ગ્રેડની બેઠક ઉપર કોંગ્રેસ દ્વારા છેલ્લી ઘડીએ ઉમેદવાર જાહેર કરવા છતાં લેખિત મેન્ડેડ ન આપતા વડગામ કોંગ્રેસમાં રોષ જોવા મળે છે.

વડગામ બેઠકમાં સીટીંગ ધારાસભ્યની ટીકીટ જાહેર થવા છતાં તેઓને છેલ્લી ઘડીએ ઈડર વિધાનસભા બેઠક ઉપર મેન્ડેડ અપાતા વડગામના કાર્યકરોની હાલત કફોડી બની હતી. વડગામ બેઠક ઉપર ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ભાજપના ઉમેદવાર વિજય ચક્રવર્તીએ એક રેલીને સંબોધી મોટી સંખ્યામાં કાર્યકરો સાથે મામલતદાર કચેરીએ ફોર્મ ભર્યુ હતું. કોંગ્રેસના સંનિષ્ઠ કાર્યકર અશ્વિન પરમાર, બાલકૃષ્ણ જીરાલા સહિત કુલ ૨૭ ઉમેદવારોએ ચૂંટણીમાં ઝંપલાવ્યું હોવાનું જાણવા મળે છે. વડગામ બેઠક ઉપર જીજ્ઞેશ મેવાણીએ અપક્ષ ફોર્મ ભરતા વડગામ બેઠક ગુજરાતમાં 'હાઈ પ્રોફાઈલ' બેઠક બની ગઈ છે. જો કે વર્તમાન બેઠક ઉપર ભાજપ સહિત અશ્વિન પરમાર, જીજ્ઞેશ મેવાણી વચ્ચે ત્રિપાંખીયો જંગ ખેલાશે તેવું જણાઈ રહ્યું છે. જીજ્ઞેશ મેવાણી ચૂંટણીમાં ઝંપલાવતા વડગામ બેઠક ઉપર મુસ્લિમ સમાજ, દલિત સમાજના મતનું ભારે ધ્રુવીકરણ થશે. જેને લઈ આ બેઠક ઉપર ભાજપને ફાયદો થાય તેવું વિશ્લેષકો દ્વારા જાણવા મળી રહ્યું છે. જીજ્ઞેશ મેવાણીનું વડગામ બેઠક ઉપર અપક્ષ ઉમેદવારી નોંધાવવી તેમજ કોંગ્રેસ દ્વારા ઉમેદવાર ઉભો ન રાખવાના નિર્ણયથી આંદોલન કારી દલિત નેતા જીજ્ઞેશ મેવાણી અને કોંગ્રેસનું સીધુ કનેકશન હોવાનું સામે આવ્યું હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

### જીજ્ઞેશ મેવાણીનો વિરોધ

ઉનાકાંડથી ચર્ચિત બનેલા યુવાન દલિત નેતાએ અચાનક વડગામ બેઠક ઉપરથી અપક્ષ ઉમેદવારી નોંધાવતા વડગામમાં દલિત સમાજ સહિત વિવિધ સમાજ દ્વારા જીજ્ઞેશ 'પાછા જાઓ ના નારા' સાથે આયાતી ઉમેદવારનો ભારે વિરોધ કરાયો હતો.

### કોંગ્રેસના કાર્યકરો નારાજ

કોંગ્રેસનો ગઢ ગણાતી વડગામ બેઠક ઉપર પ્રદેશ કોંગ્રેસ દ્વારા છેલ્લા પાંચ દિવસથી સીટીંગ ધારાસભ્યને મેન્ડેડની 'લોલીપોપ' આપતા અને સોમવારે અચાનક દલિત નેતા જીજ્ઞેશ મેવાણીને આડકતરૂ સમર્થન આપતા વડગામ કોંગ્રેસના આગેવાનોમાં રોષ ભભુકી ઉઠ્યો હતો. જેથી હવે વડગામ બેઠક ઉપર ભાજપ વિરુધ્ધ અપક્ષનો મુકાબલો જામશે. જેમાં ભાજપને લાભ થાય તેવું જણાઈ રહ્યું છે.

## ડીસા બેઠક પર કોંગ્રેસમાંથી ગોવાભાઈ રબારીએ ઉમેદવારી નોંધાવી


ભરત સુંદેશા

ડીસા

ડીસા વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસ પક્ષ દ્વારા વર્તમાન ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈને ટીકીટની ફાળવણી કરાઈ હતી જેને લઈ તેમના સમર્થકો સહિત શુભેચ્છકોમાં આનંદની લાગણી છવાઈ હતી. ગઈકાલે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે જાહેર સભા યોજ્યા બાદ વિશાળ સંખ્યામાં સમર્થકો અને ટેકેદારોની ઉપસ્થિતિમાં ગોવાભાઈ દેસાઈએ ડીસા પ્રાંત કચેરી ખાતે પોતાનું ઉમેદવારી પત્ર ભર્યુ હતું.

ડીસા વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસના ધારાસભ્ય અને પંથકમાં લોકચાહના ધરાવતા ઉમેદવાર ગોવાભાઈ દેસાઈની દાવેદારી નિશ્ચિત હતી. ત્યારે ગઈકાલે હાઈવે પર આવેલ વંદના પાર્ટી પ્લોટ ખાતે તેમના સમર્થકો અને કોંગ્રેસના કાર્યકરો ગામે ગામથી ઉમટી પડ્યા હતા. જેમને સંબોધતા કોંગ્રેસના આગેવાનોએ સરળ સ્વભાવ અને પંથકના વિકાસ માટે ઝઝૂમતા ગોવાભાઈ દેસાઈને જીતાડવાની હાકલ કરી હતી. ત્યારબાદ તેઓ ટેકેદારો સાથે પ્રાંત કચેરીએ પહોંચ્યા હતા અને વિજય મુહુર્તમાં પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ તેમના કાર્યકાળ દરમ્યાન કરેલા વિકાસ કાર્યોને લઈને ડીસા મત વિસ્તારના ગામે ગામ સારી એવી લોકપ્રિયતા ધરાવે છે. રબારી સમાજ ઉપરાંત તમામ સમાજોમાંથી તેમને સમર્થન સાંપડયું છે. પૂરની સ્થિતિમાં અસરગ્રસ્તોમાં રૂબરૂ જઈ બચાવ કાર્યમાં લાગી ગયા હતા અને અસરગ્રસ્તો લોકોને વ્હારે આવ્યા હતા.

## ડીસા બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે શશીકાંત પંડયાએ ફોર્મ ભર્યુ


ભરત સુંદેશા

ડીસા

ડીસા વિધાનસભા બેઠક ઉપર ભાજપ દ્વારા છેલ્લી ઘડી સુધી ઉમેદવારની પસંદગીને લઈ ભારે ઘડમથલ ચાલી હતી. રવિવારે રાત્રે પ્રદેશ કક્ષાએથી ઉમેદવારો માટે કોરા મેન્ડેટ મોકલવામાં આવ્યા હતા. બાદમાં ગઈકાલે સવારે ઉમેદવારની જાહેરાત કરાઈ હતી. જેમાં ડીસા બેઠક ઉપરથી શશીકાંતભાઈ પંડ્યાને ટીકીટની ફાળવણી થતાં તેમના સમર્થકો સહિત શુભેચ્છકોમાં આનંદ છવાયો હતો. બાદમાં તેઓએ ડીસા પ્રાંત કચેરી ખાતે પોતાનું ઉમેદવારી પત્ર ભર્યુ હતું.

ડીસા વિધાનસભા બેઠક ઉપર ભાજપે રાષ્ટ્ર ભાવનાને વરેલા શશીકાંતભાઈ પંડ્યાને છેલ્લી ઘડીએ ઉમેદવાર જાહેર કર્યા હતા. તેથી ભાજપ કાર્યકરો અને તેમના સમર્થકોમાં આનંદની લાગણી છવાઈ હતી.

ગઈકાલે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે તેમણે વિશાળ ટેકેદારો સાથે શુભ મુહુર્તમાં પોતાનુ ફોર્મ ચૂંટણી અધિકારીને સુપ્રત કર્યુ હતું. ત્યારે ભાજપ ઝીંદાબાદના ગગન ભેદી નારા વચ્ચે કેસરીયો માહોલ છવાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, શશીકાંતભાઈ પંડયા બાળપણથી સંઘના સંસ્કારોને વરેલા છે. તેઓ જમ્મુ કાશ્મીરમાં જઈ રાષ્ટ્રધ્વજ ફરકાવી દેશદાઝ જગાવ્યો હતો. જેને આજેપણ લોકો યાદ કરી ગૌરવ અનુભવે છે.

આ ઉપરાંત તેઓ ગરીબ આવાસ નિગમના ડીરેકટર તરીકે સારી એવી કામગીરી કરી છે. જેના કારણે તેઓની લોકપ્રિયતામાં વધારો થયો છે.




CMYK

સૂર્યોદય - ૭.૦૩ સૂર્યાસ્ત - ૫.૫૨

## તિથિદર્શન

માગસર સુદ-૯ મંગળવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર સુદ :નોમ મંગળવાર નક્ષત્રઃ પૂર્વ ભાદ્રપદ સાંજે ૫.૨૧ પછી ઉત્તર ભાદ્રપદ યોગ : વજ્ર કરણ:તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.) સવારે ૧૧.૧૪ પછી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**વિતરતિ યાવદ્દાતાઃ તાવત્**
**ક્લોઅપિ ભવતિ કલ ભાષી**
**વિરતે પયસિ ધનેભ્યઃ**
**શામ્યન્તિ શિખંડીનાં ધ્વનયઃ**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છેઃ જ્યાં સુધી દાન આપનાર, દાન આપતો રહે છે ત્યાં સુધી તેનો લાભ લેનારા મધુર વાણી દ્વારા તેનાં વખાણ કરે છે તેને સારું લાગે એવું વચન બોલે છે. (અર્થાત્ જ્યાં સુધી કોઈ વ્યક્તિમાંથી આપણને ફાયદો મળ્યા કરતો હોય ત્યાં સુધી જ તે સારો લાગે છે, ત્યારે તે જ વ્યક્તિ દુશ્મન બની જાય છે.' અહીં વર્ષાઋતુની ગાજવીજ સાથે જ મોર પર મોટે મોટેથી ટહુકવા લાગે છે, પણ વરસાદની ઋતુ વીત્યા પછી વાદળ તો આકાશમાં દેખાય જ છે પણ મયૂર તેને જોઈને ટહુકતો નથી. કોઈ દાતા હોય, સરકારી અધિકારી કે વેપારીઓ- જ્યાં સુધી ફાયદો આપે- અપાવે ત્યાં સુધી સ્વાર્થી વ્યક્તિને એ સારા લાગે છે અને તેનાં વખણ પણ કરે છે. સત્તા- હોદ્દો- પદ સમૃદ્ધિ ગુમાવનારની એના ફાયદો લેનારા પણ ટીકા કરવા લાગે છે. દુનિયાનો આ સ્વાર્થી વ્યવહાર જ છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) આરોગ્ય અંગે સાવચેત રહેવું. મનમાં અશાંતિ રહે.**
**વૃષભ : (બ.વ.ઉ.) દરેક કાર્ય વિલંબથી પૂર્ણ થાય. કાર્યભારમાં વધારો થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)મળેલી તકને ઝડપી લેવી, નવિન પ્રગતિ થાય.**
**કર્ક : (ડ.હ.)વ્યવસાયિક કાર્યોમાં આકસ્મીક લાભ થાય. મન પ્રસન્ન રહે.**
**સિંહ : (મ.ટ.) ભાગીદારીથી લાભ થાય.ધારેલા કાર્યો પૂર્ણ થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) નવિન આવકના દ્વાર ખુલે. મનની બેચેની દૂર થાય.**
**તુલા : (ર.ત.) વ્યર્થ ચિંતાના ભોગ બનવું પડે. આકસ્મીક યાત્રાના યોગ છે.**
**વૃશ્ચિક :(ન.ય.) અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. ખર્ચ ઉપર કાબુ રાખવો.**
**ધન : (ભ.ફ.ધ.)વાણી સંયમ જાળવવો. સરકારી કાર્યમાં રૂકાવટ આવે.**
**મકર : (ખ.જ.)મનની મનોકામના પૂર્ણ થાય. ધીરજના ફળ મીઠા મળે.**
**કુંભ : (ગ.શ.સ.)સાહસિક કાર્યોમાં સફળતા મળે. સરકારી કાર્યોમાં સફળતા.ો.**
**મીન : (દ.ચ.જ.થ.)મિત્ર વર્ગ સાથે મતભેદ રહે. અચાનક ધન લાભ થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

પ્રખર ગદ્યસ્વામી શ્રી કિશનસિંહ ચાવડા (જિપ્સી)ની જન્મજયંતિ છે.

એમનો જન્મ તા. ૨૭-૧૧-૧૯૦૪ના રોજ વડોદરામાં થયો હતો. તેઓ ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક હતા. તેમના જીવનઘડતરમાં ટાગોર,ગાંધીજી અને અરવિંદ ઘોષનો ફાળો હતો. તેઓ એક સારા પત્રલેખક પણ હતા. શાંતનિકેતન અને પોંડિચેરીના વસવાટની અસર એમના જીવનવ્યવહાર પર જ નહી, એમના સાહિત્ય પર પણ ખુબ ઉંડી ઉતરેલી જોવામાં આવે છે. હિમાલયની પદયાત્રામાં તો એમની અધ્યાત્મવૃતિનાં પણ અનેરા દર્શન થાય છે.

એમનું અજોડ પુસ્તક તો 'અમાસના તારા' (સ્વાનુભાવ) અનેકવિધ ચોટદાર પ્રસંગોનો સંગ્રહ છે. એમનું ઈ.સ. ૧૯૭૯માં અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# પાટણમાં કોંગ્રેસના સક્રિય કાર્યકર કાનજીભાઈ દેસાઈને પડતા મુકી કીરીટ પટેલને ટીકીટ ફાળવી

પાટણ

૨૦૧૨ ની વિધાનસભા ૧૮ પાટણની ચૂંટણીમાં મેમદપુરના કાનજીભાઈ મોતીભાઈ દેસાઈને કોંગ્રેસના ગાંધીનગરના નેતાઓએ ટેલીફોન દ્વારા ટીકીટ આપવાની હા પાડીને કાનજીભાઈ દેસાઈને અન્યાય કરી જોધાજીને ટીકીટ આપી હતી અને કોંગ્રેસે પાટણની સીટ હાથમાં આવેલી ખોઈ હતી કાનજીભાઈએ ૧૮ હજાર ઉપર મતો મેળવ્યા હતા. કાનજીભાઈ દેસાઈ પાટણ તા.પંચાયતના પ્રમુખ તરી-કે ૨૦૦૫ થી ૨૦૧૦ ની સાલ સુધી તમામ ગામોના સરપંચ વિસ્તારના તા.પં.ના ડેલીગટો જી.પં.ના ડેલીગેટો તથા પક્ષના કાર્યકરો સહુને સાંભળીને દરેક વિસ્તારમાં જરૂરી ગ્રાંટો ફાળવી સફળ કામગીરી કરીને પ્રશંશા પાત્ર બન્યા હતાં. અને લોકચાહના મેળવી હતી. તે આધારે કાનજીભાઈ ૨૦૧૨ ની વિધાનસભા ચૂંટણીમાં પક્ષના કહેવાથી તેમજ ટેકેદારોના સહયોગથી ઉમેદવારી માટે તૈયાર હતાં પરંતુ પક્ષના હોદ્દેદારોએ વિશ્વાસઘાત કરેલ હતો. ૨૦૧૦-૧૧ ની જી.પંચાયતની સરીયદ સીટ ઉપર કાનજીભાઈ દેસાઈ સાથે રખેવાળના પાટણ જિલ્લા પ્રતિનિધિ રાધેશ્યામ (રાજુભાઈ) એ ઠક્કર સાથે વાતચીતમાં જણાવ્યું કે સરીયદ સીટ ઉપર જી.પં.માં કાનજીભાઈ દેસાઈને હરાવવા માટે કોંગ્રેસ સમિતિના જ પાટણ જિ.પ્રમુખ કાનજીભાઈ (જેતે સમયના) અને જોધાજી એ ભાજપના કાર્યકરોની ગાડીમાં ફરીને ૧૮ - પાટણ વિધાનસભાની કોંગ્રેસની સીટ ઉપર પાટીદાર અનામતમાં સક્રિય ભૂમિકા ભજવનાર તેમજ સામાજિક કાર્યકર પત્રકારત્વ ક્ષેત્ર પણ યોગદાન આપ્યુ છે તેવા કિરિટ પટેલને કોંગ્રેસે ટીકીટ ફાળવી છે તેઓએ ગતરોજ સવારે ૧૧ કલાકે પાટણના બગવાડા દરવાજે પુજય સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને માલ્યા અપર્ણ કરી ઉમેદવારી નોંધાવા ગયેલ તેમજ ભાજપના રણછોડભાઈ રબારી પાછળને પાછળ તેમના હોદ્દેદારો કાર્યકરો સાથે પુ.સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને માલ્યા અર્પણ કરી ફોર્મ ભરવા ગયા હતા.

# ચાણસ્મા વિધાનસભા બેઠક પર ભાજપ કોંગ્રેસ અને અપક્ષ વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે

ચાણસ્મા

ચાણસ્મા ૧૭ વિધાનસભા માટે ઉમેદવારી પત્ર રજુ કરવાના અંતિમ દિવસે કોંગ્રેસ પક્ષ તરફથી રઘુ દેસાઈએ તેમના ટકેદારો સાથે પ્રાંત કચેરી સમી ખાતે ઉમેદવારી પત્ર રજુ કર્યુ હતું. અગાઉ આ બેઠકના ભાજપના સત્તાવાર ઉમેદવાર તરીકે વર્તમાન ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી દિલીપ ઠાકોરે તેમની ઉમેદવારી નોંધાવી હતી. જોકે અગાઉ રાધનપુર બેઠકના કોંગ્રેસના દાવેદાર રઘુભાઈ દેસાઈની પસંદગી ચાણસ્મા બેઠક ઉપર થતાં તેમનાથી નારાજ થઈ અગાઉ સતત બે વખત કોંગ્રેસ પક્ષમાં ઉમેદવારી કરી હારનો સામનો કરી ચુકેલા દિનેશ ઠાકોરે આજે આ બેઠક ઉપર અપક્ષ ઉમેદવારી નોંધાવતા. હવે ચાણસ્મા બેઠક માટે ત્રિ પાંખીયો જંગ ખેલાશે તેવુ હાલના તબક્કે જણાઈ રહ્યુ છે.

ચાણસ્મા બેઠક માટે કોંગ્રેસ યક્ષ તરફથી આશરે ૩૫ કરતાં વધારે ઉમેદવારોએ ટીકીટ માટે માગણી કરી હતી. જેમાં રબારી પક્ષે કાનજીભાઈ વકીલ, લાલજીભાઈ દેસાઈ તેમજ પાટ-ીદારમાંથી રાજુલ પટેલ બાલકૃષ્ણ પટેલ, નિલેશ પટેલ તેમજ ઠાકોર જ્ઞાતીમાંથી દિનેશ ઠાકોર ચેહુજી ઠાકોર વગેરે પ્રબળ દાવેદાર હતા. ગઈકાલે માંડી સાંજ સુધી કોંગ્રેસ પક્ષ દ્વારા પાટણ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ દેસાઈની ટીકીટ પાકી હોવાનું જણાતું હતું. પરંતુ ફોર્મ ભરવાના આજે અંતિમ દિવસે કોંગ્રેસ પક્ષે રઘુ દેસાઈને મેન્ડેડ આપી સૌને ચોકાવી દીધા હતા. અને સત્તાવાર ઉમેદાર તરીકે તેમને તેમનું ઉમેદવારી પત્ર આજે રજુ કર્યુ હતું. ચાણસ્માની બેઠક ઉપર સૌથી વધુ મતદારો ઠાકોર તેમજ બીજા ક્રમે પાટીદાર મતોનું પ્રભુત્વ હોવા છતાં રબારી સમાજમાંથી કોંગ્રેસ પક્ષે પસંદગી કરતાં કોંગ્રેસ પક્ષના ટેકેદારમાં ભારે નારાજગી વ્યાપી છે. અને એક અપક્ષ ઠાકોર દિનેશજી એ ફોર્મ રજુ કરતાં હવે આ બેઠકનું ચૂંટણી ચિત્ર ઉમેદવારી પાછી ખેંચવાના અંતિમ દિવસે સ્પષ્ટ થશે. જો અપક્ષ સહિત આ બેઠક ઉપર ત્રિપાંખીયો જંગ ખેલાય તો વધુ એકવાર આ બેઠક જીતવામાં ભાજપને સફળતા મળે તો નવાઈ નહી.

# બહુચરાજી વિધાનસભા બેઠક પર ત્રિપાંખીયો જંગ ખેલાશે

ચાણસ્મા

૨૩ બહુચરાજી વિધાનસભા બેઠક માટે ગઈકાલ મોડી રાત્રીએ અગાઉ બે વખત ધારાસભ્ય પદે ચુંટાયેલા અને ભૂતપૂર્વ ગૃહમંત્રી રજની પટેલની ફરી એકવાર ભાજપ પક્ષ દ્વારા પસંદગીનો કળશ ઢોળવામાં આવતા તેઓએ તેમની ઉમેદવારી રજુ કરી હતી. જ્યારે કોંગ્રેસ પક્ષમાંથી પ્રબળ દાવેદાર ગણાતા રાજેન્દ્રસિંહ દરબાર, ભોપાજી ઠાકોર અને કિરીટ પટેલની જગ્યાએ અલ્પેશ ઠાકોરના નજીક ગણાતા ભરતજી ઠાકોરને કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર ઘોષીત કરવામાં આવ્યા હતા અને તેઓએ પણ ગતરોજ તેમનું ઉમેદવારી પત્ર ભર્યું હતું. પરંતુ કોંગ્રેસમાં ટીકીટ ન મળવાને કારણે કિરીટ પટેલે અપક્ષ ઉમેદવાર તરીકે તેમની દાવેદારી રજુ કરતાં આ બેઠક માટે ત્રિપાંખીયો જંગ ખેલાય તેવો એંધાણ વર્તાઈ રહ્યા છે.

ગઈકાલે બહુચરાજીની બેઠક માટે કોંગ્રેસમાં ભરતજી ઠાકોરનું નવું નામ ઉભરી આવ્યું હતું. જે વાત વાયુવેગે બહાર આવતાં બહુચરાજી ખાતે ગઈકાલ રાત્રે મણિધર વિલેજમાં કોંગ્રેસ પક્ષમાં ટીકીટ ન મળવાને કારણે કિરીટ પટેલ અને રાજેન્દ્ર દરબારના ટેકેદારોએ એકત્ર થઈ કોંગ્રેસના મોવડી મંડળના આ નિર્ણય ઉપર રોષ ઠાલવ્યો હતો. પરિણામે કોંગ્રેસનો અંતઃ કલહ સપાટી ઉપર બહાર આવ્યો હતો.અને કિરીટ પટેલે અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. જેને અંદરખાને ટીકીટથી વંચિત કોંગ્રેસના દાવેદારોનો છૂપો આર્શીવાદ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પરિણામે ગત વખતે બહુચરાજીની બેઠક ઉપરથી ભાજપમાં વિજેતા બનેલા વર્તમાન ધારાસભ્ય રજની પટેલના વિજયને અપક્ષ બળવાખોરીએ આસાન બનાવી દીધો હોય તેમ જણાય છે. જો કે અપક્ષ ઉમેદવાર કીરીટ પટેલે ગત વીધાનસભામાં જી.પી.પી ના ઉમેદવાર તરીકે પરાજય વેઠયો હતો. અને તેઓ અગાઉપણ ભાજપ અને કોંગ્રેસમાં જઈને પરત આવી ફરી એકવાર કોંગ્રેસ પક્ષમાં ટીકીટ મેળવવાની તેમની મેલી મુરાદ ઉપર પાણી ફરી વળ્યુ હોય તેમ જણાય છે.

# રૂની તીર્થની ધન્યધરા પર મુનિરાજ શિલરત્નવિજયજીને ગણી પદવી અર્પણ

પ્રતિ. થરા

કાંકરેજના રૂનીતીર્થની પાવન ધરા પર ગચ્છાધિપતિ કલ્પજય સૂરીશ્વરજી મહારાજાની પાવનનિશ્રામાં ત્રિદિવસીય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ સાથે તેમના જ શિષ્ય મુનિરાજ પૂ.શીલરત્નવિજય મ.સાને ભાવ અને ઉત્સાહપૂર્વક ગણી - પન્યાસ પદવી અર્પણ કરાઈ તા.૨૪/૧૧ નારોજ બેન્ડ - શરણાઈ અને શ્રાવક - શ્રાવીકઓની મોટી હાજરી સાથે પ.પૂ.ગચ્છાધિપતિ કલ્પજય સૂરીશ્વરજી મહારાજ તથા અન્ય પૂ.આચાર્ય ભગવંત, પૂ.મુનિરાજો અને પૂ.સાધ્વીજી ભગવંતોનો રૂની તીર્થે શાનદાર પ્રવેશ થયો તથા ત્યારબાદ સભામંડપમાં શ્રી શુશીલ ખાલીયાના સંગીત સાથે ગુરૂભક્તિ તથા વ્યાખ્યાન થયું. વ્યાખ્યાન બાદ ગુરુભક્તો તરફથી ગોળના રોડીયાની પ્રભાવના થઈ બપોરે પરમાત્મા તથા ગુરુમૂર્તિના અઢાર અભિષેક થયા જેનુ વિધિવિધાન પ્રવિણભાઈ પંડીતે કરાવ્યુ બીજા દિવસે કેશરિયો રંગ લાગ્યો. જિનશાસનના સ્ટેજ પોગ્રામ તથા બપોરે શ્રી વર્ધમાન વિધા પૂજન શાહ રમીલાબેન દિલીપકુમાર રસીકલાલ સરદારપુર વાળા તરફથી થયુ.અંતિમ દિવસે શુભ મૂહર્ત મંડપમાં પ્રવેશ થયા બાદ આચાર્ય ભંગવતો એ વિધિવિધાન કરી પૂ.શ્રી મુનિરાન શિલરત્નવિજય મ.સાને ગણિ- પન્યાસ પદ અર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે પ.પૂ.આ દેવ ગચ્છાધિપતિ કલ્પજય સૂરીજી મહારાજ, પ.પૂ.આદેવ કલ્પેન્દ્ર વિજયસૂરી મહારાજા, પ.પૂ.લબ્ધીકૃપા પાત્ર શિલરત્ન સૂરી મહારાજા તથા પ.પૂ.ફુલચંદ્ર સૂરીશ્વરજી મહારાજા તથા આચાર્ય શ્રીમહાનંદસૂરીજી મ.સા. તથા મુનિરાજો અને સાધ્વીજી ભગવંતોએ પાવન નિશ્રા અર્પણ કરી પૂ.આ દેવ શીલ રત્નસૂરીશ્વરજી મહારાજાએ મુનિરાજ શીલ રત્નવિજય મ.સા.ની ગુરૂ વૈયાવચ્ચની ભરપુર પ્રશંસા કરી

**અનુસંધાન પાના નં.૬**

# સાબરકાંઠા જિલ્લાની વિધાનસભામાં અંતિમ દિવસે ૮૨ ફોર્મ ભરાયા

હિમંતનગર

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત બીજા તબક્કાના ઉમેદવારી પત્ર ભરવાની આજે અંતિમ દિને સાબરકાંઠા જિલ્લાની ચાર વિધાનસભા મતવિસ્તારમાં ઉમેદવારોએ ઉમેદવારી પત્ર ભર્યા હતા. જેમાં તા.૨૧થી આરંભાયેલા ઉમેદવારીપત્ર રજૂ કરવાના દિનથી આજે અંતિમ દિવસ દરમિયાન સુધી હિંમતનગરમાં ૨૨, ઈડરમાં ૨૨, ખેડબ્રહ્માામાં ૧૦ અને પ્રાંતિજમાં ૧૬ મળી કુલ ૭૦ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર ભર્યુ હોવાનું એક અખબારી યાદીમાં જણાવાયું છે. જેમાં અંતિમ દિવસે હિંમતનગરમાં ૧૮, ઈડરમાં ૨૮, ખેડબ્રહ્માામાં ૧૦ અને પ્રાંતિજમાં ૧૮ ઉમેદવારીપત્ર રજૂ થયા હતા.

| વિધાનસભા બેઠકનું નામ | ઉમેદવારનું નામ | પક્ષનું નામ |
|---|---|---|
| ૨૭- હિંમતનગર | રાજેન્દ્રસિંહ રણજીતસિંહ ચાવડા | ભારતીય જનતા પાર્ટી |
| | સલાઉદ્દીન હુસેનભાઈ હુક્કાવાલા | અપક્ષ |
| | પ્રહલાદસિંહ સોનસિંહ પરમાર | ભારતીય રાષ્ટ્રવાદી પક્ષ |
| | પારૂલબેન કાન્તિભાઈ મકવાણા | અપક્ષ |
| | મુસ્તાકભાઈ જમાલભાઈ સંધાણી | અપક્ષ |
| | જયદીપસિંહ રજુજી પરમાર | લોક ગઠબંધન પાર્ટી |
| | પરષોત્તમદાસ દલપતભાઈ પરમાર | ભારતનો સામ્યવાદી પક્ષ (માર્કસવાદી) |
| | હસમુખભાઈ ધૂળાભાઈ પટેલ | ભારતીય જનતા પાર્ટી |
| | કિશોરભાઈ ચીમનભાઈ ભોઈ | સરદારવલ્લભભાઈ પટેલ પાર્ટી |
| | કમલેશકુમાર જયંતિભાઈ પટેલ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | જયંતિભાઈ હિરાભાઈ પટેલ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | અલ્પેશકુમાર મોહનભાઈ પ્રજાપતિ | આપણી સરકાર પાર્ટી |
| | બાબુભાઈ કચરાભાઈ પટેલ | અપક્ષ |
| | મહમંદભાઈ વજીરભાઈ આંબલીયસણા | અપક્ષ |
| | સલમાખમન મુસ્તાકભાઈ સંધાણી | અપક્ષ |
| | સરદારસિંહ ભાવસિંહ પરમાર | જનવિકલ્પ મોરચો ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પક્ષ |
| | મણીભાઈ વિરચંદભાઈ પરમાર | જનતાદળ(યુ) |
| | બલવંતસિંહ બાબુસિંહ પરમાર | અપક્ષ |
| | મગનભાઈ લખાભાઈ સોલંકી | બહુજન સમાજ પાર્ટી |
| | યોગેશકુમાર અમૃતભાઈ પટેલ | અપક્ષ |
| | ચંદ્રેશખર અનિલ પટેલ | એન.સી.પી. |
| ૨૮-ઈડર | પરમાર મોહનભાઈ અવસરભાઈ | અપક્ષ |
| | સોલંકી રામાભાઈ વિરચંદભાલ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | પરમાર મુકેશભાઈ વાલજીભભાઈ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | પરમાર વિનોદભાઈ જીવાભાઈ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | વણકર વાલાભાઈ ખેમાભાઈ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | પ્રિયંદર્શી ગૌરંગ અરવિંદભાઈ | બહુજન રીપબ્લીકન સોસીયાલિસ્ટ પાર્ટી |
| | પરમાર ફુલજીભાઈ પુંજાભાઈ | અપક્ષ |
| | પરમાર કાન્તિભાઈ લાલભાઈ | ભારતીય રાષ્ટ્રવાદી કોંગ્રેસ |
| | કનોડીયા હિતેન્દ્ર નરેશકુમાર | ભારતીય જનતા પાર્ટી |
| | પરમાર રાજેશકુમાર મનહરલાલ | ભારતીય જનતા પાર્ટી |
| | સોલંકી નટવરભાઈ ગોવાભાઈ | અપક્ષ |
| | પરમાર મુકેશભાઈ કળવાભાઈ | બહુજન સમાજ પાર્ટી |
| | વણકર ભોગીલાલ દાનાભાઈ | અપક્ષ |
| | વાઘેલા મણીભાઈ જેઠાભાઈ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | રાવત મંગલદિપ ગોવિંદભાઈ | અપક્ષ |
| | વર્મા વસંતચંદ્ર કુશાલભાઈ | ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પક્ષ |
| | પરમાર મનીષ નરવાભાઈ | અપક્ષ |
| | સોલંકી રમેશભાઈ માનાભાઈ | અપક્ષ |
| | સુતરીયા મગનભાઈ માધાભાઈ | સંયુક્ત વિકાસ પાર્ટી |
| | પુરૂષોત્તમભાઈ કુશાલભાઈ વણકર | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | અમીન ધીરૂભાઈ પુંજાભાઈ | નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી |
| | પરમાર રમણભાઈ કાળાજી | આમ જનતા અધિકાર |
| ૨૯-ખેડબ્રહ્મા | અસારી અરવિંદભાઈ કાનજી | બહુજન સમાજ પક્ષ |
| | બારા રમીલાબેન બેચરભાઈ | ભારતીય જનતા પાર્ટી |
| | સોલંકી છગનભાઈ કેવળભાઈ | અપક્ષ |
| | ગામેતી બીપીનચંદ્ર રૂપસીભાઈ | જનતાદળ (યુ) |
| | કોટવાલ અશ્વિનભાઈ લક્ષ્મણભાઈ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | ગમાર જવાહરલાલ ગલબાભાઈ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | પરમાર શીવાભાઈ અરજણભાઈ | ભારતીય જનતા પાર્ટી |
| | નિનામા ભીમજીભાઈ નરવાજી | અપક્ષ |
| | બોડાત ઈન્દુબેન ચંદુલાલ | અપક્ષ |
| ૩૩-પ્રાંતિજ | ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર | ભારતીય જનતા પાર્ટી |
| | પટેલ અનિલકુમાર અંબાલાલ | અપક્ષ |
| | જોષી પરેશકુમાર પ્રવિણચંદ્ર | અપક્ષ |
| | માસુ રસિકભાઈ પટેલ | અપક્ષ |
| | બારૈયા મહેન્દ્રસિંહ કચરસિંહ | ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ |
| | ઝાલા અભેસિંહ મોવતસિંહ | ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ |
| | પટેલ બાબુભાઈ સોમાભાઈ | ભારતીય જનતા પાર્ટી |
| | વણકર હરમેશકુમાર નટવરભાઈ | બહુજન સમાજ પાર્ટી |
| | પઠાણ શરીફખાન અરવરખાન | જનતા દલ યુનાઈટેડ |
| | ઝાલા દલપતસિંહ મોતીસિંહ | અપક્ષ |
| | ઝાલા રંગુસિંહ દલપતસિંહ | અપક્ષ |
| | રાઠોડ જયદીપસિંહ જગતસિંહ | ઈન્સાનીયત પાર્ટી |
| | પટેલ કલ્પેશકુમાર રણછોડભાઈ | ઓલ હિન્દુસ્તાન કોંગ્રેસ પક્ષ |
| | ઝાલા રાજેન્દ્રસિંહ કાળુસિંહ | નેશનલ કોંગ્રેસ પાર્ટી |
| | ઠાકર કિર્તિકુમાર કુમુદચંદ્ર | અપક્ષ |
| | રબારી કપીલભાઈ હરભમભાઈ | ગુજરાત જનચેતના પાર્ટી |

# કાંકરેજ તાલુકા યુથ કોંગ્રેસ પ્રમુખનું રાજીનામું

પ્રતિ. શિહોરી

ગઈકાલે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે કોંગ્રેસ મોવડી મંડળે 'અપસેટ' સર્જી દિનેશભાઈ જાલેરાને ટીકીટ ફાળવી છે. જેથી કોંગ્રેસ કાર્યકરોમાં ભારે નારાજગી છવાઈ છે. ત્યારે કાંકરેજ તાલુકા યુથ કોંગ્રેસ ભરતજી લેબુજી ઠાકોરે પણ તેમના પિતા છેલ્લી ૩ ટર્મથી ટીકીટ માંગે છે. તેમ છતાં તેમની અવગણના કરાય છે. જેના વિરોધમાં તેમણે જીલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખને પોતાનું રાજીનામું ધરી દીધું હતું.

# કાંકરેજનું રવિયાણા વિધાનસભાની ચૂંટણીમાં વનરેબલ એક માત્ર બુથ



મહાદેવ પરમાર

પ્રતિનિધિ રવિયાણા

કાંકરેજ તાલુકામાં વિધાનસભાની ચૂંટણી -૨૦૧૭ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર આર.જે.માંકડીયા તા. ૧૯/૧૧/૨૦૧૭ ને શનિવારના રોજ મામલતદાર એસ.એ. ચૌહાણ સાથે રવિયાણા ગામની મુલાકાત લઈ અગાઉની ચૂંટણીના ગુનાસબ તેમના નિવેદનો લીધેલ તેમજ તા. ૨૬/૧૧/૧૭ ના રોજ જિલ્લા પુરવઠા અધિકારી ડી.એસ.ઓ, એસ.જે. ચાવડા પણ રવિયાણા આવી અગાઉની ચૂંટણીના ગુના સબંધી નિવેદનો લીધેલ અને સુલેહ શાંતિપૂર્ણ મતદાન યોજાય તે માટે રવિયાણા આવી સરપંચ તથા મતદાતાઓને મળેલ અને તેમના નિવેદન લીધેલ તેમજ સુલેહ શાંતિ પૂર્ણ મતદાન યોજાય તેવી તજવીજ કરેલ. કાંકરેજ વિધાનસભા ચૂંટણીમાં તાલુકાનું ૧ માત્ર વનરેબલ બુથ હોઈ અધિકારીઓ અવારનવાર મુલાકાત લેતા નજરે પડે છે.

# બનાસકાંઠા જિલ્લાની ૯ બેઠકો ઉપર છેલ્લા દિવસ સુધી નોંધાયેલ ઉમેદવારો

પાલનપુર

વિધાનસભા સામાન્યવ ચૂંટણી અન્વેયે બનાસકાંઠા જિલ્લાની ૯ બેઠકો ઉપર ઉમેદવારી નોંધાવવાના છેલ્લાધ દિવસ તા.૨૭-૧૧-૨૦૧૭ ના રોજ સંખ્યાબંધ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેની વિગત નીચે પ્રમાણે છે.

| વિધાનસભા બેઠકનું નામ | ઉમેદવારનું નામ | પક્ષનું નામ |
|---|---|---|
| ૭-વાવ | શંકરભાઈ એલ. ચૌધરી | ભારતીય જનતા પાર્ટી |
| | આચાર્ય દાનસંગભાઈ ખેતસીભાઈ | અપક્ષ |
| | કલાલ નાગજીભાઈ શંકરભાઈ | રીપબ્લીકન પાર્ટી ઓફ ઈન્ડીયા (રાષ્ટ્રીય) |
| | બ્રહ્મક્ષત્રિય ભગવતીબેન ખેતસિંહભાઈ | અપક્ષ |
| | ઠાકોર ગેનીબેન નગાજી | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | આશલ અમીરામભાઈ શંકરલાલ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | ગોહિલ રાંણાજી નાગજી | શીવસેના |
| | ઠાકોર ભાવસીગજી રામચંદજી | અપક્ષ |
| | ઠાકોર ગગાજી ધરમશીજી | ભારતીય જનતા પાર્ટી |
| | ધાંચી બેનરજીબાનુ લાલાભાઈ | અપક્ષ |
| | પરમાર વજરામભાઈ નવાભાઈ | બહુજન સમાજ પાર્ટી |
| | પ્રહલાદભાઈ અખાભાઈ ચૌહાણ | બી.આર.એસ.પી. |
| | પંડયા ચીનુભાઈ સેંધાભાઈ | અપક્ષ |
| ૮-થરાદ | પરબતભાઈ પટેલ | ભારતીય જનતા પાર્ટી |
| | પ્રજાપતિ ગણેશભાઈ ડામરાભાઈ | યુવા સરકાર |
| | પટેલ માવજીભાઈ ચતરાભાઈ | ભા.રા.કોં. |
| | પટેલ મઘાભાઈ અરજણભાઈ | અપક્ષ |
| | પટેલ પરબતભાઈ ભેરાજી | સમાજવાદી પાર્ટી |
| | દવે હિંમતલાલ ભવાનીશંકર | અપક્ષ |
| | ચૌધરી રામજીભાઈ હેમજીભાઈ | ભા.રા.કોં. |
| | પ્રજાપતિ હીરાલાલ મગનલાલ | અપક્ષ |
| | પરમાર સેંધાભાઈ વાઘાભાઈ | અપક્ષ |
| | દરજી પ્રકાશભાઈ મનજીભાઈ | અપક્ષ |
| | ચૌધરી અજેશીભાઈ પરખાભાઈ | અપક્ષ |
| | પ્રજાપતિ શાંમળાભાઈ હેમાભાઈ | અપક્ષ |
| | પટેલ માવજીભાઈ ચતરાભાઈ | અપક્ષ |
| | રાજપૂત ડામરાજી દેવજીભાઈ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | સોલંકી પ્રધાનભાઈ ડાહ્યાભાઈ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | પ્રજાપતિ અજેશીભાઈ દેવાભાઈ | આપણી સરકાર પાર્ટી |
| | ગલસર મીલાભાઈ હેમાભાઈ | બહુજન સમાજ પાર્ટી |
| | ચૌધરી જેમલભાઈ મુળજીભાઈ | અપક્ષ |
| | હડિયલ સરતાંણભાઈ વખતાભાઈ | અપક્ષ |
| | પરમાર ચંદનભાઈ નવાભાઈ | અપક્ષ |
| | પટેલ પદમાભાઈ ધનાભાઈ | અપક્ષ |
| ૯-ધાનેરા | પટેલ નથાભાઈ હેગોળાભાઈ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | પટેલ જગદીશભાઈ નથાભાઈ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | દેસાઈ માવજીભાઈ મગનભાઈ | ભારતીય જનતા પાર્ટી |
| | પટેલ ભગવાનભાઈ હાજાભાઈ | ભારતીય જનતા પાર્ટી |
| | દરજી પોપટભાઈ પ્રતાપજી | યુવા સરકાર |
| | બાજગ લસાભાઈ લવજીભાઈ | અપક્ષ |
| | ઠાકોર અજીતભાઈ શાંતીજી | અપક્ષ |
| | સુથાર ગંગારામ પુનમાભાઈ | અપક્ષ |
| | પાંસલ કાળાભાઈ પુનમાભાઈ | અપક્ષ |
| ૧૦-દાંતા | સોલંકી સોમાભાઈ ભારમાભાઈ | જનતાદળ (યુનાઈટેડ) |
| | કાંતિભાઈ કાળાભાઈ ખરાડી | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | કાંતિભાઈ જીવાભાઈ ગમાર | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | કનાભાઈ ચુનાભાઈ મંછાતર | ગુજરાત જનચેતના પાર્ટી |
| | કોદરવી માલજીભાઈ નારાયણભાઈ | ભારતીય જનતા પાર્ટી |
| | ગમાર રવિન્દ્રાભાઈ હીરાભાઈ | ભારતીય જનતા પાર્ટી |
| | ધ્રાંગી મનહરભાઈ ભોટાલાભાઈ | એન.સી.પી. |
| | ડુંગાઈસા વીરમાભાઈ કેશરાભાઈ | અપક્ષ |
| | નિસરતા રસીલાબેન ખાતરાભાઈ | અપક્ષ |
| | પરમાર ભુરાભાઈ માંનાભાઈ | અપક્ષ |
| | ભીલ કાળુરામ મંગળજી | અપક્ષ |
| ૧૧-વડગામ | ચક્રવર્તી વિજયકુમાર હરખાભાઈ | ભારતીય જનતા પાર્ટી |
| | સકસેના અશ્વિનભાઈ ગૌતમભાઈ | ભારતીય જનતા પાર્ટી |
| | મકવાણા ગોવિંદભાઈ ધનજીભાઈ | અપક્ષ |
| | ચૌહાણ મુકેશકુમાર ખુશાલદાસ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | સોલંકી તરૂણચંદ્ર પ્રેમજીભાઈ | ગુજરાત જનચેતાના પાર્ટી |
| | પરમાર દિનેશભાઈ વિરાભાઈ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | જીરાલા બાલકૃષ્ણવ મફતલાલ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | મકવાણા નરેન્દ્રવકુમાર પુજાભાઈ | અપક્ષ |
| | રાઠોડ મનુભાઈ જેઠાભાઈ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | પરમાર અશ્વિનભાઈ દોલતભાઈ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | વણસોલા નિલેશકુમાર પ્રવિણભાઈ | બહુજન મુક્તિ પાર્ટી |
| | ભાટીયા અરવિંદકુમાર ખેમાભાઈ | નવીન ભારત નિર્માણ મંચ |
| | પરમાર વિનોદકુમાર મનસુખલાલ | લોક ગઠબંધન પાર્ટી |
| | જીગ્નેબશકુમાર નટવરલાલ મેવાણી | અપક્ષ |
| | પરમાર પ્રવિણકુમાર અમરાભાઈ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | ભાટીયા દલપતભાઈ ડાહ્યાભાઈ | અપક્ષ |
| | સોલંકી ધનજીભાઈ ખેમાભાઈ | જનતાદળ (યુનાઈટેડ) |
| | સોલંકી હિંમતભાઈ દાનાભાઈ | અપક્ષ |
| | ચૌહાણ ગણેશભાઈ લવજીભાઈ | અપક્ષ (અ.જા.) |
| ૧૨-પાલનપુર | મેજીયાતર ગોવિંદભાઈ ઉમાભાઈ | રાષ્ટ્રીય સમાજવાદી (સેકયુલર) |
| | દેલવાડીયા સેનજી નાગરજી | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | ફોસી શીવરામભાઈ મગનભાઈ | નેશનાલીસ્ટમ કોંગ્રેસ પાર્ટી |
| | પરમાર સુરેશભાઈ રામજીભાઈ | અપક્ષ |
| | પટેલ મહેશકુમાર અમૃતલાલ | ભારતીય રાષ્ટ્રીઅય કોંગ્રેસ |
| | પ્રજાપતી લાલજીભાઈ કાનજીભાઈ | ભારતીય જનતા પક્ષ |
| | પટણી શાંતાબેન નારણભાઈ | અપક્ષ |
| | પ્રજાપતી અમરાભાઈ ઉજાભાઈ | યુવા સરકાર પાર્ટી |
| | વડનાથાણી જયંતિભાઈ ઉમેદભાઈ | અપક્ષ |
| | દવે નિલેશકુમાર કનૈયાલાલ | અપક્ષ |
| | પટણી મહેશુકમાર નારણભાઈ | અપક્ષ |
| | પ્રજાપતી રાજેશકુમાર પ્રેમજીભાઈ | અપક્ષ |
| | પ્રજાપતી પરેશભાઈ મગનભાઈ | અપક્ષ |
| | પરમાર અમરતભાઈ ધરમાભાઈ | બહુજન સમાજ પાર્ટી |
| | પટેલ ભગવાનભાઈ હીરાભાઈ | ભારતીય જનતા પાર્ટી |
| | નાભાણી રમેશકુમાર ખેમરાજભાઈ | આમ આદમી પાર્ટી |
| | ગાલવાડીયા જશવંતજી રામચંદજી | આમ આદમી પાર્ટી |
| | શર્મા હરેશકુમાર ઉમાશંકર | રાષ્ટ્રર મંગલ મીશન પાર્ટી |
| | ઠાકર નટવરલાલ હીરાભાઈ | અપક્ષ |
| | ફોસી શિવરામભાઈ મગનભાઈ | રાષ્ટ્રવવાદી કોંગ્રેસ પાર્ટી |
| | શ્રીમાળી અશોકભાઈ બાલચંદભાઈ | અપક્ષ |
| | પરમાર છગનચંદ્રરાજ ધનાભાઈ | અપક્ષ |
| ૧૩-ડીસા | સોલંકી દિનેશકુમાર આરજીભાઈ | બહુજન સમાજ પાર્ટી |
| | ચંડીસરા ભવનાસિંહ મલાજી | અપક્ષ |
| | પ્રજાપતિ કનુભાઈ લીલાભાઈ | યુવા સરકાર પાર્ટી |
| | ચમનલાલ રૂગનાથજી સુથાર | અપક્ષ |
| | ગોવાભાઈ હમીરાભાઈ રબારી | ભારતીય રાષ્ટ્રીઈય કોંગ્રેસ |
| | સંજયકુમાર ગોવાભાઈ દેસાઈ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| | વાઘેલા બહાદુરસિંહ દાદુભા | અપક્ષ |
| | પંડયા શશીકાંત મહોબતરામ | ભારતીય જનતા પાર્ટી |
| | પ્રજાપતિ નરસિંહભાઈ ધરમાભાઈ | અપક્ષ |
| | અનાવાડીયા દિનેશચંદ્ર જેમલભાઈ | ભારતીય જનતા પાર્ટી |
| | ખેમાણીયા ચંદુજી પ્રતાપજી | અપક્ષ |
| | થેરવાડીયા શીવાજી પથુજી | અપક્ષ |
| | ઠાકોર રમણભાઈ સરદારજી | અપક્ષ |
| | ચૌધરી ધનરાજભાઈ કરસનભાઈ (ઓડ) | અપક્ષ |
| | ઠાકોર શંભુજી મણાજી | અપક્ષ |
| | પઢિયાર સુનિતાબેન સમરેશભાઈ | અપક્ષ |
| | ચૌહાણ સંગીતાબાઈ અગરસીગ | જનવિકલ્પગ પાર્ટી |
| ૧૪-દિયોદર | ભૂરીયા શીવાભાઈ અમરાભાઈ | ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ |
| | સીલાણા થાંનાભાઈ ડુંગરાજી | અપક્ષ |
| | વાઘેલા હીરાજી પ્રહલાદજી | બહુજન મુકિત પાર્ટી |
| | રબારી ભુરાભાઈ ડાહ્યાભાઈ | અપક્ષ |
| | પટેલ વેનાજી પ્રભુજી | અપક્ષ |
| | અદિલિયા ઉમેદભાઈ નાગરભાઈ | બહુજન સમાજ પાર્ટી |
| | ચૌહાણ મુકેશજી શીવાજી | ઈન્ડી યન નેશનલ કોંગ્રેસ |
| | ચૌહાણ કેશાજી શિવાજી | ભારતીય જનતા પાર્ટી |
| | તરક ઈશ્વરભાઈ જેવતાભાઈ | ભારતીય જનતા પાર્ટી |
| | જોષી જીવણભાઈ કરશનભાઈ | અપક્ષ |
| ૧૫-કાંકરેજ | મકવાણા વાઘાભાઈ મગનભાઈ | અપક્ષ |
| | પરમાર ભેમજીભાઈ વશરામભાઈ | અપક્ષ |
| | દેસાઈ ઈશ્વરભાઈ મહાદેવભાઈ | ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાકન કોંગ્રેસ પાર્ટી |
| | કિર્તીસિંહ પ્રભાતસિંહ વાઘેલા | ભારતીય જનતા પાર્ટી |
| | ખાંભલા રાજાભાઈ નારણભાઈ | ભારતીય જનતા પાર્ટી |
| | મકવાણા વાઘાભાઈ મગનભાઈ | બહુજન સમાજપાર્ટી |
| | દેસાઈ પ્રકાશભાઈ મલાભાઈ | અપક્ષ |
| | જાલેરા દિનેશજી ધારસીજી | ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ |
| | ઠાકોર લેબુજી ભૂદરજી | અપક્ષ |
| | ઠાકોર નરેશજી લેરાજી | ઈન્ડી યન નેશનલ કોંગ્રેસ |

# ડીસામાં ઠાકોર ઉમેદવારની ટિકીટ કપાતા આક્રોશ

**પાંચ લાખથી વધુ મતદારો ધરાવતા ઠાકોર સમાજને ભાજપે માત્ર એક ટિકીટ આપી**


(ભરત સુંદેશા)

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ પાંચ લાખ ઉપરાંત મતદારો ધરાવતા ઠાકોર સમાજને ભાજપે માત્ર એક બેઠક આપી ડીસા બેઠક પર છેલ્લી ઘડીએ ઠાકોર ઉમેદવારનું પત્તું કાપી નાખતા સમગ્ર ઠાકોર સમાજમાં રોષ ભભૂકી ઉઠયો છે અને જિલ્લાની નવેય બેઠકો પર ભાજપને હરાવવાનો નિર્ધાર ઠાકોર સમાજે કર્યો છે.

ડીસામાં ટિકિટ કપાતા ઠાકોર સમાજના અગ્રણીઓ હવાઈ પિલ્લર મેદાનમાં એકત્ર થઈ મોદી નરેન્દ્ર મોદી, અમિત શાહ અને ભાજપ હાયહાયના નારા લગાવી રોષ પ્રગટ કર્યો હતો. ઠાકોર સમાજના અગ્રણી ઓધારજી ઠાકોરે જણાવ્યું હતું કે, જિલ્લામાં પાંચ લાખથી વધુ ઠાકોર મતદારો છે. કોંગ્રેસે ૩ ઉમેદવારોને ટિકિટ આપી છે જ્યારે ભાજપે માત્ર એક જ ટિકિટ આપી છે. ડીસા બેઠક પર ઠાકોર સમાજનું પ્રભુત્વ હોઈ ઠાકોર સમાજની ટિકિટની માગણી હતી પણ છેલ્લી ઘડીએ ભાજપે ઠાકોર સમાજની અવગણના કરી છે વર્ષોથી ભાજપ સાથે રહેલા સમાજ નો દ્રોહ કર્યો છે. જેથી અમે હવે જિલ્લાની નવે નવ બેઠક પર ભાજપને હરાવવાનો સામૂહિક નિર્ણય કર્યો છે.

# ડીસા બેઠકમાં ચમનલાલ ગજ્જરની અપક્ષમાં દાવેદારી


દેવાભાઈ સુથાર

પ્રતિ. નાંદલા

ડીસા વિધાનસભા બેઠક ઉપર તમામ સમાજના સાથ અને સહકારથી યુવાન વેપારી ચમનલાલ ગજ્જરે વિશાળ ટેકેદારો સાથે અપક્ષમાં ફોર્મ ભર્યું હતું. જે પ્રસંગે તેમના સમર્થકો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. અપક્ષ ઉમેદવાર ચમનલાલ ગજ્જરે જણાવ્યું હતું કે ડીસા તાલુકો બટાટા નગરી તરીકે દેશભરમાં ખ્યાતિ ધરાવે છે. પરંતુ બટાટાના ભાવમાં ત્રણ વર્ષથી મહામંદી પ્રવર્તે છે તેમ છતાં સરકાર આ મુદે ઘોર ઉદાસીનતા દાખવે છે તેથી વેપારીઓ અને ખેડૂતોનો મરો થઈ ગયો છે અને બટાટાની ખેતી માથે જોખમ મંડરાયું છે ત્યારે પંથકની આગવી ઓળખ જાળવી રાખવા ખેડૂતો અને વેપારીઓના પ્રશ્નોનું વ્યાજબી નિરાકરણ લાવવાના હેતુથી તમામ સમાજના સાથ સહકારથી એ અપક્ષ ઉમેદવાર તરીકે દાવેદારી નોંધાવી છે.

# ઉમેદવારીપત્રોની ચકાસણી ખેંચાણ બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે

**આમ પ્રજામાં ઉત્સુકતા વધી પડી**

કારણ વગરનું રાજકારણ
ચૂંટણી ચક્રવ્યૂહ ૨૦૧૭

યશપાલસિંહ ટી.વાઘેલા

ગુજરાત વિધાનસભા ૨૦૧૭ ની ચૂંટણીમાં બીજા તબક્કાના ઉમેદવાર જાહેર કરવામાં ભાજપ કોંગ્રેસ મોવડી મંડળને કડકડતી ઠંડીમાં પરસેવો પડી ગયો છે. ગઈકાલે ઉમેદવારી પત્રો ભરવાની મુદત પુરી થતાં જ હવે ખરાખરીનો જંગ જામશે. ચાર દિવસનો સમયગાળો પસાર કરવો બહુ કપરો રહેશે. ગઈકાલની સવાર તો ન જાણ્યું આ નવા વાઘા પહેરેલા લોકસેવકોએ કે સવારે શું થવાનું છે ? ૧૨.૩૯ ના શુભ મુહુર્તે આપણે ત્યાં સાથે ભોજન લઈને ઉમેદવારી પત્ર ભરવા જઈશું તેવો ઉત્સાહભેર મેસેજ, સમાચાર આપનાર 'નામ' જાહેર થયેલા નેતાઓને હતાશાનો ભોગ બનવું પડયું ને પાંચ વર્ષનો વનવાસ મળ્યો હોય તેવી હાલત જોવા મળી હતી. ગઈકાલે રાજયભરમાં બીજા તબક્કાની જયાં ચૂંટણી છે તેવા વિસ્તારમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા ઉમેદવારોની ઉથલપાથલ કરવામાં આવી તે પ્રકરણ અનેક પ્રકારની લોકચર્ચાનો દોર શરૂ થયો. બનાસકાંઠા જિલ્લામાં પ્રામાણિક પક્ષને વફાદાર રહેલ વર્તમાન ધારાસભ્યોની ટીકીટ છેલ્લી ઘડીએ કાપીને અન્ય ઉમેદવારને આપતાં વર્તમાન ધારાસભ્યોની ટીકીટ છેલ્લી ઘડીએ કાપીને અન્ય ઉમેદવારને આપતા વર્તમાન ધારાસભ્યોના સમર્થકોને પક્ષમાં વસવસો હતો પણ રાધનપુરના કોંગ્રેસના લવીંગજી ઠાકોર ભાજપમાં ભળતાં જ ટીકીટની ભેટ મળી તો ઠાકોર ક્ષત્રીય સેનાના અલ્પેશ ઠાકોર (ઝાલા)ને કોંગ્રેસ પક્ષે નવાજ્યા રઘુભાઈ દેસાઈને ચાણસ્મા તો ભાજપે નાગરજીને કાપતાં વસવસો વ્યકત કરતાં હતા. દિયોદરમાં ભરતસિંહ, થરાદમાં ગુલાબસિંહ, ધાનેરામાં જોઈતાભાઈના નામો જોરશોરથી ચગ્યા પછી છેલ્લી ઘડીની સવારે જ્યારે લોકોએ બીજા નામો જાહેર થતાં નિરાશા વ્યકત કરતાં હતા. સિદ્ધપુરમાં જયનારાયયણ વ્યાસ સામે કોંગ્રેસના ચંદનજી ઠાકોર તથા પાટણમાં રણછોડભાઈ પટેલ ભાજપ સામે કીરીટ પટેલને કોંગ્રેસ ઉમેદવાર જાહેર કર્યા છે. આ બધી ઉથલપાથલમાં રાજકીય નિષ્ણાંતો પણ દ્વિધામાં મુકાઈ ગયા છે. ખરેખર ૧૫૧ નું કે ૧૮૧ નું ટારગેટ મોકલવામાં ય સફળતા મળે ખરી ? ઉમેદવારી પત્રો ભરવાની સમય મર્યાદા પૂર્ણ થતાં ચૂંટણી પ્રક્રિયા બીજા તબક્કે હાલમાં જામશે.ભાજપ કોંગ્રેસમાં જે મહાજંગ જોવા મળશે તેવી ધારણા હવે ખોટી પડે, સબ સલામત જેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. મતદારો પોતાનો ઉભરો કાઢે તેકંઈ કહેવાય નહીં, બાકી ગુજરાત વિધાનસભા ચૂંટણી એક પ્રક્રિયા જ બની રહેશે તેવું લોકો માને છે. વધુ આવતા અંકે..

**બનાસકાંઠામાં કોંગ્રેસ ઉમેદવારોને લઈ ભારે 'અપસેટ'**

# ધાનેરા, કાંકરેજના ધારાસભ્યની બાદબાકી અને વડગામના ધારાસભ્યની બેઠક બદલાઈ

**દિયોદરમાં શિવાભાઈ ભૂરીયા, થરાદમાં ડી.ડી.રાજપુત, ધાનેરામાં નથાભાઈ પટેલ અને કાંકરેજમાં દિનેશભાઈ ઝાલેરાને ટીકીટ વડગામમાં 'મેન્ડેટ' ન ફાળવાયું : દલિત નેતા જિજ્ઞેશ મેવાણીની અપક્ષમાં દાવેદારી**

ડીસા

બનાસકાંઠા જિલ્લાની ૯ વિધાનસભા બેઠક પૈકી છ બેઠક કોંગ્રેસના કબ્જામાં છે. ત્યારે રાજયસભાની ચૂંટણીની વફાદારીના કારણે ચૂંટણી અગાઉ છએ ઉમેદવારો 'રીપીટ' થશે. તેવી અટકળો વહેતી હતી. પરંતુ ઉમેદવારો જાહેર કરાતા ન હતા. તેથી ઉમેદવારોના નામોને લઈ અવનવી અટકળોનું બજાર ગરમાગરમ બની ગયું હતું. આખરે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ઉમેદવારો જાહેર થતા ભારે 'અપસેટ' સર્જાયો હતો.

ચૂંટણી જાહેર થઈ તે પૂર્વે જિલ્લાની પાલનપુર, ડીસા, દાંતા, વડગામ, ધાનેરા, અને કાંકરેજ બેઠક ઉપર કોંગ્રેસના ધારાસભ્યો 'રીપીટ' થશે તેમ જણાતુ હતું. પરંતુ કોંગ્રેસ બળવાની બીકે ઉમેદવારો જાહેર કરવામાં અચકાતું ન હતું. તેથી નીતનવા નામોની અટકળો વહેતી હતી. ભાજપના ઉમેદવારો જાહેર થઈ જવા છતાં કોંગ્રેસના એકેય ઉમેદવારો જાહેર કરાયા ન હતા. આ વખતે ઠાકોર સેના અને દલિત નેતાની કોંગ્રેસમાં એન્ટ્રીથી સમીકરણો બદલાયા હતા. તેથી કોંગ્રેસને સર્વસંમત નામોની યાદી જાહેર કરવામાં અસહ્ય વિલંબ થયો હતો. જેના કારણે ઉમેદવારોની યાદીને લઈ ભારે ઉત્તેજના છવાઈ હતી. આખરે ગઈકાલે સોમવારે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે કોંગ્રેસે ઉમેદવારો જાહેર કર્યા હતા. જેમાં ભારે 'અપસેટ' (ઉલટફેર) થતા ખુદ કોંગ્રેસના આગેવાનો અંચબામાં પડી ગયા હતા. જેમાં વધેલી વયના કારણે કાંકરેજ અને ધાનેરા બેઠક ઉપર ઉમેદવારો બદલાવાની વહેતી અટકળો સાચી પુરવાર થઈ હતી. તેથી કાંકરેજ બેઠક ઉપર ઠાકોર સેનાના દિનેશભાઈ ઝાલેરા અને ધાનેરા બેઠક ઉપર નથાભાઈ પટેલને ટીકીટ ફાળવાઈ હતી. જ્યારે દિયોદર અને થરાદ બેઠક ઉપર ઉમેદવારો જાહેર થઈ ગયા હતા. તેમ છતાં તેમને બદલી દેવાયા હતા અને છેલ્લી ઘડીએ દિયોદર બેઠક ઉપર શિવાભાઈ ભુરીયા અને થરાદ બેઠક ઉપર ડી. ડી. રાજપુતે ટીકીટ ફાળવાઈ હતી. એ સિવાય વડગામ (અ.જાતિ) બેઠકના વર્તમાન ધારાસભ્ય મણીભાઈ વાઘેલાને ઈડરની બેઠક આપવામાં આવી હતી. તેમના સ્થાને ઉમેદવારોના રાફડાના કારણે કોંગ્રેસ મોવડી મંડળ છેલ્લી ઘડી સુધી 'મેન્ડેટ' પણ આપી શક્યું હતું. પરંતુ દલિત નેતા જિજ્ઞેશ મેવાણી, અશ્વિનભાઈ પરમાર, બાલકૃષ્ણ જીરાલા સહિતના કોંગ્રેસ આગેવાનોએ અપક્ષમાં ફોર્મ ભર્યા હતા. તેથી આ બેઠક ઉપર ઉમેદવારોની લડાઈ યથાવત રહેવા પામી છે.

# કાંકરેજમાં કોંગ્રેસ ઉમેદવાર દિનેશભાઈ જાલેરાએ ફોર્મ ભર્યુ


વિજય સિલ્વા

**વર્તમાન ધારાસભ્ય ધારસીજી ખાનપુરા નારાજ : કોંગ્રેસના પીઢ અગ્રણી લેબુજી ઠાકોરની અપક્ષમાં દાવેદારી**

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ બેઠકના છેલ્લી ઘડીએ કોંગ્રેસના ઉમેદવાર જાહેર થયેલા દિનેશભાઈ જાલેરાએ ટેકેદારો સાથે પોતાનું ફોર્મ ચૂંટણી અધિકારી અને મામલતદાર એસ.જે.ચાવડાને સુપ્રત કર્યું હતું.

કાંકરેજ બેઠક ઉપર ગત ચૂંટણીમાં પાતળી સરસાઈથી જીતેલા કોંગ્રેસના ધારાસભ્ય ધારસીભાઈ ખાનપુરાની છેલ્લી ઘડીએ બાદબાકી કરી દિનેશભાઈ જાલેરા(ભદ્રેવાડી) ને ટીકીટ ફાળવાઈ હતી. તેથી વર્તમાન ધારાસભ્ય અને તેમના સમર્થકોમાં નારાજગી છવાઈ હતી. જેમની નારાજગી વચ્ચે તેમણે ટેકેદારો સાથે ફોર્મ ભર્યુ હતું. જો કે કોંગ્રેસના પીઢ અગ્રણી અને પાદરડીના પૂર્વ ડેલિગેટ લેબુજી ભુદરજી ઠાકોરે અપક્ષ દાવેદારી નોંધાવી હતી. એ સિવાય અપક્ષમાંથી વાઘાભાઈ મકવાણા, ભેમજીભાઈ પરમાર અને લેબુજી ઠાકોરે પણ ફોર્મ ભર્યુ હતું. જો કે આજે ભરાયેલ ફોર્મની ચકાસણી બાદ તા. ૩૦/૧૧/ ૨૦૧૭ ના રોજ ફોર્મ પરત ખેંચાયા બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થવા પામશે.

# દાંતા વિધાનસભા સીટ પર ભાજપ - કોંગ્રેસે ઉમેદવારી નોંધાવી


અશ્વિન જાની



પ્રતિનિધિ દાંતા

વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે. ત્યારે ઉમેદવારી નોંધાવાની છેલ્લી તારીખ હોઈ, ૧૦ દાંતા વિધાનસભાની સીટ પર ભાજપના માલજીભાઈ કોદરવી તેમજ કોંગ્રેસના કાન્તીભાઈ ખરાડીએ ઉમેદવારી નોંધાવી હતી. માલજીભાઈ સ્થાનિક ઉમેદવાર હોઈ દાંતા ગામમાં બાઈક રેલી દ્વારા નગરચર્યા કરી હતી. ઠેરઠેર પુષ્પવર્ષા દ્વારા વધાવવામાં આવ્યા હતા. ત્યારબાદ કાર્યાલય ખાતે સભા સંબોધી ૧૨:૩૦ ના વિજય મુહુર્તે ઉમેદવારી નોંધાવી હતી. દાંતાના ઈતિહાસમાં ભાજપની સભામાં સૌથી વધારે જનમેદની ઉમટી પડી હતી. લગભગ ૧૦ થી ૧૨ હજાર માણસોએ હાજરી આપી હતી. તેમજ કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે કોંગ્રેસ ઉમેદવાર કાન્તીભાઈ ખરાડીએ પણ ટેકેદારોની હાજરીમાં ફોર્મ ભર્યું હતું.

# ડીસામાં અપક્ષ તરીકે બહાદૂરસિંહ વાઘેલાની દાવેદારી


ભરત સુંદેશા

ડીસા

ડીસા તાલુકામાં પુર પીડીત ખેડૂતોની વ્હારે ચડેલા ક્ષત્રિય આગેવાન બહાદૂરસિંહ વાઘેલાએ ખેડૂતો અને આમ પ્રજાના સાથ અને સહકારથી ગઈકાલે સોમવારે અપક્ષ ઉમેદવાર તરીકે પોતાનું ફોર્મ ચૂંટણી અધિકારીને સુપ્રત કર્યુ હતું. તેમના સમર્થનમાં ગામેગામથી ખેડૂતો અને સમર્થકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

# ડીસાના રાણપુર નજીક કાર ઝાડ સાથે ટકરાતા એકનું મોત


ભરત સુંદેશા

ડીસા

ડીસાના રાણપુર ગામ નજીક વાસડા પાસે ગઈકાલે મોડી રાત્રે જીજે.૨૨.જે.૨૨૩૭ નંબરની કારના ચાલકે એકાએક કાબુ ગુમાવતાં કાર ઝાડ સાથે ટકરાઈ હતી. જેમાં કાર ચાલક હરેશ બાબુલાલ માળી ઉંમર ૩૦, રહે.વીડી વાળાનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતું. જ્યારે બે વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. જેમને ડીસા સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

# ડીસાના ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોની સંપત્તિ

ડીસા

ડીસા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર શશીકાંત પંડ્યા પાસે રૂ.૧૭,૧૯,૫૭૪ ની જંગમ મિલકત તેમજ રૂ.૨,૭૦,૦૦,૦૦૦ ની સ્થાવર મિલકત છે. જ્યારે તેમના માથે બેંક વગેરેની જવાબદારી કુલ ૯૭,૫૬,૫૦૨ રૂપિયાની છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર ગોવાભાઈ રબારી પણ કરોડપતિ ઉમેદવાર છે. ગોવાભાઈ પાસે રૂ.૮૭,૩૦,૮૦૦ ની જંગમ મિલકત અને તેમની પત્ની રાનીબેન ના નામે રૂ.૫૨,૧૮, ૪૩૨ની જંગમ મિલકત છે. ગોવાભાઈ પાસે રૂ.૧,૬૭,૧૩, ૦૦૦ ની સ્થાવર મિલકત અને તેમના પત્ની રાણીબહેન ના નામે રૂ.૮,૨૧,૦૦૦ની સ્થાવર મિલકત છે. ગોવાભાઈ દેસાઈ વાહનમાં પોતાના નામે વર્ષો જૂની એક માત્ર જીપ ધરાવે છે. જ્યારે ભાજપના ઉમેદવાર શશીકાંત પંડ્યા પાસે પોતાના નામે કોઈ પણ પ્રકારનું વાહન નથી.

# દીઓદર વિધાનસભા બેઠકમાં છેલ્લા દિવસે આઠ ફોર્મ ભરાયા

તાલુકા પ્રતિનિધિ દીઓદર

સમગ્ર ગુજરાતમાં વિધાનસભાની ચુંટણી તા.૧૪-૧૧-૨૦૧૭ના રોજ યોજાશે. ચુંટણી પૂર્વે કેટલીય બેઠકો ઉપર ફોર્મ ભરવાના અંતિમ દિવસ સુધી બંન્ને પક્ષો દ્વારા ઉમેદવારો જાહેર ન થતાં ચુંટણીમાં ગરમાવો આવી ગયો હતો. અને ફોર્મ ભરવાના છેલ્લા દિવસે બાકી રહી ગયેલ ઉમેદવારોને મેન્ડેડ દ્વારા જાહેર કરવામાં આવેલ. જે અંતર્ગત ૧૪,દીઓદર વિધાનસભા બેઠકની ચુંટણી માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસે વધુ આઠ ફોર્મ ભરવા પામેલ જેમાં દીઓદર સીટમાં કોંગ્રેસમાંથી શીવાભાઈ ભુરીયાએ પોતાના સમર્થકો સાથે કોંગ્રેસના ઉમેદવાર તરીકે બપોરે ૧૨.૩૯ કલાકે ફોર્મ ભરેલ. દીઓદર બેઠકમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે શીવાભાઈ ભુરીયાના નામનો મેન્ડેડ આવતાં તેમની સામે જ ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણી ચૌહાણ મુકેશજી શીવાજીએ પણ કોંગ્રેસ પક્ષમાંથી ઉમેદવારી નોંધાવેલ છે. આમ ૧૪ દીઓદર વિધાનસભા સીટમાં કોંગ્રેસ પક્ષે ૨ ફોર્મ ભરાવા પામેલ છે. જોકે પક્ષનો મેન્ડેડ તાલુકા પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ દ્વારા શીવાભાઈ ભુરીયાનો રજુ કરવામાં આવેલ.

ત્યારબાદ અપક્ષ - સીલાણા થાંનાભાઈ ડુંગરાજી, બહુજન મુક્તિ પાર્ટી - વાઘેલા હીરાજી પ્રહલાદજી, અપક્ષ - રબારી ભુરાભાઈ ડાહ્યાભાઈ, અપક્ષ - પટેલ વેનાજી પ્રભુજી, બહુજન સમાજ પાર્ટી - અદિલિયા ઉમેદભાઈ નાગરભાઈ, અપક્ષ - મુકેશજી શીવાજી ચૌહાણે ફોર્મ ભરેલ. મુકેશજી ચૌહાણે કોંગ્રેસ તેમજ અપક્ષમાંથી ઉમેદવારી કરવા માટે મોટી સંખ્યામાં તેમના સમર્થકો સાથે દીઓદર પ્રાંત કચેરી ખાતે આવી પહોંચેલ. આમ ફોર્મ ભરવાના અંતિમ દિવસે અપક્ષ તેમજ વિવિધ પાર્ટીઓ દ્વારા કુલ ૮ ફોર્મ ભરાવા પામેલ છે. જેમાં અત્યાર સુધી કુલ ૧૪ ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવેલ છે. આમ ચુંટણી ફોર્મ પાછા ખેંચવાના અંતિમ દિવસે ચુંટણી ચિત્ર સ્પષ્ટ થશે. તા.૨૮-૧૧-૨૦૧૭ના રોજ ફોર્મની ચકાસણી થશે. તેમજ તા.૩૦-૧૧-૨૦૧૭ના રોજ ફોર્મ પરત ખેંચી શકાશે. ત્યારબાદ ચુંટણી ચિત્ર સ્પષ્ટ થશે. અત્યારથી જ શીયાળાની ફુલ ગુલાબી ઠંડીમાં રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. દરેક પક્ષોએ જોર શોરથી પોતાના પ્રચારો શરૂ કરી દીધા છે.

# ડીસા નજીક રાજસ્થાનના વેપારી પાસેથી ૫ લાખની રોકડ ઝડપાઈ


ભરત સુંદેશા

ડીસા

ડીસા નજીક પોલીસે ચૂંટણી આચાર સંહિતાના અમલ માટે ચેકીંગ હાથ ધર્યુ હતું. જે દરમ્યાન રાજસ્થાનના વેપારી રૂપસીજી કરણસિંહ રાજપૂત પાસેથી ૫ લાખ રૂપિયા રોકડ ઝડપી લીધી હતી. પોલીસે તેમની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વડગામ બેઠકમાં કોંગ્રેસના યુવા અગ્રણીએ ફોર્મ ભર્યુ


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

૧૧- વડગામ વિધાનસભાની અનામત બેઠકમાં ગઈકાલ તારીખ ૨૭/૧૧/૨૦૧૭ સોમવારે યુવા અગ્રણી અશ્વિનભાઈ દોલતભાઈ પરમારે વિશાળ ટેકેદારો સાથે ઉમેદવારી ફોર્મ રજુ કર્યું હતું. આ પ્રસંગે તા. કો.પ્રમુખ યાસીનખાન ખોખર, માર્કેટયાર્ડ ડિરેક્ટર ફત્તાભાઈ સી. કરેણ, છાપી સરપંચ ભરતભાઈ જી. પટેલ, બિસુંભાઈ તુંવર (નવોવાસ સરપંચ), યાસીનભાઈ સિકારી સહિત તમામ સમાજોનો અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અશ્વિનભાઈ ડી.પરમારની ઉમેદવારીને લઘુમતી સમાજ સહિત તમામ સમાજોનો આવકાર સાંપડ્યો છે. વડગામ ખાતે તેમના ટેકેદારો ઉમટી પડ્યા હતા.

# ગજનીપુર પાસેથી વિદેશ દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ


સાદુલસિંહ રાઠોડ

પ્રતિ. મુડેઠા

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજરે અગામી વિધાન સભાની ચુંટણી શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે યોજાય તે સંબંધે જિલ્લામાં દેશી/વિદેશી દારૂની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા જે એચ સિંધવ ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એલસીબી તથા સ્ટાફના ગણપતલાલ, રઘુવીરસિંહ, નરેશભાઈ, દિગ્વિજયસિંહ, જયપાલસિંહ, મિલનભાઈ, ધેગાજી, મહિપાલસિંહ, તથા ભીલડી પોસ્ટે પો.સ.ઈ.સરવારખાન પઠાણ તથા સ્ટાફના અરજનભાઈ સાથે

**અનુસંધાન પાના નં.૬**

# અંકલેશ્વર હાઈવે ઉપરથી ૮૩ પેટી દારૂ પકડાયો

અંકલેશ્વર

વડોદરા આરઆર સેલ દ્વારા અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર આઠ ઉપર વિદેશી દારૂ લઈ જતી બે કારને ઝડપી પાડવામાં આવી હતી. તેમજ ચાર વ્યક્તિઓની આરઆર સેલે ધરપકડ કરી છે.

ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીનો પ્રચાર તેની ચરમસીમા ઉપર છે. ઉમેદવારો વિજય મેળવવા માટે આકાશપાતાળ એક કરી રહ્યા છે.

**અનુસંધાન પાના નં.૬**

# થરાદ અને દિયોદર વિધાનસભા બેઠકના જનરલ ઓબ્ઝર્વર વિરેન્દ્રસિંહનું જિલ્લામાં આગમન

પાલનપુર

વિધાનસભા સામાન્ય ચૂંટણી - ૨૦૧૭ અન્વયે ૮-થરાદ અને ૧૪ - દિયોદર વિધાનભાની સામાન્ય ચૂંટણી માટે ભારતીય ચૂંટણી પંચ દ્વારા જનરલ ઓબ્ઝર્વર તરીકે વિરેન્દ્રસિંહ (આઈ.એ. એસ.) ની નિમણુંક કરવામાં આવેલી છે. તેઓ મિટીંગ હોલ સર્કીટ હાઉસ (વિશ્રામગૃહ) થરાદ ખાતે તા.૨૭/૧૧/૨૦૧૭ થી સવારે ૧૧-૦૦ થી ૧૨-૦૦ કલાક સુધી મળી શકશે. તેઓના મોબાઈલ નંબર ૭૦૬૯૦ ૫૨૮૦૮ તેમજ લેન્ડ લાઈન નંબર ૦૨૭૩૭ ૨૨૩૬૧૧ છે. ચૂંટણીને લગતી કોઈ બાબત અથવા ફરિયાદ હોય તો તેઓના ઉપરોક્ત સરનામે અથવા મોબાઈલ નંબર પર મતદારોને સંપર્ક કરવા જણાવાયું છે.

**થરાદમાં છેલ્લે દિવસે ૧૯ ઉમેદવારોએ ૨૩ ફોર્મ ભર્યાં**

# થરાદ બેઠક માટે વિવિધ પક્ષના કુલ ૨૯ ઉમેદવારોની દાવેદારી


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

વિધાનસભાની થરાદ બેઠક પર ઉમેદવારીપત્રો ભરવાના અંતિમ દિવસે ૧૯ ઉમેદવારોએ પોતાના ફોર્મ રજુ કર્યાં હતા.આમ થરાદ બેઠક માટે વિવિધપક્ષોના કુલ ૨૯ ઉમેદવારોએ પોતાના ફોર્મ ભરતાં હવે કોણ કોણ મેદાનમાં રહેશે તેના પર સૌકોઇની નજર મંડરાઇ છે.

વિધાનસભાની થરાદ બેઠક માટે કુલ ૩૮ ઉમેદવારો ૫૮ ફોર્મ ભરવા માટે લઇ ગયા હતા.જે પૈકી શુક્રવારથી ફોર્મ ભરાવાના શ્રીગણેશ થતાં પ્રથમ દિવસે ભાજપના ધારાસભ્ય પરબતભાઈ પટેલ સહિત ત્રણ ઉમેદવારોના છ ફોર્મ ભરાયાં હતાં.જ્યારે અંતિમ દિવસે વધુ ૧૯ ઉમેદવારો એ ૨૩ ફોર્મ રજુ કર્યા હતા. જેમાં કૉંગ્રેસના ઉમેદવાર ડીડી રાજપુત સહિત યુવાસરકાર (૧),કૉંગ્રેસ (૭), સમાજવાદી (૧),આપણી સરકાર (૧), અપક્ષ (૧૩), બહુજન સમાજ પાર્ટી (૧)નો સમાવેશ થતો હતો.આમ ભાજપ (૫) મળીને કુલ ૨૯ ઉમેદવારીપત્રો ભરવામાં આવ્યાં હતાં. જોકે હવે કેટલા ઉમેદવારો ચુંટણી જંગમાં રહેછે અને કેટલા પરત ખેંચશે તેના પર સૌ કોઈની નજરો મંડરાવા પામી છે.

**ફોર્મ પરત ખેંચાવા સમજાવવાની બેઠકોનો દોર ચાલુ**

વિધાનસભામાં ૨૯ ઉમેદવારોએ પોતાનાં ઉમેદવારીપત્રો રજુ કરી દીધાં હતાં.જોકે મુખ્ય પક્ષો વચ્ચે રસાકસી રહેતી હોઈ અન્ય ઉમેદવારો તેમના માટે નુકશાનકારક બની શકે છે.આથી આવા ઉમેદવારો ને કોઈપણ બેસાડવા માટેની કામગીરીઓ પણ હાથ ધરી દેવામાં આવી હતી.જેમાં તમામ પ્રકારનાં પ્રલોભનો,સગાંસંબંધીઓ કે અન્ય પ્રકારે પણ સમજાવવામાં આવતા હોવાનું ચર્ચાસ્પદ બન્યું હતું.

## તંત્રી સ્થાનેથી ...

**પ્રભુનું નામ લેશે તે મૂક્ત થઈ જશે.**

# જેનેરિક દવા દેશમાં ગરીબ દર્દીઓને ઉપલબ્ધ થવી જરૂરી

વર્તમાન સંજોગોમાં દેશમાં જેનેરિક દવાની વારંવાર ચર્ચા થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ દેશના ડૉક્ટરોને જેનેરિક દવાઓ લખવાની અપીલ કરી ચુક્યા છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે સરકાર તરફથી તૈયાર કરવામાં આવેલ. ''ડ્રગ્સ કોસ્મેટિક્સ એક્ટ'' માં જેનેરિક દવાની સાચી પરિભાષા પણ નક્કી કરાઈ નથી. કહેવાય છે કે ભારત સરકાર જેનેરિક દવાની બેવડી નીતિ રાખે છે. દેશમાં જેનેરિક દવા કંઈક જુદી છે અને વૈશ્વિક સ્તરે તેની પરિભાષા કંઈક અલગ છે, એટલું જ નહિ દેશમાં દવાઓની ઉપલબ્ધતા, ગુણવત્તા, બજારમાં તેની કિંમતો આ બધી ઘણી સમસ્યાઓ તો છે જ. દેશમાં માર્ચ ૨૦૧૮ સુધી ૩૦૦૦ થી વધુ જનઔષધિ કેન્દ્ર બનાવવાનું સરકારનું લક્ષ્ય છે. જ્યાંથી જરૂરી દવાઓ સામાન્ય લોકોને ઉપલબ્ધ થઈ શકશે.

મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પ્રેસિડન્ટ ડૉ. જયશ્રી મહેતા જેનેરિક દવાના મામલામાં કહે છે કે દેશમાં ડૉક્ટરોને કહેવામા આવ્યું છે કે શક્ય હોય એટલી દવાનું જેનેરિક નામ લખો, જો કોઈ ડૉક્ટર દવાનું જેનેરિક નામ લખતો નથી. તો કાયદા હેઠળ ડૉક્ટરો સામે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરી શકાય નહિં.

જેનેરિક દવાઓ બધાને ઉપલબ્ધ થાય અને દવાની કિંમત નક્કી થાય તો આ કામ આરોગ્ય મંત્રાલય અને ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્મા કોલોજીનું છે. કેન્દ્રના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી.નડ્ડાએ એવું કહ્યું છે કે બધાને ગુણવત્તાપૂર્ણ અને સસ્તી દવા ઉપલબ્ધ થાય તેના માટે સમગ્ર દેશમાં જનઔષધિ કેન્દ્ર ખોલવામાં આવી રહ્યા છે. આ કેન્દ્ર ખાતેથી વધુમાં વધુ દવા લોકોને મળી શકે તેના માટે કામ કરી રહ્યા છીએ.

એઈમ્સના ફાર્માકોલોજી વિભાગના પ્રમુખ ડૉ.વાય.કે.ગુપ્તાના જણાવ્યા મુજબ કોઈપણ દવાને લાયસન્સ મળે ત્યારે અને દવાની ગુણવત્તા ૯૫ ટકાથી વધુ હોય પછી તે જેનેરિક હોય કે કોઈ બ્રાન્ડની તેની પર આંગળી ચિંધી શકાય નહિં.

વર્તમાન સંજોગોમાં દેશમાં ૭ લાખ દવાની દુકાનોમાંથી આશરે ૩ લાખ દુકાનો લાયસન્સ વિના ચાલી રહી હોવાનું પણ બહાર આવેલ છે. દેશમાં લગભગ ૮૫૦૦ દવા બનાવતી કંપનીઓ છે અને દવાની ગુણવત્તા તપાસવા માટે દેશમાં માત્ર ૫૦૦૦ ડ્રગ્સ ઈન્સપેક્ટર છે. અને તેમના પર દવાની ગુણવત્તાથી માંડીને કંપનીઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી ચકાસવાની જવાબદારી હોય છે.

સરકારી હોસ્પિટલોમાં સપ્લાય થતી આશરે ૧૦ ટકા દવાઓની ક્વોલિટી સારી હોતી નથી. ચાલુ વર્ષે આરોગ્ય મંત્રાલયના એક સર્વેમાં આ હકીકત બહાર આવી છે. સર્વેમાં ૬૫૪ જિલ્લામાંથી ૪૭૦૦૦ ઉપરાંત ડ્રગ્સના લેવાયેલા નમુનામાં આ વાત પ્રકાશમાં આવેલ.

સરકારી હોસ્પિટલોમાં ડૉક્ટરો અમુક દવાઓ તો દર્દીને બહારની લખી આપે છે. ત્યારે ગરીબ અને સામાન્ય વર્ગના લોકો જે આશાથી સરકારી દવાખાને આવે છે. તેઓને બહારની મોંઘીદાટ દવાઓ ખરીદવી પડતી હોય છે. આરોગ્ય વિભાગે આ બાબતે દેશની તમામ સરકારી હોસ્પિટલોમાં દવાઓના સ્ટોકની તપાસ ચલાવવી જોઈએ. સરકારી હોસ્પિટલમાં આવતા લોકો ધનિક હોતા નથી. આ બાબત સરકારે ધ્યાનમાં લેવી જોઈએ. આર્થિક રીતે પીડાતા લોકોને તમામ પ્રકારની મદદ સરકાર દ્વારા મળી રહે તેવી નીતિ અખત્યાર કરવી જોઈએ. ડ્રગ્સ કન્ટ્રોલર ઓફ ઈન્ડિયાના ડૉ.જી.એન. સિંહના જણાવ્યા મુજબ ભારતમાં ૨.૩૦ લાખ હજાર કરોડ રૂપિયાનું દવાબજાર છે, તેમાં આશરે ૧.૨૦ લાખ હજાર કરોડની દવાની વપરાશ છે. જ્યારે ૧.૧૦ લાખ હજાર કરોડની દવા પશ્ચિમિ અને યુરોપિયન દેશોમાં સપ્લાય કરાય છે. એક હકીકત છે કે ભારતમાં વપરાતી દવાનો ૮૦ ટકા કાચો માલ ચીનથી ભારત આવે છે. ચીનથી સસ્તા દરે કાચો માલ ઉપલબ્ધ થાય છે. તેમાંથી દવાઓ બનાવવામાં આવતી હોય છે. જો કે દેશમાં જનઔષધિ કેન્દ્રો વધુ બને એ જરૂરી છે.

## એરિના બાય ટ્રાન્સસ્ટેડિયા ખાતે 'એ. આર. રહેમાન એન્કોર - કોન્સર્ટ'

મુંબઈ

અડધાથી વધુ દાયકાના અંત પછી, મ્યુઝિક માસ્ટ્રો એ આર રહેમાન તેમની ભારતમાં વિશાળ એવી મલ્ટી સિટી ટુર દરમિયાન પોતાનો જાદુ પાથરશે અને વર્ષોથી તેમની સંગીતની સફરને લોકો સમક્ષ ફરી ઉજાગર કરશે. ઈવેન્ટ પાર્ટનર્સ વ્હાઈટ રિવર એન્ટરટેનમેન્ટ અને લાઈવ વાયાકોમ ૧૮ અને ઓફિશિયલ ટિકિટ પાર્ટનર બૂકમાયશો સાથે મળીને આ રોમાંચક ઈવેન્ટ એ. આર. રહેમાન એન્કોર - ધ કોન્સર્ટનું આયોજન એરિના બાય ટ્રાન્સસ્ટેડિયા દ્વારા અમદાવાદમાં રવિવારે ૩ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ સાંજે ૭ વાગ્યાથી થયું છે. જેમાં રહેમાનની સંગીતમાં ૨૫ વર્ષની સફરની ઉજવણી કરવામાં આવશે.અમદાવાદના લેન્ડમાર્ક સમન એરિના બાય ટ્રાન્સસ્ટેડિયા આ રોમાંચક ઈવેન્ટને હોસ્ટ કરશે જેમાં સંગીતપ્રેમીઓ માટે લાઈવ મ્યુઝિકનું આયોજન કરાયું છે. આ શોમાં સહયોગ આપવા માટે મોહિત ચૌહાણ, શાશા તિરૂપતિ, જાવેદ અલી, હર્ષદીપ કૌર, જોનિતા ગાંધી અને હૃદય ગટ્ટાણી સામેલ રહેશે. એરિનાને ભવ્યાતિભવ્ય સ્ટેજમાં તબદિલ કરાયું છે અને ત્યાં પદ્મ ભૂષણ એવોર્ડ પ્રાપ્ત રહેમાનને સાંભળવાની તક ઓડિયન્સને મળશે.ઘણીવાર હું વિચારું છું કે મને જ્યારે મુશ્કેલી પડે છે તે વાસ્તવમાં સર્વશક્તિમાન મને મારી ખુશીઓ બમણી થઈ શકે એ માટે આપે છે. મને મારા પ્રશંસકો તરફથી, પરિવારજનો અને મિત્રો તરફથી ખૂબ જ પ્રેમ અને સહયોગ મળ્યા છે. પતિથી લઈને પિતા તરીકે, કમ્પોઝરથી લઈને મેન્ટોર તરીકે મેં અનેક ભૂમિકા ભજવી પણ મ્યુઝિક હંમેશા સતત રહ્યું છે. મારા માટે સંગીત એક આધ્યાત્મિક જોડાણ સમાન છે જે જોડાણ ઓડિયન્સ અને મારી વચ્ચે છે. લાંબા સમય પછી વતનમાં પર્ફોર્મ કરવા માટે રોમાંચ અનુભવું છું. આવો અને મારી સાથે જોડાઓ અને મારી સાથેના ઉત્તમ ગાયકો સાથે હું આજે જે છું તેની મને મળેલી પ્રેરણાની ઉજવણી કરીશ.'

સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર ઉદિત શેઠે કહ્યું હતું, 'વાઉ.. હું આટલું જ કહી શકીશ.. અમે દેશના સર્વોત્તમ સંગીતકાર અને કમ્પોઝરને આવકારવા આતુર છીએ અને રોમાંચિત છીએ. સ્પોર્ટિંગ લીગ્સને સફળતાપૂર્વક હોસ્ટ કર્યા પછી, અમે ગુજરાતમાં આ મેગા ઈવેન્ટ લાવી રહ્યા છીએ. ફૂટબોલ સ્ટેડિયમથી લઈને એરિના ફુલ સિટેડ કોન્સર્ટ એમ્બિયન્સમાં તબદિલ થયું છે અને ત્યાં અમદાવાદીઓને એક અદભૂત અનુભવ મળશે. આ એક જાદુઈ રાત્રી બની શકશે.'

**આત્મચિંતન**

## સાધકની પાત્રતા

દૈવી શક્તિઓના અવતરણ માટે પ્રથમ શરત પાત્રતા, પવિત્રતા અને પ્રામાણિકતાની છે. સર્વત્ર તેની શોધ માંગ છે, કેમ કે પોતાનું સંતાન વિવાહ યોગ્ય થઈ જતાં વડીલો ઉપયુક્ત પાત્રની તપાસ કરવા માટે ઘણી દોડધામ કરે છે, પરંતુ કોઈ કુપાત્ર પોતાની પાડોશમાં જ હોય, તો પણ તેના તરફથી મોં ફેરવી લે છે. આધ્યાત્મિક સિદ્ધિઓ ઈશ્વરની પુત્રીઓ છે. તેમને પ્રાપ્ત કરવા માટે વ્યક્તિએ અંદરથી અને બહારથી પણ સર્વાંગ સુંદર બનવું જોઈએ. આ જ પાત્રતાની પરિભાષા છે.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# સિનેપોલિસ અંધેરી આપશે થિએટરનો નવો અનુભવ

હમણાં જ અપગ્રેડ કરેલું અંધેરી થિએટરમાં 'કરીબ કરીબ સિંગલના સ્ટાર કાસ્ટનું સ્વાગત કર્યું

ભારતનું પહેલું ઈન્ટરનેશનલ અને દુનિયાનું બીજું સૌથી મોટું મુવી થિએટર સર્કિટ સિનેપોલિસે હમણાં જ અપગ્રેડ કરેલા અંધેરી થિએટરમાં 'કરીબ કરીબ સિંગલના સ્ટાર કાસ્ટની સાથે એક મીટ એન્ડ ગ્રીટ સેશનનું આયોજન કર્યું હતું. ફિલ્મના મુખ્ય અભિનેતા ઈરફાન ખાન અને પાર્વતી પણ આ મોકા પર હાજર રહ્યા હતા. નવા લુકની સાથે થિએટર હવે ફિલ્મ પ્રેમિયોને ફિલ્મોનો એક ખાસ અનુભવ પ્રદાન કરશે.

## "આ ભૂમિકા મારા માટે બહુ મોટી જવાબદારી છે": લક્ષ લાલવાણી



૧. શોના ભાગ બનતાં પહેલાં પોરસ વિશે તમને કેટલી ખબર હતી?

મેં માત્ર ઈતિહાસ પુસ્તકોમાં વાંચ્યું છે તેટલું જ પોરસને જાણતો હતો. હું ચોક્કસપણે જાણતો હતો કે તેણે એલેક્ઝાન્ડર સામે મહાકાવ્ય યુદ્ધ લડ્યું હતું પરંતુ મને ભારતના મહાન સંરક્ષક પોરસ સામે વધુ જાણવા મળ્યું છે જ્યારથી શોમાં કામ કરવાનું શરૂ કર્યું હતું.

૨. તમે પાત્ર વિશે કેટલો અભ્યાસ કર્યો છે?

શોમાં મેં ૩૫૦ ઈ.સ. પૂર્વે જેના પર આધારિત છે તે વિશે અને પોરસ વિષે બધું જ વાંચ્યું છે, પરંતુ હું ઈચ્છતો હતો એટલી વધારે માહિતી મેળવી શક્યો નહીં. હું સિદ્ધાર્થ (કુમાર તિવારી) સર અને આખી ટીમ જેણે ઐતિહાસિક યુદ્ધ અને પોરસ વિશે મને માહિતી આપી છે તેના પર આભાર વ્યક્ત કરવા માગું છું.

૩. શોના સ્કેલ વિશે અમને જણાવો?

ઉત્પાદન મૂલ્યો ખરેખર ઊંચો છે આ સેટ ૯ એકર ફેલાયેલું છે જે ઉમરગાંવ, ગુજરાતમાં સ્થિત છે. આ સેટ એવી રીતે બનાવવામાં આવ્યો છે જે એવો દેખાય છે કે અમે વાસ્તવિક સ્થળોએ શૂટિંગ કરી રહ્યા છીએ. ઉપરાંત, જ્યારે જરૂર પડે ત્યારે, અમે વાસ્તવિક સ્થાનો પર શૂટીંગ કરીએ છીએ. અમે ખાઓશોક, થાઈલેન્ડમાં પણ શેડ્યૂલ પૂર્ણ કર્યું છે.

## આ બાળ દિવસે ફોર્ડનું લક્ષ્ય કાર્ટેસી અને સડક સુરક્ષા



ફોટો : શાંતી શાહ

સુરક્ષાને પહેલી પ્રાથમિક્તા બનાવવા માટે ગ્રાહકોને પ્રેરિત કરવા ફોર્ડે આ બાળ દિવસના અવસર પર સમગ્ર દેશમાં ફોર્ડની ડીલરશીપ પર આવનાર ગ્રાહકો માટે એક રોચક ઓન-ગ્રાઉન્ડ એક્ટિવિશન આયોજિત કર્યુ.

આ અદ્વિતિય ઓન-ગ્રાઉન્ડ એક્ટિવિશનમાં ટ્રાફિક સિગ્નલનો શું અર્થ થાય છે, આ વિશે માર્ગદર્શનની સાથે ઘણી મનોરંજક રમતો જેમ કે, પેઈન્ટિંગ, ક્વિઝ અને વર્કશોપમાં સર્વિસિંગ થતી જોવા જેવી એક્ટિવિટિઝ સામેલ હતી.આ દરમિયાન એક સૌથી રોચક ગતિવિધિ સુરક્ષા પર ક્વિઝ કરવામાં આવી હતી.આમાં બાળકો કવિઝના જવાબો આપી રહ્યા હતાં.આ એક્ટિવિશનનું આકર્ષણ "માય ફેમિલી સેફ્ટી રિપોર્ટ કાર્ડ" હતું, જેમાં બાળકોને એ આધાર પર પોતાના પેરેન્ટ્સને રેટિંગ આપવા માટે કહેવામાં આવ્યું હતું, કે તેઓ કેટલું સુરક્ષિત ડ્રાઈવ કરે છે અને ટ્રાફિકના નિયમોનું કેટલું પાલન કરે છે. "ફોર્ડ સડક સુરક્ષા વિશે જાગૃત્તા વધારવા માટે સમર્પિત છે. અદ્વિતિય એક્ટિવિશનની સાથે અમે ગ્રાહકોને આગ્રહ કરીએ છીએ કે તેઓ સુરક્ષાને એક વિકલ્પ ન ગણે અને તેને પ્રાથમિક્તા આપે."

## પ્રથમ વખત ટપરવેર ઈન્ડિયાએ લોન્ચ કર્યું 'માયલંચ'



ફોટો : શાંતી શાહ

સંપૂર્ણ સુરક્ષા સાથેનું પ્રિમિયમ કિચનવેર બ્રાન્ડ ટપરવેર ઈન્ડિયાએ પ્રથમ વાર પોતાની પ્રોડક્ટ 'માયલંચ' ઈન્ડિયામાં લોન્ચ કરી. આ બ્રાન્ડ નવીનતમ ઉત્પાદનો વિક્સાવવા અને રજૂ કરવા માટે પ્રતિબદ્ધ છે, જે વાપરવા માટે ટ્રેન્ડી, મનોરંજક અને તંદુરસ્ત છે. આ પરંપરા ચાલુ રાખતાં, ટપરવેરે માયલંચ લોન્ચ કર્યુ. આ લંબલોરસ આકારના લંચબોક્સમાંથી કાંઈ પણ પ્રવાહી લીક થશે નહિ.નાના હોય કે મોટા કોઈને પણ પોતાના લંચબોક્સમાંથી ખોરાક ઢોળાય એ ના ગમે, તેથી જ ગ્રાહકોની ચિંતા અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, તૈયાર કરેલ આ ટપરવેર માયલંચ લંચબોક્સ એ એક એવો ઉકેલ છે કે, જે સેજપણ લીક થયા વિના ખોરાક લઈ જઈ શકાય છે.

## વ્હીસલીંગ વુડસ ઈન્ટરનેશનલની ૨૦૧૮ માટે ની એન્ટ્રન્સ એકઝામની તારીખોની જાહેરાત કરાઈ

વ્હીસલીંગ વુડસ ઈન્ટરનેશનલ , એશિયાની અગ્રણી ફિલ્મ ,કોમ્યુનેકેશન અને ક્રિએટીવ આર્ટસ ઈન્સ્ટીટયુટ દ્વારા ૨૦૧૮ના શૈક્ષણિક વર્ષના ફુલ ટાઈમ ડીગ્રી અને ડીપ્લોમા કોર્સિસ માટે ૫ થી ૭ ડીસેમ્બેર દરમિયાન એન્ટ્રન્સ એકઝામની જાહેરાત કરવામાં આવી છે. WWI દ્વારા ડીગ્રી અને ડીપ્લોમા કોર્સ ટાટા ઈન્સ્ટીટયુટ ઓફ સોશિયલ સાયન્સીસ અધિકૃત ઓફર કરવામાં આવે છે. ુફિલ્મ, મીડીયા , કોમ્યુનિકેશન્સ અને ક્રિએટીવ આર્ટસમાં કરીયર બનાવવા માગતા વિધાર્થીઓ આ કોર્સિસમાં અરજી કરી શકે છે. જેમા બીએસસી/બીએ ઈન ફિલ્મ મેકીંગ, બીએ ઈન સ્કીન રાઈટીંગ , બીએ ઈન એનિમેશન ફિલ્મ મેકીંગ , બીએ ઈન એકટીંગ , બીએ ઈન ફેશન ડીઝાઈન , બીએ ઈન વિઝયુઅલ કોમ્યુનિકેશન ડીઝાઈન , બીએ ઈન મ્યુઝીક , બીબીએ ઈન મીડીયા એન્ડ કોમ્યુનિકેશન એન્ડ પીજીડી ઈન મીડીયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ . વિધાર્થીઓ ડીપ્લોમા કોર્સિસ માટે પણ અરજી કરી શકે છે જેમ કે, એડવાન્સડ ડીપ્લોમા ફિલ્મમેકીંગ , એડવાન્સડ ડીપ્લોમાં એકટીંગ , એડવાન્સડ ડીપ્લોમા સ્કીનરાઈટીંગ , ડીપ્લોમાં સ્કીન રાઈટીંગ. આ એન્ટ્રન્સ એકઝામ વ્હીસલીંગ વુડસ ઈન્ટરનેશનલ , ફિલ્મ સીટી કેમ્પસ ગોરેગાવ , ઈસ્ટ મુંબઈ ખાતે યોજાશે. હોલિવુડ રિપોર્ટરના મત મુજબ આ સંસ્થાનો સમાવેશ દુનિયાને બેસ્ટ ફિલ્મ સ્કુલમાં થાય છે. વધુ માહીતી માટે વિધાર્થીઓ www.whistlingwoods.net ની મુલાકાત લઈ ઓનલાઈન ફોર્મ ભરી એન્ટ્રન્સ એકઝામમાં આ ફોર્મ લઈ જઈ શકે છે. ૫મી ડીસેમ્બર ૨૦૧૭ એ બીએસસી /બીએ ફિલ્મ મેકેંગ/એડવાન્સડ ડીપ્લોમાં ઈન ફિલ્મ મેકીંગ ની એકઝામ લેવાશે ૬ ડીસેમ્બર ૨૦૧૭ એ બીએ એકટીંગ ,બીએ ફેશન ડીઝાઈન ,બીએ એનિમેશન ફિલ્મ મેકીંગ, ,બીએ સ્કીન રાઈટીંગ ,બીએ મ્યુઝીક, એડવાન્સડ ડીપ્લોમાં ઈન એકટીંગ,એડવાન્સડ ડીપ્લોમાં ઈન સ્કીન રાઈટીંગ ,ડીપ્લોમાં ઈન સ્કીનરાઈટીંગની એકઝામ લેવાશે. ૭ ડીસેમ્બર ૨૦૧૭ એ બીએ વીઝયુઅલ કોમ્યુનીકેશન ડીઝાઈન ,બીબીએ મિડીયા એન્ડ કોમ્યુનિકેશન સ્ટડીઝ, ,પીજીડીએમ મિડીયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ ની એન્ટ્રન્સ એકઝામ રહેશે.

## શિવસેના એ પ્રથમ અને બિજા તબકકાના ઉમેદવારો જાહેર કર્યા સાથે મધ્યસ્થ કાર્યાલય નું અમદાવાદ ખાતે ઉદ્ઘાટન કર્યું




ફોટો : શાંતી શાહ

આ વર્ખતે શિવસેના ગુજરાત રાજયમાં વિધાનસભાની ચુંટણી મા ૫૦ થી ૭૦ સીટો ઉપર પોતાના ઉમેદવારો ઉતારશે જે પૈકીના પહેલા ચરણમાં ૨૮ ઉમેદવરો તથા બિજા ચરણમાં ૨૪ ઉમેદવારોના નામની યાદી જાહેર કરેલ છે.આ સાથે રાજયસભાના સભ્ય અનિલભાઈ દેસાઈ અને ગુજરાત શિવસેનાના,હરેશભાઈ ભટ્ટ ની હાજરીમાં શિવસેના મધ્યસ્થ કાર્યાલય નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. હરેશભાઈ ભટ્ટ ને પુછવામાં આવ્યુ કે તમે તો ભાજપનાં હતો ,તો ભાજપ છોડવાનું શું કારણ હતું ?તેના જવાબમાં હરેશભાઈ ભટ્ટે જણાવ્યું કે "ભાજપે હિંદુત્વ છોડયુ એટલે મે ભાજપ છોડ્યું" વધુમાંતેમણે જણાવ્યું કે જો સરકાર હિંદુત્વ વિશે કંઈક કરવા માંર્ગઈી હોય તો કોંગેસની જેમ રામ-મંદિર વિવાદમાં સુપ્રિમકોર્ટ ના ચુકાદાની રાહ જોવાનું બહાનું ના કરેતે યુપીમાંતેમજ કેન્દ્રમાં ભાજપની સરકાર છે તો રામમંદિર માટે લોક્સભા તેમજ વિધાનસભામાં બિલ મંજુર કરાવી કાયદો બનાવી શકે છે.તે સિવાય યુનિફોમ-સિવિલકોડની સતત વાત કરે છે.

## આ નવેમ્બરમાં સ્ટાર ઉત્સવ સાથે ભાવનાઓની લહેર પર સવાર થઈ જાઓ!

શહેર, તારીખ ૨૦૧૭- ભારતીય ટેલિવિઝન પર અત્યંત લોકપ્રિય પારિવારિક શોમાંથી એક સાથ નિભાના સાથિયાએ ઘણા બધા ભારતીય પરિવારોનાં મન પર રાજ કર્યું છે ત્યારે હવે સ્ટાર ઉત્સવ પર ૧૮મી નવેમ્બર, ૨૦૧૭થી ફરી તમારા ઘરમાં આવી રહ્યો છે. દેશની અવ્વલ ફ્રી- ટુ- એર ચેનલમાંથી એક સ્ટાર ઉત્સવ નાટકીય અનુભવ સાથે ગ્રામીણ દર્શકોનું મનોરંજન કરવા અને તેમને રીઝવવા માટે આ શો લાવી રહી છે. પ્રથમ એપિસોડથી જ આ શો ભાવનાઓની લહેર પર સવારી કરાવે છે, જેમાં રાજકોટના મોદી પરિવારની વારતા બતાવવામાં આવી છે.

મુખ્ય પાત્ર ગોપી અને તેની કડક સાસુ કોકિલાબેનના સંબંધો ફરતે વીંટળાયેલો સાથ નિભાના સાથિયાની વારતા યુવા અને ચતુર છોકરીની છે, જેનાં લગ્ન મોદી પરિવારમાં થાય છે. આંખોમાં સપનાં સેવીને અને મનની નરમ ગોપી જ્યાં પણ પરણીને જાય ત્યાં પ્રેમ અને ખુશી ફેલાવવા માટે સુસજ્જ છે. બીજી બાજુ કોકિલાબેન પોતાના પુત્રનાં લગ્ન એવી સ્ત્રી સાથે કરાવવા માગે જે દરેક પગલે તેના વશમાં રહે અને પોતાનો જ કક્કો ખરો રહે. જોકે ગોપી આ ઘરમાં પ્રવેશ કરતાં જ મોદી પરિવારમાં ઉતાર-ચઢાવ આવવાનું શરૂ થાય છે. શોમાં તેમની કેમિસ્ટ્રી અને સંબંધો દરેક દશ્યમાં મહેસૂસ થઈ શકે છે અને ગોપીનું પરિવાર અને પતિ દ્વારા પ્રેમ કરાતી આત્મવિશ્વાસુ સ્ત્રીમાં પરિવર્તન શોને દરેક માટે જોવા જેવો બનાવે છે. આ પ્રવાસ પર લઈ જતાં સાથ નિભાના સાથિયા દર્શકોને તેમની બેઠક સાથે જકડી રાખતો પરફેક્ટ ફેમિલી ડ્રામા છે. જોતા રહો સાથ નિભાના સાથિયામાં તમારી ફેવરીટ ગોપીબહુ અને કોકિલાબેન આવી રહી છે



## મેની ડ્રાઈવ્ઝ, વન પેશન: BMW ગોલ્ફ કપ ઈન્ટરનેશનલ ૨૦૧૭ ની સીઝને ઈન્ડિયા ચેપ્ટરની પૂર્ણાહુતિ કરી.

BMW ગોલ્ફ કપ ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટે તેની ગ્રાન્ડ ફિનાલેમાં સર્વોપરિતા માટે સ્પર્ધાના પ્રાદેશિક વિજેતાઓ તરીકે આજે ડીએલએફ કન્ટ્રી એન્ડ કન્ટ્રી ક્લબ ખાતે રોમાંચક રગાવ. મ્સ્ઉ ગોલ્ફ કપ ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટે તેની ગ્રાન્ડ ફિનાલેમાં સર્વોપરિતા માટે સ્પર્ધાના પ્રાદેશિક વિજેતાઓ તરીકે આજે ડીએલએફ કન્ટ્રી એન્ડ કન્ટ્રી ક્લબ ખાતે રોમાંચક ભારતના પ્રતીકાત્મક ક્રિકેટરઅનિલ કુંબળેને હસ્તે કોર્સ પર તેના અદભુત પરફોર્મન્સ માટે નેશનલ વિજેતાઓનું સન્માન કરાયું હતું. નેશનલ ફાઈનલના વિજેતાઓ હવે ૫ મીથી ૧૦ મી માર્ચ, ૨૦૧૮ સુધી સાઉથ આફ્રિકામાં યોજાનારી BMW ગોલ્ફ કપ ઈન્ટરનેશનલની વર્લ્ડ ફાઈનલમાં ભાગ લેશે. ભારત BMW ગોલ્ફ કપ ઈન્ટરનેશનલ ૨૦૧૭ ની વર્લ્ડ ફાઈનલ ખાતે ૫૦ સહભાગી દેશમાંથી એક છે, જે ૧૦૦,૦૦૦ ખેલાડીઓના સહભાગ સાથે ૧,૦૦૦ ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટ્સ સાથેની ગ્લોબલ સિરીઝ છે. ભારતનાં ૧૨ શહેરમાંથી BMW ગોલ્ફ કપ ઈન્ટરનેશનલ ૨૦૧૭ની ૧૮ ટુર્નામેન્ટ્સમાં લગભગ ૨૦૦૦ ગોલ્ફરોએ ભાગ લીધો હતો, જે શહેરોમાં હૈદરાબાદ, બેન્ગલોર, ચેન્નાઈ, મુંબઈ, પુણે, અમદાવાદ, જયપુર, નોઈડા, ચંડીગઢ, લખનૌ, કોલકતા અને ગુરગાવનો સમાવેશ થાય છે.

આ પ્રાદેશિક સ્પર્ધાના વિજેતાઓ મ્સ્ઉ ગોલ્ફ કપ ઈન્ટરનેશનલ ૨૦૧૭ની નેશનલ ફાઈનલમાં સ્પર્ધા કરશે. ખાસ ઈન્વિટેશન- ઓન્લી ઈવેન્ટ BMW ગોલ્ફ કપ ઈન્ટરનેશનલ ૨૦૧૭ એમેચર ગોલ્ફ ટર્નામેન્ટ સિરીઝ છે, જે ખાસ સામાજિક આંતરક્રિયા માટે યોગ્ય મિશ્રણ પૂરું પાડવા માટે ગ્રાહકો, સંભવિતો અને અભિપ્રાય આગેવાનો માટે તૈયાર મ્સ્ઉ ગોલ્ફ કપ ઈન્ટરનેશનલ ૨૦૧૭ ત્રણ શ્રેણી ધરાવે છે,

## વીવોએ ગુજરાતમાંV7ના લોન્ચ સાથે પ્રોડક્ટ પોર્ટફોલિયો મજબૂત કર્યો




અમદાવાદ

વૈશ્વિક સ્તરે અગ્રણી સ્માર્ટફોનબ્રાન્ડવીવોએ અમદાવાદમાં આયોજીત એક કાર્યક્રમમાં V7 લોન્ચ કરવાની જાહેરાત કરીહતી. ફ૭ના લોન્ચસાથેવીવોએકેમેરાઅનેમ્યુઝિકસાથે ક્રાંતિકારી ૨૪ એમપીસેલ્ફીઅને ૧૬ એમપીરિયરકેમેરાઉપરવધુધ્યાનકેન્દ્રિતકર્યું છે. રૂ. ૧૮,૯૯૦ની કિંમતધરાવતાવીવોફ૭ ૨૫મી નવેમ્બર, ૨૦૧૭ના રોજથી ગુજરાતભરના રિટેઈલ સ્ટોર્સમાં બે કલરશેમ્પેઈનગોલ્ડઅને મેટ્ટબ્લેકમાંઉપલબ્ધબનશે. "વીવો માટેગુજરાત મહત્વપૂર્ણ માર્કેટ છે અને અમારા સ્માર્ટફોનઅંગે પ્રાપ્તથયેલાસકારાત્મક પ્રતિસાદથી અમે ઉત્સાહિતછીએ. અમે અમારાગ્રાહકોનીવિશેષજરૂરિયાતોનેપહોંચી વળવા માટેનવીન પ્રોડક્ટ્સરજૂકરવાઉપરહંમેશાથીધ્યાનકેન્દ્રિતકર્યું છે તથાફ૭ગુણવત્તાયુક્તસેલ્ફીઅને મજબૂતપર્ફોર્મન્સઆપવા માટેનો અમારોવધુએક પ્રયાસ છે."

## વોઈસના કોચ હિમેશ, શાન, પેપોન અને પલક નાના બાળકોને કઈ રીતે રીઝવે છે?



&TVગાયકી રિયાલિટી શો ધ વોઈસ ઈન્ડિયા કિડ્સે બ્લાઈન્ડ ઓડિશન રાઉન્ડ સાથે ભારે ચર્ચા જગાવી છે, જેમાં દેશભરમાંથી અમુક ઊભરતા ગાયકો દ્વારા અદભુત પરફોર્મન્સ જોવા મળ્યો હતો. જોકે શોની ખૂબી આટલી મર્યાદિત નથી. સૌથી વધુ મનોરંજક એ છે કે આ અદભુત કોચ તેમના મનગમતા સ્પર્ધકોને રીઝવવા માટે અને પોતાની ટીમમાં તેમને જોડાવવા માટે ઘૂંટણિયે પડવામાં પણ કોઈ કસર બાકી રાખતા નથી.હિટ અને હેન્ડસમ કોચ હિમેશ રેશમિયા ઉર્ફે એચઆર તેને સ્પર્ધકને પોતાની ગોલ્ડન કેપ આપે છે, જ્યારે પ્રિન્સેસ પલક મુછાલ છોકરીઓને ટિયારા (પ્રિન્સેસ ક્રાઉન) અને છોકરાઓને કસ્ટમાઈઝ્ડ બેજ આપી રહી છે, આપણો રંગીલો પેપોન ગિયાર આપી રહ્યો છે, જેની પર પેપોનિસ્ટ કોરેલું હોય છે, જ્યારે સદા હસમુખી શાન પોતાનું હૃદય આપે છે. કોચ તેમના મનગમતા સ્પર્ધકોને રીઝવવા માટે આટલું જ કરતા નથી, પરંતુ તેમની ટીમમાં સૌથી સારો અવાજ આવે તેની ખાતરી રાખવા માટે કોઈ કસર બાકી રાખતા નથી. ઉફરાંત સ્પર્ધક તેમના મનગમતા કોચને પસંદ કરે એટલે કોચ તેમને કસ્ટમાઈઝ્ડ ભેટો આપે છે અને તેમનાં ગીતો પર તેમના સિગ્નેચર સ્ટેપ્સ કરે છે, જેમ કે, હિમેશ ધિન આ ધિન ધા, પેપોન મોહ મોહ કે ધાગે, પલક પ્રેમ રતન ધન પાયો અને શાન મૈ હૂ ના ગીતો પર થનગને છે. આ સિવાય વધુ જોવા માટે ધ વોઈસ ઈન્ડિયા કિડ્સ જોતા રહો &TVપર રાત્રે ૯, દર શનિવાર અને રવિવારે!

## કેડિલા ફાર્માસ્યુટિકલ્સે હેલ્થકેર લીડરશિપ એવોર્ડ મેળવ્યો



ફોટો : શાંતી શાહ

મુંબઈ

કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે વર્લ્ડ હેલ્થ કોંગ્રેસ દ્વારા સ્થાપિત પ્રતિષ્ઠિત હેલ્થકેર લીડરશિપ એવોર્ડ જીત્યો છે. કંપનીએ આ એવોર્ડ ટ્રેનિંગ અને ડેવલપમેન્ટમાં ઉત્કૃષ્ટતા બદલ એચઆર કેટેગરીમાં મેળવ્યો છે. એવોર્ડ કેડિલા ફાર્માસ્યુટિકલ્સની ભારત સરકારનાં 'સ્કિલ ઈન્ડિયા' અભિયાનમાં પ્રદાન કરવા ઉત્કૃષ્ટ પહેલોનું પ્રતીક છે. કંપનીનાં ગ્લોબલ હેડ ઓફ એચઆર ડો. સુરેન્દ્ર રાવ અને સીનિયર જનરલ મેનેજર એચઆર શ્રી નિલેશ દેશમુખે ૨૩ નવેમ્બર, ૨૦૧૭નાં રોજ મુંબઈમાં તાજ લેન્ડ્સ એન્ડમાં આયોજિત ભવ્ય એવોર્ડ સમારંભમાં બાંગ્લાદેશનાં આદરણીય શિક્ષણ મંત્રી શ્રી નુરુલ ઈસ્લામ નાહિદનાં હસ્તે આ એવોર્ડ સ્વીકાર્યો હતો. , "કેડિલા ફાર્માસ્યુટિકલ્સ કર્મચારીઓને સતત તાલીમ અને વિકાસ મારફતે વિકસાવવા તેમજ નવી પ્રતિભાને ઉદ્યોગ માટે સજ્જ બનાવવા તૈયાર કરવાનું ગુણવત્તાયુક્ત કલ્ચર ઊભું કરવામાં પથપ્રદર્શક છે." કેડિલા ફાર્માસ્યુટિકલ્સે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈક્વિપમેન્ટ, કેમ્પસ, સક્ષમ ટ્રેનર્સ અને મેન્ટર્સમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે. કેડિલા ફાર્માએ તેની પથપ્રદર્શક શૈક્ષણિક સંસ્થા – ઈન્દ્રશિલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (આઈઆઈએસટી), કડીમાં લાઈફ સાયન્સ ફિનિશિંગ સ્કૂલ પણ સ્થાપિત કરી છે. ઉપરાંત કેડિલા ફાર્માસ્યુટિકલ્સ તેનાં ફિલ્ડ સ્ટાફને વિકસાવવા "સેન્ટર ફોર પ્રોફેશનલ એક્સલન્સ (સીપીઈએક્સ)" તરીકે જાણીતું તાલીમ કેન્દ્ર ધરાવે છે.

## કલર્સનું ઉડાન ફાળ ભરવા સુસજ્જ છે, ચકોર ૫ વર્ષ પછી આઝાદગંજ પાછી ફરે છે



કલર્સનો સોશ્યલ ડ્રામા "ઉડાન", મીરા દેવસ્થલે દ્વારા અભિનિત એક ખૂબ જ મજબૂત નાયિકા ચકોર છે, જેણે પોતાના જકડી રાખનાર અને સામાજિકરીતેસબંધિત એવી સ્ટોરીલાઈન વડે દર્શકોના હૈયાં જીત્યાં છે.

આ સારા વિરુદ્ધ નરસાની કહાણી છે, જ્યાં ચકોર છેવટે ખલનાયક કમલ નારાયણની હત્યા કરી દે છે. જો કે, સચ્ચાઈ માટેની મુસાફરી સરળ નહોતી. અને શો એક ફાળ ભરવાનુંસાક્ષી બનવા તૈયાર છે. જેલમાં ૫ વર્ષ ગાળ્યા પછી, જેલમાંથી બહાર આવ્યાં પછી, તેણી આઝાદગંજ પાછી ફરે છે, ગામડામાં શાંતિ અને સાંત્વના પામવાની આશામાં. જયારે તેણી ત્યાં પહોંચે છે, વસ્તુઓ વધુ વણસેલી જોઈ તેણીને આઘાત લાગે છે.ફાળ ભરવા બાબતે બોલતાં, મીરા દેવસ્થળે જે ચકોરની ભૂમિકા ભજવી રહેલ છે એ કહ્યું, "બધુ જ બદલાઈ જવાનું છે. જયારે ચકોર ૫ વર્ષ જેલમાં ગાળ્યા પછી આઝાદગંજ પાછી ફરે છે, તેણીના શમણાં ક્ષત–વિક્ષત થઈ જાય છે. તેણી ટોર્ચર કરવામાં આવેલા ગ્રામીણોને જુએ છે અને પોતના પ્રિય, સૂરજની સામે આવી ઉભી રહે છે – જે એક એવા માણસમાં ફેરવાઈ ગયેલ છે જેને તેણી જાણતી નથી. આ પરિવર્તન બધુ મળી આ એક નવો શો હોવાની લાગણી કરાવે છે." ચકોરની મુસાફરી ચોકકસપણે વળાંકો અને ઘુમાવો વાળી હશે. શું તેણી આઝાદગંજમાં શાંતિ પાછી આણવા શકય બનશે? અને આ બધાં ઉપરાંત, સૂરજની સાથે લાગણીગત લડાઈ જેના પર તેણીએ કયારેક ભરોસો કર્યો હતો.?ાળ ભર્યા પછીના ડ્રામાને પકડી પાડવા, દર સોમવારથી શુક્રવાર રાત્રે ૮-૩૦ કલાકે ઉડાન જોતા રહો ફક્ત કલર્સ પર!

દિવ્યજ્યોત
અધ્યાત્મ, ધર્મ, ભક્તિને લગતાં સાહિત્યનાં અજવાળાં...

# સુવાક્યો

કોઈ કામ અંગે લાંબો સમય વિચારવાથી ઘણીવાર તે બગડવાનું કારણ બની જાય છે.
તમારી અંદર એટલી શક્તિ છે કે તમે ઈચ્છો તો આ દુનિયાના ચુરેચુરા કરી શકો અને એટલી જ નબળાઈ પણ છે કે શેકયો પાપડ પણ ન ભાંગી શકો.
લાંચ સાથે ફરજ એકસાથે નિભાવી ન શકાય.
જે પુસ્તક બંધ રહે છે તે ફકત કાગળનો ઢગલો જ છે.
કુદરત, સમય અને ધીરજ એ ત્રણ મોટા ડૉકટર છે.
સમયની પસંદગી કરવી એ સમય બચાવવા બરાબર છે. કસમયે થતી કોઈપણ કોશીશ એ હવાતીયા મારવા બરાબર છે.
મહાન માનવીની પહેલી પરીક્ષા તેની નમ્રતા છે.
બલીદાન વિનાનો પ્રેમ અધુરો છે.
સફળતા આપણા હાથમાં નથી પણ મહેનત આપણા હાથમાં છે.



**આરાધના** — નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

## જિજ્ઞાસુ મન પરમતત્વનો અનુભવ કરી શકે છે.

કશુંક જાણવાની ઈચ્છાને જિજ્ઞાશા કહે છે -નિત્ય નવા અનુભવો કરતું આપણું મન પરમતત્વ-પરમાત્માને પામવા માટે પણ લાલાયિત બને,તડપન અનુભવે તેવા જિજ્ઞાશુ મન-બુધ્ધિ વાળા ભક્તજનો હરપળ પરમતત્વની અનુભૂતિ કરી શકે છે.

પરમાત્મા આપણાથી જરાપણ દૂર નથી. તે તો આપણા અસ્તિત્વ સાથે જોડાયેલા છે. આપણી નજીક છે.આપણા શ્વાસમાં જ સમાયેલા છે. તેનો અનુભવ કરી શકાય, જો આપણી વૃત્તિમાં જિજ્ઞાશા હોય તો.

સમર્પણ અને શરણાગતિનો ભાવ જેટલો સજીવ હશે, તીવ્ર હશે એટલી જ પરમાત્માની અનુભૂતિ પણ પ્રખર હશે.

આત્મા ચેતન પદાર્થ તો છે,પરંતુ તે સત્તા માત્ર હોવાથી સ્વતઃ ક્રિયાશીલ નથી. આત્મજ્ઞાની ભક્ત પોતે પોતાને પરમાત્મામાં લીન કરવા પ્રયત્ન કરે છે. ઈશ્વરની સત્તામાં પોતાની જાતને વિલીન કરી દેવાથી મનુષ્યને ઈશ્વરીય શક્તિઓનો, તેની વિરાટ સત્તાનો અનુભવ થવા લાગે છે. તેને પોતાના વિકારો શાંત થઈ જાતા લાગે છે. તેથી તેવા સાધક,ભક્ત અવર્ણનીય આનંદનો અનુભવ કર્યા કરે છે. આવા સરળ, સહજ સ્વભાવના ભક્તને મન,આ બ્રહ્માંડમાં જે કાંઈ શક્તિ, સામર્થ્ય કે વિરાટ સત્તાનો અનુભવ થાય છે. તે તત્વ જ બ્રહ્મ છે. એવા અત્ર,તત્ર, સર્વત્ર વ્યાપ્ત વિભુ મારાથી જરાય જુદા નથી તેવું ગૌરવ અનુભવીને તરત જ બોલી ઉઠે છે-'તે હું છું." ગર્વને ઓળગાવ્યા પછી અનુભવાતા ભાવ જગતમાં બસ આ પરમતત્વ જ બચે છે. બધા સાધકો માટે આવી અનુભૂતિ કેમ થતી નથી? તેવો પ્રશ્ન થાય ત્યારે સમજવું કે,દરેક સાધકની પાત્રતા સરખી નથી હોતી. સાધક જ્યારે આ સંસારમાંથી દેખાતી પ્રકૃતિના પ્રભાવને ચીરીને ઉપર ઉઠે છે ત્યારે જ આ માયાનો પડદો હટી જાય છે અને સાધકને આત્મતત્વની અનુભૂતિ ચોક્કસ થાય છે.એક યુવાન સત્યશોધક કોઈક સદગુરૂ પાસે ગયો. તેણે સદગુરૂને પૂછ્યું- "હું પરમાત્માને જાણવા માંગું છું. ધર્મ અને તેમાં સમાયેલા સત્યને મેળવવા માંગું છું.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## અનુબન્ધં ક્ષયં હિસામનવેક્ષ્ય ચ પૌરુષમ્ । મોહાદરભ્યતે કર્મ યત્તત્તામસમુચ્યતે ॥

શ્રીમદ્ ભગવદગીતાના મતે અનિવાર્ય કર્મ ત્યજી શકાતા નથી. ગુણો ગુણોમાં જ પ્રવર્તે છે તેથી કર્મોનો મોહ ન રહે તે રીતે કર્મો કરવાં એ જ જીવન જીવવાની ઉત્તમ કળા છે. આ ગુણોના ભેદ મુજબ જ્ઞાનની જેમ કર્મના પણ ત્રણ પ્રકાર પાડવામાં આવ્યા છે. આગળના બે શ્લોકોમાં સાત્વીક અને રાજસકર્મને વર્ણવ્યા બાદ હવે આ શ્લોકમાં 'તામસ કર્મ' ને સમજાવતાં ભગવાન કહે છે કે :

**અનુબન્ધં ક્ષયં હિસામનવેક્ષ્ય ચ પૌરૂષમ્ ।**
**મોહાદરભ્યતે કર્મ યત્તત્તામસમુચ્યતે ॥ ૧૮-૨૫ ॥**

'ભાવિ બંધનવાળું પરિણામ (અનુબંધનમ્) વિક્ષેપ હાનિ, વિનાશ (ક્ષયમ્), હિંસા-બીજાને કષ્ટ આપવું (હિંસામ્) અને (ચ) સામર્થ્યનો, શક્તિનો (પૌરૂષમ્) વિચાર કર્યા વગર ખ્યાલ ન કરતાં (અનવેક્ષ્ય) જે કમર્ (યત્ કર્મ)મોહને વશ થઈને, મોહથી, કેવળ અજ્ઞાનને લીધે (મોહાત્) આરંભાય છે-શરૂ કરાય છે. આચરવામાં આવે છે. (આરભ્યતે) તે (તત્) તમોગુણી- તામસ (તામસમ્) કહેવાય છે. (ઉચ્યતે)'

આ શ્લોકમાં 'તામસ કર્મ' નું કથન કરવામાં આવ્યું છે. પરિણામનો,ક્ષયનો, હિંસાનો અને પોતાના ગજાનો વિચાર કર્યા વિના મનુષ્ય મોહથી, અજ્ઞાનથી પ્રેરાઈને જે કર્મનો આરંભ કરે છે તે 'તામસ કર્મ' કહેવાય છે. તામસ કર્મમાં પરિણામનો, કાર્યથી થતી હાનિનો,

તેમાં થતી હીંસાનો કે પોતાની શક્તિ કે અશક્તિનો વિચાર થતો નથી. તામસ કર્મ અવિવેકી તથા અવિચારી પુરૂષ દ્વારા થતું કાર્ય છે.તામસનો અર્થ થાય છે :

મૂર્ચ્છાની એક દશા. આ એવી જીવનદશા છે કે જેમાં પરિણામ, હાનિ, હિંસા કે પૌરૂષનો વિચાર કરવામાં આવતો નથી. આગળ-પાછળની કોઈપણ પ્રકારની ગણતરી કે વિચાર કર્યા વિના માત્ર અજ્ઞાનથી જ કર્મ કરી બેસે અને તે પણ પોતાની જવાબદારીનું ભાન રાખ્યા વગર.

'અનુબંધ' એટલે ભાવિબંધન, પરિણામ કે કર્મથી ઉત્પન્ન થતું દુઃખ જેમને ફળની કામના હોય છે. તેઓ ફળપ્રાપ્તિ માટે વિચારપુર્વક કર્મ કરે છે પરંતુ તામસ મનુષ્યમાં મુઢતાની પ્રધાનતા હોવાથી તે કર્મ કરવામાં વિચાર કરતો નથી. આ કાર્ય કરવાથી મને અને બીજાઓને પણ કરેલું અહિત કે નુકશાન થશે એ 'અનુબંધ એટલે પરિણામનો ખ્યાલ' રાખ્યા વગર કાર્યનો આરંભ કરી દે છે. આના માટે મહાભારતમાં પ્રતિબિંબિત દુર્યોધનનું પાત્ર શ્રેષ્ઠ ઉદાહરણ છે. દુર્યોધને પરિણામનો, ધન વગેરેનો નાશનો, કૌરવ અને પાંડવ

એમ બંને પક્ષના સૈન્યની હિંસાનો, પોતાના સામર્થ્યનો તેમજ ધર્મોધર્મનો વિચાર કર્યા વિના પાંડવો સાથે કુરૂક્ષેત્રના રણાંગણમાં યુદ્ધનો પ્રારંભ કર્યો એ તામસ પ્રકારનું કર્મ કહેવાય.

જે કર્મ પરિણામનો, પાછળથી થનારા અનિષ્ટનો, કર્મથી ઉત્પન્ન થનારા દુઃખનો, ધન, બળ, પુણ્ય આયુષ્ય વગેરેના ક્ષયનો, બીજાઓને થનાર કલેશ, કષ્ટ, પીડાવગેરેનો પોતાના પૌરૂષ સામર્થ્યનો, ધર્મ,અધર્મનો વિચાર કર્યા વિના આરંભાય છે તે તામસ કર્મ કહેવાય છે. તામસ મનુષ્ય કર્મ કરતી વખતે એના પરિણામ, એનાથી થનારા નુકશાન, હિંસા અને પોતાની તાકાતનો જરા પણ વિચાર કરતો નથી. મનમાં જેવો વિચાર ઉદભવે કે તરત જ વિવેક, વિચાર કર્યા વિના આરંભ કરી બેસે છે.

આ પ્રકારે કરવામાં આવતું કર્મ તામસ કહેવાય છે.આમ 'અનાસકત ભાવે' રાગદ્વેષ વગર કરેલું કર્મ સાત્વિક, ફલાશારહીત, અહંકારપુર્વક, અધિક પરીશ્રમ સાથે કરેલું કર્મ રાજસિક અને અજ્ઞાનના લીધે હાનિ,હિંસા કે ક્ષમતાનો ખ્યાલ રાખ્યા વગર આરંભેલું કર્મ તામસિક છે.

**અધ્યાત્મ** — ૫૯૨ પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

**જીવન દર્શન** — ભગવાનદાસ બંધુ

## શિક્ષણ, નેચરોપેથી, જ્યોતિષશાસ્ત્ર, રેકી માસ્ટર એમ વિવિધ વિષયોના ઉંડા અભ્યાસુ અને નિજાનંદી એવા ભાભરના પોપટલાલ રતાણી (ઠક્કર)



આ દુનિયામાં ઘણાં બધાં સારા-સારા માણસો વસવાટ કરે છે. કેટલાક માણસો તો જાણે કે આ દુનિયામાં કંઈક આપવા માટે જ આવ્યા હોય તે રીતે સૌને ઉપયોગી નીવડે છે. મુળ વિરમગામના વતની અને હાલે ભાભર ખાતે રહેતા રતાણી પોપટલાલ તેજારામ (ઠક્કર) એક મળવા જેવા, માણવા જેવા, જાણવા જેવા અને મ્હાલવા જેવા માણસ છે. તા.૨૬-૩-૧૯૪૪ ના રોજ પિતા તેજારામજી સુંદરજી રતાણી અને માતા શ્રીમતી ગોદાવરીબેનના પરિવારમાં વિરમગામ ખાતે જન્મેલા પોપટલાલ રતાણી સંસ્કૃત સાથે એમ.એ.થયેલા છે. અમદાવાદ ખાતે એમ.એડ.કરનાર પોપટભાઈને સાંભળીએ કે તેમની પાસેથી શિક્ષણ, અધ્યાત્મ, સેવા, નેચરોપેથી, જયોતિષ, રેકી, પાયરાવાસ્તુ, મેડીકલ એસ્ટ્રોલોજી વિગેરેની વાતો સાંભળીએ ત્યારે ખરેખર આનંદ, નિજાનંદ, પરમાનંદ અને નિત્યાનંદની દિવ્ય અનુભૂતિ થાય.

મારા પરમ આદરણીય ગુરૂ થરાસ્થિત નિરંજનભાઈ ઠક્કર (નિવૃત્ત પ્રિન્સીપાલ-થરા હાઈસ્કુલ) પાસેથી રતાણી સાહેબ વિશે જાણકારી મળી. ત્યારબાદ તાજેતરમાં ગુરૂવાર તા.૯-૧૧-૧૭ ના દિને એક સામાજીક કામે મારા વકીલ મિત્ર રાજેશભાઈ ઠક્કર સાથે રાધનપુર થઈ ભાભર જવાનું થયું અને તે વખતે પોપટભાઈ રતાણીજીને (મો.નં.૯૯૦૯૪૬૫૮૮૫) તેમના નિવાસસ્થાને તિરૂપતિનગર ખાતે મળવાનું થયું ત્યારે તેમની વિવિધ વિષયો ઉપરની વાતો સાંભળીને અતિશય આનંદ થયો. શ્રીમતી ભગવતીબેન (મુંબઈ) શ્રીમતી પ્રતિમાબેન (રાધનપુર) અને શ્રીમતી કલ્પનાબેન (આકોલા-મહારાષ્ટ્ર) એમ ત્રણ બહેનોના ભાઈ પોપટભાઈ રતાણી ૭૪ વર્ષની ઉંમરે પણ એક નવયુવાનને શરમાવે તેવું નિજાનંદી જીવન જીવે છે. તેમનાં ધર્મપત્ની હસુમતીબેન પરમ પિતા પરમાત્માને પ્યારાં થઈ ચૂકયાં છે. અર્ણવભાઈ, સંધ્યાબેન, દીપીકાબેન અને વરદભાઈ એમ ચાર બાળકોના પિતા પોપટભાઈએ પોતાની જીંદગીને આગવી રીતે જ પસાર કરી છે.

એસ.એસ.સી.થયા પછી તરત જ શિક્ષકની સેવામાં જોડાયા. માંડલ, કલ્યાણપુરા, ચંદ્રાલા, વિરમગામ એમ વિવિધ શાળાઓમાં માધ્યમિક શિક્ષક તરીકે પ્રેરણાદાયી સેવા બજાવી સરખેજ સાર્વજનિક માધ્યમિક શાળામાં તેઓ પ્રિન્સીપાલ તરીકે જોડાયા હતા. લોજીક અને સાયકોલોજી મુખ્ય વિષયો તેઓ ભણાવતા હતા. એ.જી.ટીસર્ચ કોલેજ અમદાવાદ ખાતે મનોવિજ્ઞાનના અધ્યાપક તરીકે ૧૧ વર્ષ સેવા બજાવી ૫૭ વર્ષની ઉંમરે તેઓ સ્વૈચ્છિક રીતે સેવા નિવૃત્ત થયા. એકાદ વર્ષના વિરામ બાદ ફરીથી તેઓ દક્ષિણ ગુજરાતના વાલીયા તાલુકાના થવા ખાતે સેલ્ફ ફાયનાન્સ કોલેજમાં જોડાયા. મહેસાણા જિલ્લાની રણેલા બી.એડ. કોલેજ અને સિદ્ધપુર તાલુકાની સુજાણપુર ખાતેની કોલેજમાં સેવા આપી તેઓ ૬૫ વર્ષે સાચા અર્થમાં પૂર્ણ નિવૃત્ત થયા.

નિવૃત્તિ પછી પણ તેમણે વિદ્યાઅભ્યાસ ચાલુ રાખ્યો. જયોતિષશાસ્ત્ર,નેચરોપથી, રેકી માસ્ટર, પાયરાવાસ્તુ, એક્ષપર્ટ વિગેરેનો અભ્યાસ કર્યો અને હાલે તેઓ મેડીકલ એસ્ટ્રોલોજીનો અભ્યાસ કરી રહેલ છે. તેમની લાયબ્રેરીમાં ૩ (ત્રણ) લાખ રૂપિયાનાં પુસ્તકો છે. બધા જ ધર્મોનાં પુસ્તકો તેમણે વાંચ્યા છે. રામાયણ, મહાભારત, ગીતા ઉપરાંત કુરાન અને બાઈબલનો પણ તેમણે અભ્યાસ કર્યો છે. ઓશો રજનીશને તેઓ ખાસ માને છે. ગુજરાત અને દેશમાં અનેક સ્થળોએ તેઓ ફર્યા છે પણ નર્મદા નદીને કીનારે આવેલ માલસર પવિત્રધામ તેમને ઘણું ગમ્યું છે. અમદાવાદમાં ૨૫૦ આજીવન સભ્યો ધરાવતું આધ્યાત્મિક મંડળ પ્રાર્થના પરિવારના પણ તેઓ આજીવન સભ્ય છે. પૂ.ડોંગરેજી મહારાજના તેઓ ચાહક છે અને પૂજ્ય મોરારીબાપુને સાંભળવાથી તેમને આનંદ આવે છે. અડાલજ સ્થિત દાદા ભગવાનની જગ્યાએ તેઓ અવારનવાર જાય છે અને દિપકભાઈ દેસાઈ પાસેથી બોધ લીધેલ છે. જ્યાં જ્યાંથી કંઈક જીવનલક્ષી સારૂં મળે તો તે મેળવવું અને જિજ્ઞાસુઓ સુધી તે પહોંચાડીને રાજી થવું તેવી તેમની નિઃસ્વાર્થ અને નિખાલસ ભાવના છે.

રોજ સવારે પાંચ વાગે જાગી યોગા અને માળા કરી, નિત્યક્રમ પતાવી સત્સંગીઓ સાથે સત્સંગ કરી તેઓ રમણ મહર્ષિ અને મહર્ષિ અરવિંદ ઘોષના જીવન અને પુસ્તકો ઉપર ઉંડાણપૂર્વક ચર્ચા કરે છે. ભણ્યો, ભણાવ્યો અને કમાયો અને ભરપૂર આનંદ માણ્યો તેવી લાગણી ધરાવતા પોપટભાઈ રતાણી તેમના નિવાસસ્થાને આવતા અનેકજનોને જન્મકુંડળી કે હસ્તરેખાના માધ્યમથી સ્પષ્ટ માર્ગદર્શન પુરૂં પાડે છે. તેમને મળવા માટે કે અભિનંદન આપવા માટે તેમનો મો.નં.૯૯૦૯૪૬૫૮૮૫ છે. ૭૪ વર્ષની ઉંમરે પણ આગવી સ્ફૂર્તિ અને આગવો મિજાજ ધરાવતા પોપટભાઈ રતાણીને મળવું એ જીવનનો એક અમૂલ્ય લ્હાવો છે. સંઘર્ષ, સમજણ, સાહસિકતા, સૌજન્યશીલતા, સાહજીકતા, સરળતા, સફળતા અને સંવેદનાના પ્રતિક સમા પોપટભાઈ રતાણીના જીવનમાં શિક્ષણ, સેવા અને અધ્યાત્મ બરાબરના ગુંથાયેલા છે. આગામી દિવસોમાં ઓશો રજનીશને લગતાં પુસ્તકો અને પ્રવૃત્તિઓનો પ્રચાર કરવો એ જ એમનું જીવન લક્ષ્ય છે. જુદા જુદા વિષયો ઉપર રોટરી કલબ, લાયન્સ કલબ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, જલારામ ટ્રસ્ટ, ભારત વિકાસ પરિષદ જેવી સંસ્થાઓએ તેમને આમંત્રિત કરી તેમની શક્તિ અને જ્ઞાનનો લાભ લેવા જેવો છે. પોપટભાઈ રતાણીના જીવનકાર્યને આદર અને અદબપુર્વક વંદન, અભિનંદન અને તંદુરસ્ત શેષ જીવન માટે પણ હાર્દિક શુભકામનાઓ.

**ભગવાનદાસ બંધુ**
**મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

## એક નેતાને એવી ટેવ, ચૂંટણી ટાણે પુજે દેવ, જન દેખી કરે વંદન, દિવ્યાંગ દેખી આપે માન

**ચિંતન** — યશપાલસીહ ટી.વાઘેલા

ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૧૭ નો માહોલ શિયાળાની ઠંડીની જેમ જામતો જાય છે. પ્રથમ અને બીજા તબક્કાના આવેદનપત્રો રજુ કરવાની, ચકાસવાની જેવી વિધિ પુર્ણ થતાં જ હવે ફકત મતદારોને કેવી રીતે રીઝવવા તેના પર જ મુખ્ય ફોકસ રહેશે. આપણા મત વિસ્તારમાં કોઈ છીંડા તો નથી ને કે કોઈ છીંડા પાડી ન જાય તેની તકેદારી રાખવી પડશે. ટીકીટના દાવેદારને ટીકીટ નથી મળી તેનું પણ ધ્યાન તો રાખવું જ પડશે ને ? કયાં કોણ વધુ ચાલશે, જ્ઞાતિવાદ જેને વિસ્તારના સેવાભાવી લોકોને બીજા અનેક સમીકરણોનો ગહનતાથી અભ્યાસ કરીને તેને અનુરૂપ વ્યવસ્થા ગોઠવવી જ રહી. આ વખતે આપણને પહેલીવાર ટીકીટ મળી કે રીપીટ છે ને તેને ઠારવા કોણ સફળ રહેશે એ પણ અગત્યનું પાસું છે. અપક્ષ કે અન્ય પક્ષનો ઉમેદવાર ઉભો રહ્યો હોય તો તે આપણને ફાયદો કરાવો અને સામા ઉમેદવારની વોટબેક તોઢે તે બાબતે નક્કર પગલાં, પ્રયાસ કરવાં જ પડશે. પત્રકારો અને બીજાને સતત આંટાફેરા વધ્યા છે તેઓ ચુંટણી સુધી સખણા રહે તે માટે એક ટીમ વર્ક તેમની પાછળ કામે લગાડવું જરૂરી છે. પ્રિન્ટ, ઈલેકટ્રોનિક મીડીયાને તો જાણે હોળીમાં દિવાળીનો માહોલ ઉભો થયો હોય તેવું લાગે છે. કારણ કે દિવાળી તો હમણાં ગઈ ને જ્યાં ત્યાંથી જે મળ્યું હવે હોળી જેવી જ હાલત હતી ત્યાં આ ચૂંટણીમાતાજીએ પગરણ કરતાં જ દિવાળી જેવો માહોલ સર્જાયો છે. આજકાલ ભુંગળાં લઈને દોડતા બોગસ લોકોની સંખ્યા વધી ગઈ છે. કળીયુગ છે એટલે ખોટા લોકો વધુ ચાલે તેમાં આશ્ચર્ય અનુભવવાની જરૂર નથી. ધર્મ એ જીવન જીવવાની કળા તો રાજકારણ શાસન વ્યવસ્થાની કળા. રાજકીય ખેલ કયારેય જીવન જીવવાની કળા બની શકતી નથી તે સારી રીતે સમજવું પડશે. આપણે અનેક વાર કહી ચુકયા છીએ કે ધર્મ-સંપ્રદાય અલગ છે તેમ ધર્મ-રાજકારણને પણ એકબીજાની વ્યાખ્યામાં ગોઠવવાની ચેષ્ટા ન કરવી જોઈએ. ધર્મને તેની ગાદીએ જ બિરાજમાન રાખીને આપણે એક શિષ્ય તરીકે જીવન જીવવાની કળા તેમની પાસેથી શીખવી જોઈએ. જેના વાહક ધર્મગુરૂ, સંતો, મહંતો, ધર્મગ્રંથો છે રાજકીય સ્ટેજે બેસીને સાચું ખોટું ગાણું ગાનારાની વાત આપણે કરવી નથી, ફકત માનવ જીવને સાચો પંથ બતાવીને પર્યાવરણ અન્ય જીવોની રક્ષા કરતા દિવ્યાત્મા જ આપણો આદર્શ બની શકે છે. આ દિવ્યાત્માઓએ માનવીને સાચા પંથે દોરવા માટે કયારેક આક્રોશભર્યા શબ્દોના ચાબખા પણ મારે છે જેમાં અખા ભગતને ચોક્કસ યાદ કરી શકાય. 'એક મુરખને એવી ટેવ પથ્થર એટલા પુજે દેવ પણ દેખી કરે સ્નાન' ગુજરાત વિધાનસભાની ચૂંટણી છે ત્યારે આવા અખા ભગતના બદલે ડખા ભગત કેવા છપ્પા કરે તે આપ સૌએ જોયું હશે છતાં થોડી હળવાશ માટે અહીં રજુ કરીએ.

**એક નેતાને એવી ટેવ ઈવીએમને માગે દેવ**
**મન જોઈને પાડે લાળ,**
**ખુરશી માટે ખાશે ગાળ !**
**ગરજે ગધેડાને બાપ કહે**
**વોટને ખાતર લાત સહે**
**વચનોના વહેંચે તોરણ ભીડ જોઈ**
**ભરડે ભાષણ પણ**
**જેવા બુથમાં વોટ પડે**
**લાગ જોઈને આઘા સરે !**
**સત્તા મળતાં ભુલે ભાન ને પાંચ વરસી લગી**
**અંતર ધ્યાન !**
**વા વાયોને નળીયું ખસ્યું એ**
**જોઈને કુતરૂં ભસ્યું...**
**ચૂંટણી આવીને વાયદા લાવ્યું..**
**તેને લીધે જીએસટી ઘટયું..**
**અનામત મુદ્દે લોકો વિફર્યા તો**
**નેતાઓએ ખંડેરોના લોકાર્પણ કર્યા**
**રેત, રોડાનાં રોડ બનાવ્યા**
**કોન્ટ્રાકટરોના નામે પૈસા બનાવ્યા**
**ચૂંટણી ટાણે ધુમ ખર્ચાને**
**નાના વેપારીના હજાર પકડયા**
**કાગળ પર શિલારોપણ કર્યા**
**કોણ કહે મેં દીઠો વિકાસ એમાં થઈ ગયો ગા-**
**ંડો વિવાદ મતદારોને ચાખ્યાં ઠાલાં વચનો**
**ને હિંદુ મુસ્લિમ ન ચાલ્યા તો નવો તુક્કો**
**શોધ્યો**
**ચૂંટણી આવીને નેતાને 'ખુરશી' નો ચસકયો**
**લાગ્યો**
**ભય, ભુખ, ભ્રષ્ટાચાર, ભેળસેળ, ભુખમરો**
**નાબુદ કરવાના વાયદા ચાલુ જાણે બાપડા..**
**હરીચંદ્રના છોરૂ સમર્થકોના નામે રીસામણાં કરે**
**જીત્યા પછી સમર્થકો વેરી.. બચ્યા બે ત્રણ**
**દિવસ હવે**
**જો ઉમેદવારી ન થાય તો નાક કપાય**
**ને ઠીક સે શામળીયો કયાંક 'લક્ષ્મી' લાવે**
**તો સમર્થકો આગળ પક્ષને વફાદાર રહેવું તેવી**
**ડંફાસ હાંકશે.**

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## પરમાર્થ એ જ સ્વાર્થ

**શ્રદ્ધા અને સંસ્કાર**

સ્વાર્થ કરતાં હંમેશા પરમાર્થ ચઢિયાતો હોય છે.

ઘણીવાર માત્ર પરહીતની વાર્તા હોય છે અને ઉંડાણમાં જઈએ તો સ્વાર્થની ભયંકર દુર્ગંધ દેખા દેતી હોય છે.

ઘણીવાર પવિત્ર સંબંધ સ્વાર્થના અપવિત્ર ભાવથી દુષિત થતો હોય છે. માત્ર નીજી સ્વાર્થ પોતાના સ્વજનની હીતની ભાવનાથી વ્યક્તિને દૂર રાખતો હોય છે. વળી કયારેક સ્વાર્થવશ થઈને સ્વજનના સાચા હિતનો સંકલ્પ કરે છે પણ જ્યારે સ્વાર્થ પૂરો થાય છે ત્યારે તે હિતની વાતોને બાજુમાં મુકીને અધિક સ્વાર્થની માયાજાળથી લપેટાતો રહે છે.

ઉત્તરાધ્યયન સૂત્રનું ઈષુકારીય અધ્યયન આ તથ્યને વધુ સચોટ બનાવે છે.

છ કલ્યાણ મિત્રોએ આત્મકલ્યાણને સંપ્રાપ્ત કરવા એક સાથે જ સંયમ જીવનનો અંગીકાર કર્યો. ક્ષિતિપ્રતિષ્ઠીત નગરમાં આ છએ યુવાનોએ એક સાથે સંયમ સ્વીકારતા અદ્‌ભુત ધર્મ પ્રભાવના થઈ. સહુ ત્યાગના માર્ગને અભિનંદવા લાગ્યા. કેટલાકના હૃદય ત્યાગ ધર્મ પ્રત્યે આકર્ષાયા. તો વળી કેટલાક તો પોતાના જીવનમાં આમૂલચુલ પરિવર્તન લાવવા માટે જોરદાર પુરૂષાર્થ પ્રારંભી દીધો.

છ મહાત્માઓએ દુર્દમ ઈન્દ્રીયોને અને મનને દમવા માટે આત્મસાધનાના કઠોર માર્ગ ઉપર અવિરત પણે સંપૂર્ણ પ્રયાસ પ્રારંભી દીધો.

કઠોર સાધનામાં પણ પ્રસન્નતાની પરાકાષ્ઠાએ પહોંચ્યા, વિઘ્નો અને અંતરાયોને આત્માના અપુર્વ ઓજસથી હતપ્રહત કરી દીધા. મનને આત્માનુસારી બનાવ્યું, દરેક પળ પ્રમાદ વિનાની બને તેની સાવધાની રાખી.

એકસરખી સાધનાએ સમગ્ર જીવન સંયમપુર્ણ જીવીને અંતે અણસણનો સ્વીકાર કર્યો. સંપૂર્ણપણે કરેલા આહાર પાણીના ત્યાગમાં પણ સાધના સર્વોચ્ચ શિખરે પહોંચી. અંતે કાલધર્મને પામી છયે મહાત્માઓ નલીનીગુલ્મ નામના એક જ દેવ વિમાનમાં લગભગ એકસરખા આયુષ્યવાળા દેવ બન્યા.

છ માંથી ચાર દેવલોકમાંથી ચ્યવીને કુરૂક્ષેત્રમાં ઈષુકાર નામના નગરમાં ઉત્પન્ન થયા. એક દેવ ઈષુકાર રાજા બન્યો. બીજો તેની રાણી કમલાવતી બન્યો. ત્રીજો ભૃગુ નામનો પુરોહીત બન્યો અને ચોથો રાજ પુરોહીત ભૃગુની પત્ની યશા તરીકે થયો.

સંસારની સ્થિતિ એકસરખી કયારેય થતી હોતી. સુખ અને દુઃખના ચક્ર ચકરાવા લેતા જ રહે છે. રાજ પુરોહિતનું પ્રાંગણ ઘણા સમય સુધી પુત્ર વિનાનું જ રહ્યું. આથી વલોપાત કરતા બંને અનેક જાતના પુત્ર પ્રાપ્તિના ઉપાયો આચરતા રહ્યાં.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## કામ- ક્રોધ

**સૌરભ** — બી.કે.નીતાબેન

તમને થશે કે કામ-ક્રોધ તો છોડી શકાતા હશે.. એ વિના દુનિયા જ ક્યાંથી ચાલે..? તો હે ભારતવાસીઓ સાંભળી લો.. પ્રકૃતિના પાંચતત્વો એક સાથે ધરતી પર સાફ સફાઈ શરૂ કરવાના છે.. કારણ કે જે મનુષ્યો અહિંયા આવી રાજયોગ નું શિક્ષણ લઈ.. મર્યાદાનું પાલન કરી દૈવી દેવતા બનશે.. એમના માટે ધરતી પર જ ફરીથી સ્વર્ગની રચના હુ રચવાનો છું.. જે લોકો આ વાત સાચી નહી માને એમને મને-ક- મને હું પરમધામ પાછા લઈ જઈશ.. કારણ કે.. તમે ભુલી ગયા છો આ દુનિયાના રંગમંચ પર ફક્ત પાત્ર ભજવવા આવ્યા હતા.. સત્યુગમાં દૈવી દૈવતાનું પાત્ર ભજવ્યુ ત્રેતાયુગમાં ક્ષત્રિય બન્યા.. દ્વાપરયુગમાં વૈશ્ય બન્યા.. અને કલીયુગમાં શુદ્ર બન્યા..જેમ સવાર-બપોર-સાંજ પછી રાત આવે છે.. એમ રાત પછી ફરી સવાર પડે છે.. એટલે કે બદલાય છે.. તો તમારે પણ બદલાવું પડે ને ? તો આવો ભલે તમે કોઈપણ કુળના હોવ કે જ્ઞાતિના.. પહેલા અહિયા આવી પાંચવિકારોનુ દાન આપી શુધ્ધ બ્રાહ્મણ બનો. કારણ કે કલીયુગરૂપી રાત અને સતયુગરૂપી દિવસનો વચ્ચેનો સમય ચાલી રહ્યો છે... જેને આપણે પુરૂષોત્તમ સંગમયુગ તરીકે ઓળખીશુ.. ભગવાન ખુદ તમારી આત્મા અને શરીર બંનેને પાવન બનાવવા આવ્યા છે. તેઓ તમને આ વિકારો છોડવાનું બળ પણ આપશે.. અહિંયા આવી એકવાર ખાત્રી કરી લો.. અહિયા કોઈ મનુષ્યોની ગુરૂ ગાદી નથી. ભગવાન કહે છે.. હું જ એક સતગુરૂ તમારે અહિયા નથી પૈસા ખર્ચવાના.. નથી કોઈને બીચારા બની નમવાનું.. રાજયોગનું શિક્ષણ લેવા ફક્ત ૭ દિવસ અડધો કલાક (૩૦ મિનીટ) નો સમય આપો. અને ઘરે બેઠા શિવ કહે છે. તમે તેનો અભ્યાસ કરો.. ભગવાન શિવ કહે છે..

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## ધાનેરામાં માવજીભાઈ...

પાના નં .૧ ચાલુ

જનમેદનીએ તાલીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા હતા. ધાનેરા વિધાનસભા બેઠક માટે ભાજપે યુવા સહકારી અગ્રણી અને બનાસડેરીના વાઈસ ચેરમેન, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તેમજ બનાસ મેડિકલ કોલેજ ના સ્થાપક ચેરમેન માવજીભાઈ મગનભાઈ દેસાઈને ઉમેદવાર બનાવતા માવજીભાઈ દેસાઈએ સોમવારે ધાનેરા પ્રાંત કચેરીએ હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ ગુજરાત અને રાજસ્થાનના ભાજપના સાંસદો, ધારાસભ્યો તેમજ સ્થાનિક નેતાઓ ની ઉપસ્થિતિ માં ધાનેરા પ્રાંત કચેરી ખાતે વિજય મુહૂર્તમાં પોતાનું ફોર્મ ભર્યું હતું.

ફોર્મ ભરતા અગાઉ માવજીભાઈએ ધાનેરા ખાતે બનાસ શીતકેન્દ્ર ની સામે વિશાળ જંગી જાહેર સભા સંબોધી હતી. માવજીભાઈએ જણાવ્યું હતું કે, 'હું સ્થાનિક જ છું.૨૦૧૨ સુધીમાં મારુ ગામ બાઈવાડા ધાનેરામાં જ હતું અને હું ધાનેરાની તમામ ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ છું. આજે આટલી વિશાળ સંખ્યામાં જનમેદની જોઈ મને હુંફ મળી છે. હું ધાનેરાની પ્રજાની હંમેશા પડખે રહી સમગ્ર વિસ્તારને તેમજ ધાનેરા અને દાંતીવાડા તાલુકાને વિકસીત તાલુકા બનાવવા પ્રયત્નશીલ રહીશ.

આ પ્રસંગે રાજયમંત્રી કેશાજી ઠાકોરે જણાવ્યું હતું કે,'દેશમાં ભાજપની સરકાર છે રાજયમાં ભાજપની સરકાર બનશે જેથી ધાનેરા માંથી આપણે કમળને ચૂંટી ગંધીનગર મોકલશો તો વડાપ્રધાન અને મુખ્ય મંત્રીના હાથ વધુ મજબૂત થશે અને ધાનેરા મતવિસ્તારનો વિકાસ તેજ ગતિએ દોડશે.

આ પ્રસંગે જાલોરના સંસદ દેવજીભાઈ ચૌધરી, ભીનમાલના સંસદ પુરારામ ચૌધરી, રેવદર ના ધારાસભ્ય જકશીરામ ઠાકોર, રાજ્યના પૂર્વ મંત્રી હરજીવન પટેલ, ધાનેરાના પૂર્વ ધારાસભ્ય મફતલાલ પુરોહિત, જિલ્લા ભાજપના અગ્રણી વસંતભાઈ પુરોહિત, ધાનેરા એપીએમસીના ચેરમેન ભગવાનભાઈ પટેલ, પાંથાવાડા એપીએમસીના ચેરમેન હરજીવન ભૂતડીયા, ધાનેરા વિધાનસભાના વિસ્તારક ખેમરાજભાઈ દેસાઈ સહિત અલગ-અલગ સમાજના આગેવાનોએ માવજીભાઈ દેસાઈ ની જંગી બહુમતીથી જીતાડવા આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે ગોપાલક નિગમના પૂર્વ ચેરમેન ડૉ. સંજય દેસાઈ,દાંતીવાડા તાલુકા પ્રમુખ નટુભાઈ ચૌધરી, ધાનેરા તાલુકા પ્રમુખ જગદીશભાઈ પટેલ, ધાનેરા શહેર પ્રમુખ કાંતિભાઈ ત્રિવેદી,દાંતીવાડા તા.પ.પ્રમુખ ઈશ્વરસિંહ સોલંકી, ઠાકોર સમાજના અગ્રણી સવાજી ઠાકોર,ગિરધારભાઈ ભીમાણી અને યોગેશ ત્રિવેદી સહિત કાર્યકરો અને હજારોની સંખ્યામાં ધાનેરાના દરેક સમાજના લોકો ઉપસ્થિત રહયા હતા.

## ગુજરાતની પ્રજા ...

પાના નં .૧ ચાલુ

દબાવીને પ્રચંડ વિજય અપાવવા અને વિકાસનો વિરોધ કરી રહેલી કોંગ્રેસને વિદાય આપવા ઉપસ્થિત લોકોને અપીલ કરી હતી. વિકાસ, નોટબંધી, ત્રાસવાદી હુમલા અને અન્ય તમામ મુદ્દા ઉપર કોંગ્રેસની ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસને હાર દેખાઈ રહી છે જેથી તેમને ઊંઘ આવી રહી નથી. ખોટા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. ૨૨ વર્ષનો હિસાબ લોકો માંગી રહ્યા છે. આવા પ્રશ્નના જવાબમાં મોદીએ કહ્યું હતું કે, અમે ભલ ભલાને મંદિર જતાં કરી દીધા છે. મોદીએ કહ્યું હતું કે, ગુજરાતીઓને યુપીમાં ગધેડા કહેવામાં આવ્યા હતા. ગધેડાના પગ પકડવાની હવે કોંગ્રેસને ફરજ પડી રહી છે પરંતુ ગુજરાતી લોકો વીણી વીણીને હિસાબ કરવા માટે ટેવાયેલા લોકો છે. ગુજરાત અંગે માહિતી આપતા તેમણે કહ્યું હતું કે, ૨૨ વર્ષમાં ગુજરાતમાંથી કર્ફ્યુને હંમેશ માટે મુક્તિ અપાવી દીધી છે. ઉમેદવારો કમળ સાથે સ્ટેજ ઉપર પહોંચ્યા હતા. મોદીએ પોતાના ભાષણની શરૂઆત તમામ ઉમેદવારોના નામ સાથે કરી હતી. ગામડાના લોકો પણ હવે વારસામાં ગરીબી આપવા માટે ઈચ્છુક નથી. કોંગ્રેસની સરકાર અને ભાજપની સરકારમાં દિનરાતનું અંતર રહેલું છે. ૯મી તારીકે ભાજપનું બટન દબાવી દરેક બુથ પરથ કોંગ્રેસને વિદાય આપવાની આક્રમક રજૂઆત મોદીએ કરી હતી. વિકાસ અંગે વાત કરતા મોદીએ કહ્યું હતું કે, આ ભુખ સતત જાગવી જોઈએ. પ્રયાસો સતત થવા જોઈએ. કોંગ્રેસ હતાશામાં છે. નર્મદા મુદ્દે મનમોહનસિંહે હમેશા જુઠ્ઠાણુ ફેલાવ્યું હતું. આ દરિયા કિનારા માટે ૭૦ વર્ષ સુધી વિકાસની ક્યારેય વાત થઈ ન હતી. મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, કોંગ્રેસને જ્યાં પણ તક મળી ત્યાં ભ્રષ્ટાચાર થયા હતા. કોંગ્રેસે ૭૦ વર્ષ સુધી ભ્રષ્ટાચારનો ખેલ ખેલ્યો હતો. કોંગ્રેસનો સિદ્ધાંત છે કે, કરવું નથી, કરવા દેવું નથી. પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ મોરારજી દેસાઈને રાતોરાત કાઢી મુક્યા હતા. મોરારજી દેસાઈએ પોતે આ અંગેની કબૂલાત કરી હતી. મોરારજી દેસાઈનો ભોગ લેવા માટે જ બેંકોના રાષ્ટ્રીયકરણનું નાટક કરવામાં આવ્યું હતું. પોતાની સરકારની સિદ્ધિઓની વાત કરતા તેમણે કહ્યું હતું કે, જનધન ખાતામાં ૬૭ હજાર કરોડ રૂપિયા જમા થયા છે. બે કરોડ લોકો પાસે રુપેકાર્ડ આવ્યા છે. કોંગ્રેસને ગુજરાત ક્યારેય ખપતું નથી. કોંગ્રેસને ગુજરાત માટે હમેશા નફરત રહી છે. સરદાર વલ્લભભાઈ પટેલ, મોરારજી દેસાઇ સાથે પણ આવું જ વર્તન કરાયું હતું. પોતાની વિકાસ કામગીરીની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, ૨૪ કલાકમાં વિજળી આપવાની વાત કરી હતી અને આપી પણ દીધી છે. મુશ્કેલ કામો કરવામાં આવી રહ્યા છે. ૨૦૨૨ના સ્વતંત્રતાના ૭૫માં વર્ષમાં તમામ લોકોને ઘર મળે તેવો સરકારનો હેતુ રહેલો છે. મોદીએ આતંકવાદી હાફીઝના મુદ્દે પણ વાત કરી હતી. ભુજમાં પ્રચાર દરમિયાન મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસને વિકાસની નહીં વંશવાદથી મતલબ છે. દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ વખતે પણ વિનાશક ભૂકંપ આવ્યો હતો. તેમને ભૂકંપ બાદ આવવાની ફરજ પડી હતી પરંતુ ત્યારબાદ કોઈ કામ થયું ન હતું. પરંતુ ૨૦૦૧માં કચ્છમાં જ્યારે ભુકંપ આવ્યો ત્યારે જે કામો થયા તે આજે પણ દેખાઈ રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે જ્યારે સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવ્યા ત્યારે કોંગ્રેસના લોકો પુરાવા માંગી રહ્યા હતા. હાફીઝની મુક્તિ પાકિસ્તાનમાં થઈ ત્યારે કેટલાક લોકો એક ત્રાસવાદીની મુક્તિને લઈને ટાળીઓ વગાડી રહ્યા હતા. કોંગ્રેસે આની ઉજવણી કરી હતી. આ કોંગ્રેસ પાર્ટીએ સેનાના સર્જિકલ સ્ટ્રાઈક ઉપર વિશ્વાસ કર્યો ન હતો અને ચીની રાજદૂતને ગળે મળવાનું પસંદ કર્યું હતું.

## રૂની તીર્થની...

અનુસંધાન ૨ નુ ચાલુ..

તથા યોગમાં વૈયાવચ્ચ કરનાર મુનિરાજ હેમદર્શન વિજય તથા પૂ.મુનિરાજ હિર દર્શન વિજય મ.સાની ભરપુર અનુમોદના કરી. ત્રણે દિવસ શ્રી ગોડીજી પાર્શ્વનાથદાદાની સુંદર આંગી તથા દેરાસર રંગોલી, ફુલો વિવિધ સામગ્રીથી શુશોભિત કરવામાં આવ્યું. થરા ગામના દરેક મંડળો, મહિલા મંડળો,ટ્રસ્ટીગણ રૂનીતીર્થ, કાર્યાલય સ્ટાફ અને સ્ટાફે સુંદર સેવા આપી મુંબઈના સંગીતકાર શ્રી પ્રતિક ગેમાવતે સુંદર સંગીત દ્વારા ગુરૂ અને પ્રભુભક્તિ કરી. ત્રણેય દિવસ નવે ટાઈમ મહેમાનોની સાર્ધમિક ભક્તિ ગુરૂભક્તો દ્વારા કરવામાં આવી. આ પ્રસંગે ગુરૂભક્તોએ ઉદારતાથી લક્ષ્મી અર્પણ કરી તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સુંદર ગુરુભક્તિ કરી ગુરૂભક્તોની લાગણી અને પ્રેમથી આ પ્રસંગને ચારચાંદ લાગ્યા અને ગુરુભક્તો માટે જીવનભરનું અમૂલ્ય સંભારણુ બની રહેશે.

## અંકલેશ્વર હાઈવે...

અનુસંધાન ૩ નુ ચાલુ..

તેવામાં અસામાજીક પ્રવૃત્તિઓ ડામવા માટે સઘન પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું છે. વડોદરા આરઆર સેલને મળેલી ચોક્કસ બાતમીના આધારે અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર ૮ ઉપર જીએમ દેસાઈ પેટ્રોલપંપ નજીક વોચ ગોઠવી હતી. આરઆરસેલની વોચમાં ઈનોવા કાર અને નિશાન સન્ની કાર બંન્ને કારને અટકાવી હતી. તેમાં તપાસ કરતા ૮૩ બોટલ દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

આરઆર સેલે ૮૩ પેટી વિદેશી દારૂ જપ્ત કરીને ૪ ઈસમોની ધરપકડ કરી છે.જેમાં ભાવેશ મનારાવ ગાયકવાડ, રણજીતસિંહ ભીખુસિંહ ચૌહાણ, જીગરભાઈ નરસિંહ પટેલ તેમજ મહેશભાઈ પ્રભાત પરમાર ચારેય રહે. વડોદરાની ધરપકડ કરી છે.મળતી માહિતી અનુસાર માલ મહારાષ્ટ્રમાંથી લાવીને વડોદરા નજીક પાદર ખાતે લઈ જવાતો હતો. ૮૩ પેટી દારૂ જેની કિંમત ૪,૦૪,૧૨૦ રૂપિયા અને ઈનોવા અને નિશાન ગાડી મળીને કુલ ૧૭,૩૧, ૪૩૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો.

## ગજનીપુર પાસેથી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

હકીકત આધારે ગજનીપુર પાસે નાકાબંધી કરી હતી. જે સમયે ટ્રક નંબર HR.૫૮.૩૯૭૪ ટ્રક માંથી વિદેશી દારૂ પેટી-૬૩૦ તથા કુલ બોટલ ૧૨૪૨૦ કી.રૂ.૨૭,૦૨,૪૦૦/- તથા ગાડીની કી.રૂ.૧૦,૦૦,૦૦૦/- તથા મોબાઈલ તેમજ તાડપત્રી એમ કુલ કી.રૂ.૩૭,૦૬,૦૦૦/- નો મુદામાલ રાખી ગાડીનો ચાલક તથા ક્લીનર (૧) મનજીતસિંહ પ્રધમસિંહ લુહાર (૨) પાલસિંહ સર્જનસિંહ જાટ બન્ને રહે. ફતેગઢ પંજાબ નાઓ ઉપરોક્ત મુદામાલ રાખી બન્ને પકડાઈ ગઈ ગુનો કરેલ હોઈ તેઓની સામે ભીલડી પો.સ્ટે. પ્રોહિબિશન એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

## કાંકરેજના ભાજપ ...

પાના નં .૮ ચાલુ

ઉપરાંત વરિષ્ઠ આગેવાન રાણાભાઈ દેસાઈ, પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ દેસાઈ, જીલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, અણદાભાઈ પટેલ, અમૃતભાઈ આલ, મફાજી સોલંકી, સુખદેવસિહ સોઢા, મૂળરાજસીંહ વાઘેલા, ડાયાભાઈ પિલીયાતર, કિશોરભાઈ પ્રજાપતિ, ઈસુભા વાઘેલા, પૃથ્વીરાજસિંહ વાઘેલા, રાયમલભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ તેજાજી ઠાકોર, અચરતભાઈ ઠક્કર, જામાભાઈ દેસાઈ, ડો.ભારતીબેન સોની, ઈશ્વરભાઈ પટેલ, ભાથીભા વાઘેલા સહિત બહોળી સંખ્યામાં અગ્રણીઓ તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## વાવ બેઠક...

પાના નં .૮ ચાલુ

ભાભર ત્રણ રસ્તા ખાતે આયોજીત તેમની સભામાં તમામ સમાજના આગેવાનો અને યુવાનો ઉમટી પડ્યા હતા. જંગી જાહેર સભાને સંબોધતા કોંગ્રેસ આગેવાનોએ પંથકના વિકાસને નજરમાં રાખી ગેનીબેન ઠાકોરને જંગી બહુમતિથી જીતાડવાની હાકલ કરી હતી.

ગેનીબેન ઠાકોરે પણ તમામ સમાજના લોકોના સાથ અને સહકારની અપીલ કરી પંથકના વિકાસ અને પ્રજાના પ્રશ્ને હરહંમેશ ખડેપગે રહેવાની ખાત્રી ઉચ્ચારી હતી. ત્યારબાદ રેલીરૂપે તેઓ સમર્થકો સાથે સુઈગામ પ્રાંત કચેરીએ પહોંચ્યા હતા અને પ્રાંત અધિકારી સમક્ષ પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું. ત્યારે કોંગ્રેસ જીંદાબાદના નારાઓથી ગગન ગૂંજી ઉઠ્યું હતું.

## રાધનપુરમાં કોંગ્રેસમાંથી ...

પાના નં .૮ ચાલુ

ભરવા માટે બપોરે દોઢ વાગ્યા આસ-પાસ રાધનપુર આવી પહોંચ્યા હતા અને ગાંધીચોક ખાતે કાર્યકરોને સંબોધ્યા બાદ ત્યાંથી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરોની સાથે જ ચાલતા પ્રાંત કચેરીએ પહોંચ્યા હતા અને ઉમેદવારી નોંધાવી હતી,અલ્પેશજી ઠાકોર ઉમેદવારી નોંધાવવા પહોંચ્યા તે પહેલા ભાજપના લવિંગજી મૂળજીજી સોલંકીએ ઉમેદવારીપત્ર ભર્યું હતું,જેમાં દરખાસ્ત ડો.દેવજીભાઈ પટેલે કરી હતી, જ્યારે ભાજપના ડમી ઉમેદવાર માર્કેટયાર્ડના ચેરમેન અમથાભાઈ રામાભાઈ ચૌધરીએ ફોર્મ ભર્યું હતું.જેમાં દરખાસ્ત તાલુકા ભાજપ પ્રમુખ ભોજાભાઈ આહીરે કરી હતી, આ પ્રસંગે ભરતભાઈ રાજગોર, જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી, પૂર્વ જિલ્લા પ્રમુખ દશરથજી ઠાકોર, બાબુભાઈ ચૌધરી, ભાવસિંહજી રાઠોડ, નાગરજી ઠાકોર, અંકુરભાઈ જોશી સહીત ઉપસ્થિત રહ્યા હતા,ભાજપના ઉમેદવાર ફોર્મ ભરીને બહાર નીકળ્યા બાદ કોંગ્રેસના ઉમેદવાર અલ્પેશજી ખોડાજી ઠાકોર તેમના ટેકેદારો સાથે આવ્યા હતા,અલ્પેશજીની દરખાસ્ત હાર્દિકકુમાર બિપીનભાઈ ત્રિવેદીએ કરી હતી, જયારે કોંગ્રેસના ડમી ઉમેદવાર તરીકે અલ્પેશજી ઠાકોરના પિતાજી ખોડાજી મેરુજી ઠાકોરે ફોર્મ ભર્યું હતું,જેમાં દરખાસ્ત રાધનપુર શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ ધુડાભાઈ પરમારે કરી હતી.આ પ્રસંગે કોંગ્રેસના અગ્રણીઓ તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવીનભાઈ પટેલ,ડૉ.ગોવિંદજી ઠાકોર,સાંતલપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ મહેબૂબખાન મલેક,હરદાસભાઈ આહીર સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દીઓદર વિધાનસભા...

પાના નં .૮ ચાલુ

સૌ કોંગ્રેસી કાર્યકરોનો આભાર માનેલ અને જણાવેલ કે મને દીઓદર વિધાનસભાની ટીકીટ મળતાં હું સૌ આગેવાનોને સાથે લઈને ચાલીશ.અને વધુમાં જણાવેલ કે મને સૌ સાથ સહકારથી જીતાડજો. હુ સૌના કામો નિસ્વાર્થ ભાવે કરીશ અને સૌ નાના મોટા લોકોને સાથે લઈને ચાલીશ.

આ પ્રસંગે પ્રદેશ યુથ કોંગ્રેસના ઉપાધ્યક્ષ ભરતસિહજી વાઘેલા, કોંગ્રેસના જિલ્લા ઉપપ્રમુખ બી.કે.જોષી, દીઓદર તાલુકા કોંગ્રેસના પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ, દીઓદર તાલુકા કેળવણી મંડળના પ્રમુખ પ્રવિણસિંહજી વાઘેલા, દીઓદર તાલુકા સંઘના પૂર્વ ચેરમેન માલજીભાઈ દેસાઈ, દીઓદર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ભારતીબેન જે.ચૌધરી, પૂર્વ ધારાસભ્ય અનીલભાઈ માળી, કોંગ્રેસ અગ્રણી જબ્બરસિંહ વાઘેલા, તા.પં.સદસ્ય મગનભાઈ પરમાર, તા.પં.સદસ્ય સેવંતીભાઈ ઠક્કર, ઈશ્વરભાઈ સુથાર, જી.પં.પૂર્વ સદસ્ય હીરાભાઈ પી.રાજપૂત, મહેશભાઈ દવે,શ્રવણભાઈ દવે, રત્નાભાઈ દેસાઈ, કનુભાઈ પઢીયાર, રૂગનાથભાઈ જોષી, ખેતારામભાઈ જોષી, જગમાલભાઈ એસ.પટેલ, લાખણી તાલુકા કોંગ્રેસ પ્રમુખ ધુડાભાઈ પટેલ, કચ્છ જીલ્લા કોંગ્રેસ પ્રભારી ભલજીભાઈ રાજપૂત(અછવાડીયા), બાબરાભાઈ ગુડેલ, કરસનભાઈ દેસાઈ, પરાગભાઈ આર.પટેલ, રમેશભાઈ બી.પટેલ, દાઉદભાઈ મેમણ, ગોદા બા,દી.તા.યુથ કોંગ્રેસ પ્રમુખ સુરેશભાઈ ગળશોર, ભુપતભાઈ સોની, ઉમેદભાઈ પટેલ, ભલજીભાઈ વાઘેલા (લવાણા), માલાભાઈ પટેલ (રૈયા), વાઘજીભાઈ જોષી, નાનજીભાઈ પટેલ, રાજાભાઈ પટેલ, દી.તા.યુથ કોંગ્રેસ પૂર્વ પ્રમુખ ડાયાભાઈ બી.પટેલ, મફાભાઈ પટેલ, ભાવનાબેન ઠાકોર સહીત કોંગ્રેસના અગ્રણીઓ, કાર્યકરો, આગેવાનો, યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

## ધાનેરા બેઠક...

પાના નં .૮ ચાલુ

લાગણી જોવા મળી હતી. અને તેઓએ સવારે પોતાના પક્ષના કાર્યકર્તાઓ તેમજ કોગેસના આગેવાનો સાથે પોતાનુ ફોર્મ ભરવા માટે આવ્યા હતા. જ્યારે બીજી તરફ છેલ્લે સુધી જોઇતાભાઈ પટેલ નુ નામ ચાલતુ હતુ અને નક્કી જેવી જ હતી ત્યારે છેલ્લી ઘડીએ ટીકીટ કપાતા તેમના સમર્થકોમાં ભારે આઘાતની લાગણી પણ જોવા મળી હતી.આ બેઠક ઉપર ભાજપના માવજીભાઈ દેસાઈએ પોતાના ૪ ફોર્મ ભર્યા હતા અને તેમની સાથે ભગવાનભાઈ હાજાભાઈ પટેલે પણ ફોર્મ ભર્યુ હતુ. જ્યારે નથાભાઈ પટેલે ૨ ફોર્મ ભર્યા હતા અને તેમના પુત્ર જગદીશભાઈ પટેલે પણ બે ફોર્મ ભર્યા હતા. અન્ય પણ ૯ ફોર્મ ભરાતા ૧૩ ઉમેદવારોએ ૧૮ ફોર્મ ભર્યા હતા.

## શ્રધા અને સંસ્કાર...

અનુસંધાન ૫ નું ચાલુ

અનેક જયોતિષીઓને પુત્ર પ્રાપ્તિ કયારે થશે એ પ્રશ્નો પુછયા. કેટલાય દેવો પાસે જઈને પુત્ર પ્રાપ્તિની માનતા માની પણ બધુંય નિષ્ફળ રહ્યું.

એક દિવસ દેવલોકમાં રહેલા બે મિત્રદેવોએ જાણ્યું કે, અમારો જન્મ ભૃગુ પુરોહીતને ત્યાં થવાનો છે. ત્યાં ગયા પછી સાધનાના દ્વાર અમારા માટે ખુલ્લા જ રહે છે તેવો વિચાર તેમને આવી ગયો.

તેમનો આ વિચાર છયે મિત્રોને પુનઃ આત્મ કલ્યાણના માર્ગમાં દોરી જવાનો હતો.આ બંને દેવો પોતાના સ્વપ્નને સાકાર કરવા માટે કૃતનિશ્ચયી બન્યા. દેવલોકમાંથી તેઓ ઈષુકારનગરમાં આવ્યા. બંને જણાએ સાધુ વેશ ધારણ કર્યો. તેઓ સીધાં જ ભૃગુ પુરોહીતના નિવાસસ્થાને આવ્યા. બંને પતિ-પત્નીએ સાધુ ભગવંતોને સત્કાર્યા. ઘણા જ હર્ષ સાથે વંદન કર્યા. દિવ્ય તેજોવર્તુલ ધારક આ મહાત્મા પોતાના આંગણે પધારતા તેઓ હરખઘેલા બન્યા. મહાત્માઓએ ધર્મલાભના મીઠા આશિષ આપી ધર્મદેશનાનું દાન કર્યું.અહીં બંને દંપતિએ પોતાના ઐહિક સુખનો પ્રશ્ન તો પુછી જ લીધો. 'મહાત્મન્! કેટલીય ધર્મોપાસના કરી, પણ હજી અમને પુત્રપ્રાપ્તિ થતી નથી. આપ અમ ઉપર કૃપા કરીને કહો કે અમને પુત્રનો યોગ કયારે છે ?

બંને સાધુરૂપના ધારક દેવો બોલ્યા, 'પુરોહિતજી તમને બે પુત્રરત્નની પ્રાપ્તિ થવાની છે. તમારા પુત્રો ઉત્તમ બુધ્ધિવંત બનશે. બાલ્યવયમાં જ તેઓ વૈરાગ્ય વાસિત બનીને દીક્ષા ગ્રહણ કરશે. તેમની સાધનાના માર્ગમાં તમે અંતરાય ન કરતા. આ બંને સાધકો પોતે તો ઉત્તમ સાધના કરશે,પરંતુ અનેક જીવોને સાધનાના માર્ગે વાળીને આત્મ કલ્યાણ સન્મુખ બનાવશે. તમે બંને જણા પ્રતિજ્ઞા કરો કે તમારે તેમના માર્ગમાં વિઘ્નભુત ન બનવું.

**મુનિ રાજસુંદર વિજય**

## સૌરભ...

અનુસંધાન ૫ નું ચાલું

તમારે અહી માળા જપવાની નથી.. કોઈ કંઠી પહેરવાની નથી.. કોઈ ગુપ્તમંત્રની વાત નથી.. કારણ કે મનુષ્યમાત્ર મારા બાળકો છે.. હું એમનો પિતા છું હું એવી મહેનત જ શુ કામ કરાવુ જે બીચારા કરી ન શકે. જાગ્યા ત્યારથી સવાર..સમયને ઓળખો.. અને મારા સ્થાપેલા આ વિદ્યાલયને ઓળખો.. જો જો તમારો બેડો પાર ન થાય.. એવો દોષ તમે આપી જ નહી શકો.. કારણ કે સ્વરાજ્ય તમારો જન્મસિધ્ધ અધિકાર છે.. પહેલા આત્મા માલીક બની શરીર ના રાજા બનો.. કર્મન્દ્રિયોને શુધ્ધ બનાવી લો.. આવાનારા સત્યુગમાં વિશ્વ પર રાજ્ય કરવાનુ ભાગ્ય લો..

**બી.કે. નીતાબેન**

## આરાધના

અનુસંધાન ૫ નું ચાલુ

આપ મને બતાવો કે હું પ્રારંભ ક્યાંથી કરું ?"

સદગુરૂએ કહ્યું. આ બાજુમાં રમતું બાળક તને દેખાય છે ? હવાની લહેરોમાં ઝૂમતું આ લીબડાનું ઝાડ તને દેખાય છે ? ઉગતા સૂર્યની લાલીમા અને આથમતા સૂર્યના સોનેરી કિરણો અને આવી બધી પ્રકૃતિની લીલા કળાને જોઈને તારા મનમાં સ્પંદનો જાગશે ત્યારથી જ તારી ઈશ્વર દર્શનની લાલચા પૂર્ણ થશે.

કુદરતે વેરેલા અપાર સૌદર્યને પીતાં શીખવું છે. નાનાં-નાનાં કીટ પતંગીયા એક ડાળ ઉપરથી બીજી ડાળ ઉપર કૂદા કૂદ કરતાં ઉડે છે એને ઉર્જા આપનાર સર્વત્ર વ્યાપ્ત વીભુને બીજે ક્યાંય, બીજા સ્વરૂપમાં જોવા કરતાં આપણી આમે આવતા દરેક દ્રશ્ય પ્રસંગોમાં વિભૂ રીતે જ તેને જોતાં શીખવું છે,

આવા પરમાત્મા શંખ,ચક્ર,ગદા,પદ્મ ધારણ કરીને દર્શન આપે તેના માટે કદાચ વધારે તપ-જપ કરવા પડશે. પરંતુ આવા સાદા-સરળ-સહજ રૂપે પરમાત્માને અનુભવતાં શીખવું વધારે શહેલું પડશે. ચાલો પ્રયત્ન કરીએ.

**નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

## ચિંતન...

અનુસંધાન ૫ નું ચાલું

નોટબંધી, જીએસટી ને હવે ચેકબંધી એમ કંટાળીને ડખો ભગત કહે હવે હોઠ-પેટ બંધી જ કરી નાખોને નસબંધી તો કરતાં નહીં, નશાબંધી કયાંથી ચાલશે ?? ચૂંટણી પંચના ફુંફાડા વચ્ચે અફીણ, દારૂ, પૈસા, પેટ્રોલ, ડીઝલની રેલમછેલ છતાં બધું છેલમછેલ. કોણ કહે છે ખર્ચા થાય છે આતો સમર્થકો જ નાણાં વાપરે છે. બાકી અમારે તો લોકસેવાર્થે જ ચૂંટણી લડવી છે. એટલે ના લેવા છે કે ના દેવા છે. બોલો મોં બંધ કરીને ડખા ભગતની જય હો.. લોકસેવકોની સેવાની જય હો.. સમર્થકોની જય.. હવે વધુ નહીં નહીંતર ડખા ભગત પર અખા ભગત ખીજાઈ જાય ને ?વાંચક મિત્રો ગુજરાત વિધાનસભા ચુંટણી ૨૦૧૭ નો માહોલ જામી રહ્યો છે. પ્રથમ બીજા તબક્કામાં મતદાન થશે. ચુંટણીમાં હારજીત થશે, ભાજપ-કોંગ્રેસના ને બીજા પક્ષના હારેલા, જીતેલા નેતાઓ સાથે બેસીને પાંચ વર્ષ સુધી જયાં મળશે ત્યાં જલસા કરશે. ચા પાણીને ભોજન કરશે પણ ભાઈ ભાઈ પરિવાર,મિત્રોને એકબીજા સાથે બેસવા ના નહીં રાખે. મિત્રો જાગૃત બનવાની જરૂર છે. ચૂંટણીમાં તટસ્થપણે આપના વિસ્તારમાં મતદાન કરો. મતદાન કરવું એ આપણી ફરજ છે પરંતુ ચૂંટણી કાલે જતી રહેશે. ભાઈ-ભાઈ પરીવાર-સમાજ, મિત્રવૃંદમાં કોઈ વેરઝેરની ભાવના પેદા ન કરશો. આ કહેવાતા લોકસેવકો કોઈપણ પક્ષના હોય છેવટે જ તેમની સાત પેઢી તરે ને આપણને ડુબાડે તેવું જ કરવાના એટલે સમજ્યાને ? આપણે તેમને લડાવો ને શાંત રહી તમારો જુઓ. આપણા મન હૃદય તન મંદિરને સ્વચ્છ સાફ રાખીને જ ભાઈચારાથી જીવન જીવીએ.

**યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : .......................જ.તા. ................ઉ.વ.
પરિચય: .............................................................
સરનામુ : ............................................................
મોકલનારની સહી : ................................................

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૫૦૦-૪૦૪૦૦**
રૂપુ કાચું ૩૯૫૦૦-૪૨૦૦૦
સોનુ તોલો ૩૦૩૦૦-૩૦૫૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૭૦**
પામોલીન ૧૦૭૦
સોયા રીફાઈન ૧૩૭૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૫૫૦-૧૫૮૦
સીંગતેલ ૧૫ લી.૧૪૨૦
સીગતેલ ૫ લી. ૪૭૫-૪૮૨
તિરૂપતી કપા. ૧૨૬૦
૫ લીટર ૪૦૦
વનસ્પતિ ઘી ૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો ૩૦૦૦-૩૧૦૦
૫ કે. કોપરેલ૧૧૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૦
**૧૫ લીટર સનફલાય ૧૨૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૬૦
૨ લી. ૧૬૩
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૬૦૦
મગદાળ નર્મદા સુપર ૬૨૦૦
નર્મદા મગ મોગર ૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૨૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૩૯૫૦**
**ખાંડ એમ. ૪૦૦૦-૪૧૫૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૭૦૦-૮૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૪૦૦-૫૦૦
લીંબુ ૪૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૭૦૦-૭૪૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૪૦૦-૪૪૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૬૦૦-૭૦૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૯૦૦-૧૦૦૫

## પાટણમાં વેરાઈ ચકલા નજીક રીક્ષા અને ઊંટલારી અથડાતાં ત્રણને ઈજા

પાટણ

પાટણમાં વેરાઈ ચકલાથી શા- વાડા માર્ગ પર લારી- ગલ્લાના દબાણોના કારણે સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી ટ્રાફિક સમસ્યા ગંભીર બની રહે છે. તેના કારણે સામાન્ય અકસ્માતના બનાવો બનતા આવ્યા છે. ત્યારે ગત શનિવારે સવારે એક રિક્ષા અને ઊંટલારી વચ્ચે થયેલા અકસ્માતમાં ત્રણ જણાને સામાન્ય ઈજા થઈ હતી. જ્યારે રિક્ષાને ૧૫૦૦ થી વધુનું નુકસાન થયું હતું. અત્રે નોંધવું ઘટે કે શા- વાડા રોડ પર નવા કોમ્પલેક્ષો બનતાં ટ્રાફિકની સમસ્યા ગંભીર બની છે. કોમ્પલેક્સોમાં જવાના માર્ગ પર લારી- ગલ્લા મુકવામાં આવતા વેપારીઓ ત્રાસી ઉઠ્યા છે. આ બાબતે સ્થાનિક પોલીસ દ્વારા દબાણ કરનારાઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## સાંતલપુર તાલુકાના વારાહી ગામની શ્રી.એસ.ડી.આચાર્ય પ્રાથમિક શાળા વારાહીમાં બાળદિનની ઉજવણી

વારાહી

શાળામાં લોટફુંકણી, લિંબુચમચી, કોથળા દોડ,સંગીત ખુરશી, વોલીબોલ તથા મંડળની રમતો જેવી રમતો રમી બાળકો અનંદિત થઇ ગયા હતા. કાર્યક્રમના સંયોજક તરીકે પટેલ મુકેશભાઇ તથા સાધુ ધ્રુનિકાબેન (સ્પોર્ટ્સ ટ્રેનર) તથા જીૅ..ઞ સી.પી.ઓ પ્રજાપતિ રાજેશકુમાર તથા શાળાના આચાર્યશ્રી દેવીસિંહ આર પરમાર શાળાના પ્રમુખશ્રી ફરસુભાઇ ગોકલાણી ઉપસ્થીત રહી બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા. સર્વ સ્ટાફ મિત્રોના સહકારથી કાર્યક્રમ સંપન્ન થવા પામેલ છે.

## પાટણના વેપારી પાસેથી ૯૦ લાખની લૂંટ કેસમાં કોર્ટે જામીનની રકમ ઘટાડી

પાટણ

પાટણમાં ગત વર્ષે ૨૦૧૬ માં એક વેપારીને સસ્તામાં સોનાના બિસ્કીટ આપવાની લાલચ આપીને તેનું અપહરણ કરી રૂા. ૫૦ લાખની રોકડ, ૪૦ લાખના હવાલાની રકમ મળી કુલ ૯૦ લાખની ખંડણી અને રિવો લ્વરની અણીએ લુંટ કરવાની ઘટના બની હતી. જેમાં પકડાયેલા આરોપીઓ પેકી એક આરોપી પૃથ્વીસિંહ ભૂપતસિંહ વાઘેલા (રહે. સાણંદ) ને અગાઉ આગોતરી જામીન પાટણ કોર્ટે કરતી વખતે લાદેલી શરતો પૈકી શરત નં.૮ માં જણાવેલું કે આરોપીએ જામીન મુદત થયા પછી એક માસમાં રૂા. ત્રણ લાખની ડિપોઝીટ કોર્ટમાં જમા કરાવવી.

આ શરતમાં જણાવેલી રકમમાં ઘટાડો કરવા માટે આરોપીએ પાટણ કોર્ટમાં અરજી કરીને પોતે ગરીબ હોવાથી આ રકમમાં ઘટાડો કરવાની અરજ કરતા કોર્ટે શરતની રકમમાં ઘટાડો કરી રૂા. ૬૦૦૦૦ ની રકમ ૧૦ દિવસમાં પાટણની ટ્રાયલ કોર્ટમાં ડિપોઝીટ કરાવવા પ્રથમ ત્રણ વર્ષ માટે બાંધી મુદ્દતની થાપણમાં મુકવાની રહેશે. જો કેસની ટ્રાયલ ત્રણ વર્ષમાં પુરી ન થાય તો ટ્રાયલ કોર્ટે આ થાપણ યોગ્ય લાગે તેટલા સમય માટે રિવ્યુ કરાવવાની રહેશે તેવો હુકમ કર્યો હતો.

નૂતન વર્ષાભિનંદન
આછુવા ગ્રામ પંચાયત કચેરી
તા.વાવ, જિ.બ.કાં.
જગતસિંહ ભીમસિંહ ચૌહાણ : સરપંચ
એમ.પી.જાટ : ત.ક.મંત્રી
'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'

નૂતન વર્ષાભિનંદન
ઉમેદપુરા ગ્રામ પંચાયત કચેરી
તા.વાવ, જિ.બ.કાં.
અંબારામભાઈ પીરાભાઈ પંડયા : સરપંચ
એમ.પી.જાટ : ત.ક.મંત્રી
'પંચાયતમાં વેરા નિયમિત ભરો'

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | પાલનપુર | ગવાર | ૬૬૧-૭૨૬ |
| ઘઉં | ૩૧૫-૩૬૦ | બીજડા | ૧૨૫૧-૧૩૫૦ |
| જુવાર | ૬૦૨-૬૨૪ | ઘઉં | ૩૩૨ |
| બાજરી | ૨૧૨-૨૭૦ | મગ | ૭૩૦-૮૩૯ |
| અડદ | ૬૫૦-૭૩૯ | બાજરી | ૨૫૧-૩૦૧ |
| એરંડા | ૮૭૧-૮૮૫ | ચોળા | ૫૬૫-૬૬૦ |
| રાયડો | ૬૯૨-૭૦૮ | રાજગરો | ૭૮૨-૭૯૫ |
| રાજગરો | ૭૦૦-૮૧૮ | સુવા | ૮૪૭ |
| મગફળી | ૭૦૦-૮૩૯ | રજકો | ૧૬૦૧ |
| | લાખણી | તલ | ૧૩૦૦-૧૮૧૧ |
| રાયડો | ૭૦૧-૭૦૭ | અડદ | ૬૫૦-૮૬૧ |
| એરંડા | ૮૪૫-૮૭૦ | મગફળી | ૫૮૦-૮૬૧ |
| રજકાબાજરી | ૩૩૦-૩૪૮ | ઈસ. | ૧૮૮૯ |
| ચિકુડી | ૮૦૧-૯૬૬ | અન્ય | ૬૦૦-૯૦૦ |
| કપાસ | ૮૫૦-૯૦૩ | | થરા |
| | પાટણ | જીરૂ | ૩૨૫૦-૩૮૨૬ |
| જીરૂ | ૨૭૭૬-૩૮૦૦ | એરંડા | ૮૭૬-૮૮૪ |
| વરી. | ૯૦૦-૧૩૫૦ | રાયડો | ૬૮૦-૬૯૦ |
| મેથી | ૩૫૦-૫૮૪ | ગવાર | ૭૦૫-૭૩૦ |
| સુવા | ૬૭૫-૧૦૨૦ | ઘઉં | ૩૧૭-૩૪૪ |
| ઘઉં | ૩૧૫-૩૫૮ | બાજરી | ૨૩૦-૨૬૨ |
| બાજરી | ૨૨૫-૨૮૦ | મગ | ૭૪૦-૯૫૫ |
| બંટી | ૩૨૦-૩૪૦ | અડદ | ૬૬૦-૮૩૦ |
| કપાસ | ૮૮૦-૯૪૬ | અજમો | ૬૪૮-૧૦૪૮ |
| મગ | ૪૫૧-૭૧૧ | સુવા | ૮૦૦-૮૯૪ |
| જુવાર | ૪૬૦-૬૪૨ | મગફળી | ૯૦૦ |
| અડદ | ૭૦૦-૮૮૮ | | સિદ્ધપુર |
| ગવાર | ૫૫૦-૭૩૦ | રાયડો | ૬૬૦-૭૦૬ |
| મગફળી | ૭૦૮-૭૩૮ | એરંડા | ૮૦૮-૮૮૪ |
| અજમો | ૫૧૧-૮૧૬ | મગ | ૬૬૦-૮૦૦ |
| રાયડો | ૬૬૦-૭૧૩ | અડદ | ૬૮૪-૯૦૦ |
| એરંડા | ૮૬૫-૮૮૮ | ગવાર | ૬૦૦-૭૪૨ |
| તલ | ૧૫૦૦-૧૭૪૦ | ઘઉં | ૩૨૦-૩૮૨ |
| | ધાનેરા | બાજરી | ૨૦૧-૩૦૦ |
| એરંડા | ૮૩૦-૮૬૯ | જુવાર | ૩૨૨-૬૨૬ |
| સુવા | ૮૧૭-૯૪૦ | કપાસ | ૮૪૦-૯૪૭ |
| રાયડો | ૬૭૦-૭૧૪ | | |

## ઈડર- વડાલી વિધાનસભા ભાજપના ઉમેદવાર હિતુ કનોડીયાએ ઉમેદવારી ફોર્મ ભર્યું

પ્રતિનિધિ વડાલી

વડાલી, ઈડર વિધાનસભાના ઉમેદવાર કનોડીયા હિતુભાઈએ ઈડરના શેરપુર માં ઉમિયાના દર્શન કરી આશીર્વાદ લઈ ચૂંટણીમાં ફોર્મ ભર્યુ હતું. આ પ્રસંગે શંભુનાથ ટુડિયા, સાંસદ દીપસિહ રાઠોડ, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, તખતસિંહ હડીયોલ, અશોક જોષી, પાટીદાર જયંતિભાઈ, પટેલ અશ્વિનભાઈ તેમજ ઈડર-વડાલી તાલુકાઓના મોટા ભાગના સરપંચો, મહિલાઓ, વડીલો, કાર્યકરો, મતદારો મોટી સંખ્યામાં ઈડર એકઠા થયા હતા. આ પ્રસંગે નરેશભાઈ કનોડીયા પણ ખાસ હાજર રહ્યા હતા. હિતુભાઈ કનોડીયાએ ઈડર,

નરેન્દ્રસિંહ રાઠોડ



વડાલી વિધાનસભા બહુમતીથી ભારે સરસાઈથી જીતવાની આશા વ્યક્ત કરી હતી.ઈડર -વડાલી વિધાનસભા સીટ માટે કોંગ્રેસ તરફથી મણીભાઈ વાઘેલાએ પણ ઉમેદવારી તરીકે ગતરોજ પોતાનું ફોર્મ ભરી વિજય થવાની આશા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ઈડર વડાલીના કોંગ્રેસ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. બન્ને ઉમેદવારોના ટેકેદારોએ પણ વિજય માટેની દાવેદારીઓ કરી હતી.

## સાબરકાંઠા જિલ્લામાં જનરલ નિરીક્ષકશ્રીઓનું આગમન

હિંમતનગર

ભારતના ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર આગામી ૧૪ ડિસેમ્બરના રોજ મતદાન યોજાનાર છે ત્યારે સમગ્ર ચૂંટણી પ્રક્રિયાના દેખરેખ માટે સાબરકાંઠા જિલ્લામાં બે જનરલ નિરીક્ષક તથા એક પોલીસ નિરીક્ષકની નિમણૂંક કરવામાં આવી છે જેમાં જનરલ ઓબ્ઝર્વર ડી. મણીગંડન (IAS) ૨૭-હિંમતનગર અને ૩૩-પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તારની લગતી ફરીયાદ માટે મો.નં.- ૭૪૩૪૮ ૫૫૫૯૬ અથવા હિંમતનગર સર્કીટ હાઉસ ખાતે નં.-૦૨૭૭૨-૨૪૯૯૨૨ સંપર્ક કરી શકાશે.

જયારે ૨૮-ઈડર અને ૨૯-ખેડબ્રહ્મા વિધાનસભા મતવિસ્તાર માટેના જનરલ ઓબ્ઝર્વર આર. આર. જન્નુ (IAS) મો.નં.-૭૪૩૪૮ ૫૫૫૯૫ તથા હિંમતનગર સર્કીટ હાઉસ ખાતે નં.-૦૨૭૭૨-૨૪૮૯૨૨ સંપર્ક કરી શકાશે

આ ઉપરાંત ચૂંટણી પંચ તરફથી સાબરકાંઠા જિલ્લા માટે પોલીસ ઓબ્ઝર્વર આશુતોષ પાંડે (IPS) ની નિમણૂંક કરવામાં આવેલ હોઈ જેઓનો હિંમતનગરના સર્કીટ હાઉસ હિંમતનગર ખાતે નં.-૦૨૭૭૨-૨૪૬૯૨૨ અથવા મો. નં.-૭૪૩૪૮ ૫૫૫૯૪ પર ફરીયાદ કરી શકાશે.

તેની જાહેર જનતાએ નોંધ લેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર, સાબરકાંઠાની યાદી ધ્વારા જણાવવામાં આવે છે.

## કોંગ્રેસે મહેસાણા, ઊંઝા, વિસનગર, વિજાપુરમાં પાટીદારોને ટિકિટ આપી

મહેસાણા

ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા ૯ ધારાસભ્યોને રિપીટ કરાયા છે. તો ધાનેરાના જોઈતાભાઈ પટેલ અને કાંકરેજના ધારાસભ્ય ધારસી ખાનપુરાને ટિકિટ નથી આપી. તો બહુચરાજીમાં પૂર્વ ગૃહરાજ્ય મંત્રી રજની પટેલને ભાજપે મોડી રાતે નામ જાહેર કરી દીધું છે.

કોંગ્રેસ દ્વારા જાહેર કરાયેલા ઉમેદવારોમાં ખેરાલુમાં રામજી ઠાકોર, ઊંઝામાં આશાબેન પટેલ, વિસનગરમાં મહેશ પટેલ, બહુચરાજીમાં ભરત ઠાકોર, કડીમાં રમેશ ચાવડા, મહેસાણામાં જીવાભાઈ પટેલ, વિજાપુરમાં નાથા ભાઈ પટેલનો સમાવેશ થાય છે. કોંગ્રેસે પાટીદાર અનામત આંદોલનને ધ્યાને લઈ મહેસાણા, વિસનગર, ઊંઝા અને વિજાપુરમાં પાટીદારોને મેદાનમાં ઉતાર્યા છે. જેના કારણે હવે મહેસાણા, ઊંઝા અને વિજાપુર બેઠક ઉપર બે પાટીદારો વચ્ચે જંગ જામશે. તો બહુચરાજીમાં પાટીદાર અને ઠાકોર વચ્ચે તો ખેરાલુમાં બંને ઠાકોર વચ્ચે રસાકસી જામશે.

બનાસકાંઠાના વાવમાં ગેનીબેન ઠાકોર, ધાનેરામાં નાથાભાઈ પટેલ, દાંતામાં કાંતી ભાઈ ખરાડી, ડીસામાં ગોવાભાઈ રબારી, પાલનપુરમાં મહેશ પટેલ, કાંકરેજમાં દિનેશ ઝાલોરા, પાટણ બેઠક પર ડૉ.કિરીટ પટેલ, જ્યારે સાબરકાંઠાના હિંમતનગર બેઠક પર કમલેશ પટેલ, ખેડબ્રહ્મામાં અશ્વિન કોટવાલ, પ્રાંતિજમાં મહેન્દ્રસિંહ બારૈયા, જ્યારે અરવલ્લીના ભિલોડામાં અનિલ જોષિયારા, મોડાસામાં રાજેન્દ્રસિંહ ઠાકોર, બાયડમાં ધવલસિંહ ઝાલાને ટિકિટ આપી છે.

## ભરૂચ જિલ્લા લઘુ ઉદ્યોગ ભારતીનું વાર્ષિક મિલન યોજાઈ ગયું

અંકલેશ્વર

અંકલેશ્વર ચિલ્ડ્રન જીઆઈડીસીમાં આવેલ ચિલ્ડ્રન થીયેટર ખાતે તા.૨૬ મી.નવેમ્બરે લઘુ ઉદ્યોગ ભારતીનો ભરૂચ જિલ્લાનો 'વાર્ષિક મિલન' કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં ભરૂચ જીલ્લાના અંકલેશ્વર, પાનોલી અને ઝઘડીયા એસ્ટેટના લઘુ ભારતીના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રાષ્ટ્રીય સંગઠન મંત્રી પ્રકાશચંદ્ર ગુપ્તાએ લઘુ ઉદ્યોગ ભારતીની કાર્યવાહી અંગે ઉંડાણપૂર્વક સમજ આપી હતી. તેમજ તેમને આજના ગળાકાપ સ્પર્ધાના યુગમાં અંદરોઅંદર સ્પર્ધા કરવાને બદલે નિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે અને બીજા દેશ સાથે સ્પર્ધા કરે. આ માટે અંદરઅંદર એક બીજાને સહયોગ આપે. આ સમયની માંગ છે.

અંગ્રેજો આપણા દેશમાં આવ્યા તે પહેલા વિશ્વ વ્યાપારમાં આપણો જીડીપી ૨૩ ટકાની આસપાસ હતો. આપણો વિશ્વ વ્યાપારમાં દબદબો હતો. આપણે આઝાદ થયા ત્યારે આ ટકાવારી ઘટીને ૩.૫ ઉપર આવી ગઈ. આજે આઝાદીના ૭૦ વર્ષ પછી તે ૨.૫ ઉપર આવી ગઈ છે. તેના માટેના કારણો શોધવા રહ્યા.

સનાતનકાળથી આપણું અર્થતંત્ર લઘુ ઉદ્યોગ આધારિત હતુ. પરંતુ આઝાદી પછી આપણે મોટા ઉદ્યોગોને પ્રાધાન્ય આપ્યું અને લઘુ ઉદ્યોગો પ્રત્યે દુર્લક્ષ સેવ્યું. હવે તેની પ્રત્યે વધારે લક્ષ આપવાની જરૂર છે. આ વાત સરકારને પણ સમજાઈ છે. પરિણામે લઘુ ઉદ્યોગ ભારતીને વીશેષ મહત્વ આપવામાં આવે છે.

અત્યારે સરકારની અનેક કમિટીઓમાં લઘુ ઉદ્યોગ ભારતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. બજેટમાં અને જીએસટીમાં પણ તેના મંતવ્યોને મહત્વ અપાય છે.

લઘુ ઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બળદેવ પ્રજાપતિએ તેમના વ્યકતવ્યમાં જણાવ્યું હતુ કે દેશમાં લઘુ ઉદ્યોગ ભારતીના ૨૦,૦૦૦ ઉપરાંત સભ્યો છે. જેમાં ગુજરાત રાજયમાં ૩૦૦૦ જેટલા સભ્યો છે. રાજયના



દરેક જિલ્લામાં તેની હાજરી છે. જો કે રાજયમાં જે રીતે લઘુ અને માઈક્રો ઉદ્યોગોની જાળ છે. તેના પ્રમાણમાં આ સભ્ય સંખ્યા ખૂબ જ ઓછી છે. નાના ઉદ્યોગો હજુ વધારેમાં વધારે જોડાય તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. આટલી વિશાળ સભ્યસંખ્યા ધરાવતું દેશમાં બીજુ ઉદ્યોગોનું કોઈ સંગઠન નથી તેની પણ માહિતી આપી હતી. અત્યારે દેશના લગભગ બધા જ રાજયોમાં તેની હાજરી છે.ફક્ત સેવન સિસ્ટર તરીકે ઓળખાતા રાજયોમાં બે - ત્રણ રાજયોમાં પ્રયાસો ચાલુ છે.

તેમને આ વિસ્તારના ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનો અને લઘુ ઉદ્યોગ ભારતીની વારંવારની રજુઆતોને લઈને અંકલેશ્વરને ક્રિટીકલ પોલ્યુટેડ ઝોનમાંથી કાઢવામાં સફળતા મળી. પરંતુ ૧૮ (બી) કલમને લઈને આપણે નવા ઉદ્યોગો સ્થાપી શકતા નથી કે વિસ્તરણ કરી શકતા નથી. આ બાબતની રજૂઆતો કરવામાં આવશે. જો કે કેન્દ્રમાં સરકાર બદલાઈ છે પરંતુ અમલદારો તેના તેજ હોવાથી થોડી તકલીફો આવે છે. અસવારો બદલાઈ ગયા છે.પરંતુ ઘોડા તેના તે જ હોવાથી ઘણી વખત ઘોડાઓ તેની મનમાની કરીને અસવારને તેમને મનમાં કરેલી જગ્યાએ જ લઈ જઈને ઉભા કરી દે છે.લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાતના મહામંત્રી સંદીપભાઈ વાઘેલાએ ગુજરાતમાં લઘુ ઉદ્યોગ ભારતીના કાર્યો વિશે માહિતી આપી હતી. તેમજ સંખ્યાબળ વધે તેવા પ્રયાસો કરવા આહવાન કર્યું હતું. સંસ્થાને વધારે કાર્યરત કરવા શું કરવું જોઈએ તેની માહીતી આપી હતી.

દહેજ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના જોઈન્ટ પ્રેસીડન્ટ દિનેશભાઈ પટેલે કેટલાક લાયસન્સની મુદત વધારવામાં આવે તેવી રજુઆત કરવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. જેમાં કેન્દ્ર સરકારના ઈઝી ઓફ ડુઈગ બિઝનેસના ભાગરૂપે પોઈઝન લાયસન્સ જે બે વર્ષનું હતુ તે ૫ વર્ષનું કરી દેવામાં આવ્યું. એકસપ્લોઝીવ લયસન્સ ૧૦ વર્ષનું કરી દેવામાં આવ્યું. તેવી રીતે ફેકટરી લાયસન્સની મુદત પણ વધારી દેવામાં આવે.

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખ મહેશ પટેલે સંસ્થાની મિટીંગોમાં વધારેમાં વધારે ભાગ લેવો જોઈએ. તેમાં પોતાના પ્રશ્નો રજુ કરવા જોઈએ. ત્યારે પ્રશ્નો આગળ જશે અને તેનો ઉકેલ મેળવી શકાશે.તેમને રો - મટેરિયલના ઉપયોગમાં મહત્તમ સ્વદેશીને પ્રાધાન્ય આપવા જણાવ્યું હતું. જેથી ખેડૂતોને તેમની પ્રોડકટનું વ્યાજબી વળતર આપી શકાય.તેમજ સ્વદેશીને પ્રોત્સાહિત કરવા જણાવ્યું હતું. ભરૂચ જિલ્લા લઘુ ઉદ્યોગ ભારતીના પ્રમુખ ઈશ્વર સજ્જને સંસ્થાની કામગીરી વિશે માહિતી આપી હતી. લઘુ ઉદ્યોગ ભારતીના પાનોલીના પ્રમુખ કિરણસિંહ પરમારે હાજર સૌનો ઋણ સ્વીકાર કર્યો હતો.આ પ્રસંગે લઘુ ઉદ્યોગ ભારતીના ગુજરાતના પૂર્વ પ્રમુખ નિખિલભાઈ પટેલ તેમજ ઝગડીયા લઘુ ઉદ્યોગ ભારતીના પ્રમુખ જીતેશ પટેલ, સેક્રેટરી દીપક પટેલ, ભરૂચ જિલ્લા લઘુ ઉદ્યોગ ભારતી મહામંત્રી બલદેવ આહિર તેમજ વિમલ જેઠવા, અનિલ શુકલા તેમજ મોટી સંખ્યામાં ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

## જીવાભાઈ તો ભાજપમાં જોડાવવાના હતા : નીતીન પટેલ

(જી.એન.એસ) મહેસાણા

મહેસાણા બેઠક પરથી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ચૂંટણી લડવાના છે. ત્યારે કોંગ્રેસમાંથી ઉમેદવાર જીવાભાઇ પટેલને જાહેર કરતા રાજકારણમા માહોલ ગરમાયો છે. નીતિન પટેલે પોતાના હરિફ વિશે આકરા બોલ બોલ્યા હતા. જયાં નીતિન પટેલે કહ્યું કે, જીવાભાઇ પટેલને ભાજપમાં જોડાવવાનું હતું. જીવાભાઇએ ભાજપમાં જોડાવા મને ફોન કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, મહેસાણામાંથી જીવાભાઇ નીતિન પટેલના હરિફ છે. મહેસાણામાં ર બળિયાઓનો જબરજસ્ત મુકાબલો થશે. જીવાભાઈ પટેલ મહેસાણાના સાંસદ રહી ચુકયા છે. વર્ષ ૨૦૦૪ની લોકસભાની ચૂંટણીમાં જીવાભાઈએ નીતિન પટેલને હરાવ્યા હતા.

નોંધનીય છે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ગણતરીના દિવસો બાકી છે. ત્યારે કોંગ્રેસ મોવડીમંડળે જીવાભાઈ પટેલને મહેસાણા વિધાનસભા બેઠક પરથી મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે.

હાલમાં મહેસાણા બેઠક ભાજપ પાસે છે. ભાજપના દિગ્ગજ નેતા અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં આ બેઠક પરથી જીત્યા હતા. કોંગ્રેસે જીવાભાઈ પટેલને

ટિકિટ આપતાં મહેસાણા બેઠક પર બે પાટીદારો વચ્ચે જંગ જામશે. મહેસાણા પાટીદાર અનામત આંદોલનનું એપી સેન્ટર છે તેથી નીતિન પટેલ માટે આ બેઠક અઘરી હોવાનનું માનવામાં આવી રહ્યું છે.

## કડીના જેતપુરા પાસે દવાની કંપનીના ગોડાઉનમાં આગ ભભૂકતાં દોડધામ

કડી/થોળ

કડીના જેતપુરાની સીમમાં આવેલી દવાની કંપનીના સ્ક્રેપ વિભાગમાં શનિવારે રાત્રે અગમ્ય કારણોસર આગ ફાટી નીકળતાં કર્મચારીઓમાં દોડધામ મચી ગઇ હતી. કડી અને કલોલ ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી ત્રણ કલાકકે આગ પર કાબુ મેળવી લેતાં સંચાલકો અને તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. કડીના થોળ રોડ પર જેતપુરાની સીમમાં આવેલી હેસ્ટર બાયોસાયન્સીસ લીમીટેડ નામની દવાની કંપનીમાં શનિવારે રાત્રે સાત વાગે સ્ક્રેપના ગોડાઉનમાંથી ધુમાડા નીકળતાં જોઇ કર્મચારીઓએ તાત્કાલિક મેનેજર સહિતને જાણ કરી હતી.

આગે વિકરાળ રૂપ ધારણ કરતાં ગોડાઉન આગની લપેટમાં આવી ગયું હતું. છથી સાત ફાયર ફાયટરોની મદદથી ગોડાઉનમાં લાગેલી આગ ત્રણ કલાકની જહેમત બાદ કાબુમાં આવી હતી. આગની જાણ થતાં કડીના નાયબ મામલતદાર મંઝીલભાઈ પટેલ, નગરપાલિકા ફાયર સેફ્ટી ઓફિસર વિજય બારોટ, બાવલુ પોલીસ અધિકારીઓ દોડી આવ્યા હતા.

## મામાની ખબર કાઢવા નીકળેલ બાઈક પર સવાર ભાણીનું ડાલાની ટક્કરે મોત

હિંમતનગર

હિંમતનગર તાલુકાના રાયગઢ ગામમાં રહેતા મામાની ખબર જોવા પતિ સાથે નીકળેલ ભાણીને રૂપાલ ગામની સીમમાં મોત ભરખી જતા અરેરાટી વ્યાપી જવા પામી હતી. ગાંભોઇ પોલીસે પીકઅપ ડાલાના ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લાના રામપુર વડાગામના શૈલેશભાઇ સ/ઓ ભલસિંહ સોમસિંહ પરમાર તા. ૨૬/૧૧/૧૭ના રોજ તેમની પત્ની પાયલબેનને લઇને મિત્રના બાઇક ઉપર સવારે સાડા અગિયાર-બાર વાગ્યે નીકળ્યા હતા. પાયલબેનના મામા હિંમતનગર તાલુકાના રાયગઢ ગામે રહે છે અને તેમની ખબર કાઢવા બંને જણા જઇ રહ્યા હતા. અને બપોરે એકાદ વાગ્યાના સુમારે હિંમતનગર તાલુકાના રૂપાલ ગામની સીમમાં રૂપાલ પેઢમાલા રોડ ઉપર પાછળથી આવી રહેલ પીકઅપ ડાલા નં. જી.જે.૨૭એકસ૧૨૧ના ચાલકે બાઇક નં જી.જે.૯ પીએફ. ૬૫૮૯ને ટક્કર મારતાં શૈલેષભાઇ બાઇક સહિત નીચે પડ્યા હતા અને તેમને ઇજાઓ થઇ હતી. જ્યારે પાછળ બેઠલ પાયલબેન રોડ ઉપર ફંગોળાઇને પટકાતા તેમના માથામાં ગંભીર ઇજાઓ થઇ હતી

અને પીકઅપ ડાલુ પણ પલટી ખાઇ ગયું હતું. અકસ્માત થતા પીકઅપ ડાલાનો ચાલક ડાલુ મૂકીને ફરાર થઇ ગયો હતો. અકસ્માતને પગલે આજુબાજુના ખેતરોમાંથી દોડી આવેલ લોકોએ શૈલેષભાઇ અને પાયલબેન બંને જણાને ગાંભોઇ પીએસસીમાં સારવાર અર્થે લઇ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે પાયલબેન (ઉ.વ. ૨૦)ને મૃત્યુ પામેલ જાહેર કરી હતી. અકસ્માતના પગલે પંથકમાં અરેરાટી ફેલાઈ હતી. શૈલેષભાઇના પિતા ભલસિંહ સોમસિંહ પરમારની ફરિયાદને આધારે ગાંભોઇ પોલીસે પીકઅપ ડાલા નં.જી.જે.૨૭ એક્સ ૧૨૧ના ચાલક સામે ગુન્હો નોંધીને અકસ્માત સર્જનાર ચાલકને ઝડપી લેવા આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## સિદ્ધપુરમાં સેફ્ટીના સાધનો વગર ડીઝલ જથ્થો રાખતા ત્રણ શખસો સામે કાર્યવાહી

સિદ્ધપુર

સિદ્ધપુરપોલીસને મળેલી બાતમી આધારે સિદ્ધપુર ગંગોત્રી હોટલને પાછળ શ્રીજી ટ્રાન્સપોર્ટની પાછળ ડિઝલનો જથ્થો ઝડપાયો હતો. અંગે ત્રણ શખસો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

હકીકત એવી છે કે સિદ્ધપુર ગંગોત્રી હોટલને પાછળ ત્રણ શખસોએ તેમની ભોગવટાની જમીનમાં તેમના વાહનોમાં ડિઝલનો ઉપયોગ કરવા ડિઝલનો

કુલ-૭૨૦નો રાખી કોઇપણ સેફ્ટીના સાધનો વગર રાખી ડિઝલનો સ્ટોરેજ કરેલ જગ્યાની આજુબાજુમાં રહેતા માણસો તેમજ હાઈવે પસાર થતા વાહનો માટે જીંદગી જોખમમાં મુકાય તે રીતે બેદર-કારી ભર્યુ કૃત્ય કરતા શખસ પટેલ જગદીશભાઇ જોઇતારામ રહે.પુષ્પવાટી સિદ્ધપુર, ભાટ બાબુલાલ માંગલાલ રહે.સોનીવાણા અને પાલ પવનકુમાર કોમલભાઇ રહે.હરદાસપુરા તા.લાલગંજ સામે સિદ્ધપુર પોલીસ મથકે ગુન્હો નોંધાયો હતો.

## હાર્દિક પટેલના કારણે મને કોંગ્રેસે ટિકિટ ન આપી : કિરીટ પટેલ

(જી.એન.એસ) વિસનગર

કોંગ્રેસની યાદી જાહેર થયા બાદ વિસનગરના કિરીટ પટેલ રોષે ભરાયા છે. નારાજ કિરીટ પટેલે હાર્દિક પટેલ પર આક્ષેપ કરવાની સાથે હાર્દિક પટેલના ઘરની બહાર વિરોધ કર્યો હતો.

મોડી રાત્રે કિરીટ પટેલ અને તેમના સમર્થકો હાર્દિક પટેલના ઘરે પહોંચી ગયા હતા અને હાર્દિક વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરીને વિરોધ કર્યો હતો. કિરીટ પટેલે આક્ષેપ કર્યો છે કે, પહેલા તેમને કોગ્રેસમાંથી ટિકીટ મળવાની હતી, પરંતુ હવે મળી નથી.

તેમણે જણાવ્યું હતું કે, તેમને કોંગ્રેસ તરફથી હાર્દિક પટેલના કારણે ટિકીટ મળી નથી. તેમના બદલે કોંગ્રેસમાંથી મહેશ પટેલને ટિકીટ આપવામાં આવી છે. હાર્દિકે પૈસા લઇને મહેશ પટેલને ટિકિટ અપાવી હોવાનો આક્ષેપ કિરીટ પટેલે કર્યો છે.આ સાથે જ ચિમકી પણ આપી છે કે જો પક્ષ દ્વારા ઉમેદવાર બદલવાનો નિર્ણય નહીં લેવાય તો, સમર્થકો સહિત મોટી સંખ્યામાં રાજીનામા આપશે. આ સાથે જ તેમણે વિસનગરમાં પણ હાર્દિકના વિરોધમાં પ્રદર્શન કરવાનું એલાન કર્યુ છે.

